# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

09 APRIL, 2026 THURSDAY


પેજ 2  લોલમાં મહિલા હોમગાર્ડ પર હુમલો

પેજ 3  અમીર બાપના નબીરાની સ્પીડ મજા, મધ્યમવર્ગીય દીકરીની જિંદગી સજા

પેજ 7  જેતપુરમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડર કૌભાંડનો પર્દાફાશ

પેજ 5  દુર પાણીની જરમાં દેશી દારૂની ભઠ્ઠી પકડી પાડતી રાણાવાવ પોલીસ


I Pakkogujarat/ I VOL : 12 I Issue : 24 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


## ટ્રમ્પે કહ્યું- પાકિસ્તાનનાં PMની અપીલ બાદ 40મા દિવસે યુદ્ધ અટક્યું

# અમેરિકા-ઈરાન વચ્ચે 2 અઠવાડિયાનો યુદ્ધવિરામ

## હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોને સુરક્ષિત રસ્તો નહીં મળે તો તે તેની આખી સભ્યતા ખતમ કરી દેશે

• નવી દીલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે 40 દિવસથી ચાલી રહેલા યુદ્ધ પછી આખરે 2 અઠવાડિયાના યુદ્ધવિરામ પર સહમતિ બની ગઈ છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે આ નિર્ણય પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ અને આર્મી ચીફની અપીલ પછી લેવામાં આવ્યો.

યુદ્ધવિરામ પહેલાં ટ્રમ્પે ઈરાનને કડક ચેતવણી આપી હતી કે જો હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોને સુરક્ષિત રસ્તો નહીં મળે તો તે તેની આખી સભ્યતા ખતમ કરી દેશે. તેમણે મહત્ત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલાની પણ ધમકી આપી હતી.

ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, આ ડીલ પાકિસ્તાનની મધ્યસ્થી અને છેલ્લી ઘડીએ ચીનના હસ્તક્ષેપ પછી શક્ય બની. પાકિસ્તાને 2 અઠવાડિયાના યુદ્ધવિરામનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને ઈરાને સ્વીકારી લીધો.

સમજૂતી હેઠળ, અમેરિકા અને ઈઝરાયલ પોતાના હુમલા રોકશે. ઈરાન પણ હુમલા બંધ કરશે. આ દરમિયાન, હોર્મુઝ સ્ટ્રેટમાંથી તેલ, ગેસ અને અન્ય જહાજોની સુરક્ષિત અવરજવર ઈરાની




સેનાની મદદથી સુનિશ્ચિત કરવામાં આવશે. આ યુદ્ધવિરામ લેબનોન સહિત અન્ય વિસ્તારો પર પણ લાગુ પડશે. ત્યારબાદ 10 એપ્રિલે અમેરિકા અને ઈરાન વચ્ચે પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં ઔપચારિક વાતચીત શરૂ થશે.

અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા યુદ્ધવિરામ બાદ ઈઝરાયલમાં રાજકીય નિવેદનબાજી તેજ બની ગઈ છે. વિપક્ષી નેતા યાયર લેપિડે વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ પર મોટો હુમલો કર્યો છે.

લેપિડે કહ્યું કે આ ઈઝરાયલના ઈતિહાસની સૌથી મોટી રાજકીય આપત્તિ છે. તેમણે આરોપ લગાવ્યો કે રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત મહત્વપૂર્ણ નિર્ણયોમાં ઈઝરાયલને સામેલ જ કરવામાં આવ્યું ન હતું. તેમણે કહ્યું કે સેનાએ પોતાનું કામ સંપૂર્ણપણે કર્યું અને જનતાએ પણ મજબૂતી બતાવી, પરંતુ નેતન્યાહુ રાજકીય અને વ્યૂહાત્મક બંને સ્તરે નિષ્ફળ રહ્યા.

લેપિડે એમ પણ કહ્યું કે નેતન્યાહુ તેમના કોઈપણ નિર્ધારિત લક્ષ્યને પ્રાપ્ત કરી શક્યા નથી અને તેમના નિર્ણયોથી થયેલા નુકસાનની ભરપાઈ કરવામાં દેશને ઘણા વર્ષો લાગશે. તેમણે આરોપ લગાવ્યો કે આ સ્થિતિ નેતન્યાહુના અહંકાર, બેદરકારી અને વ્યૂહાત્મક યોજનાના અભાવનું પરિણામ છે. અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા યુદ્ધવિરામ બાદ એક મહત્વપૂર્ણ ખુલાસો સામે આવ્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈરાનના 10 પોઈન્ટ પીસ પ્લાનના ફારસી અને અંગ્રેજી વર્ઝનમાં તફાવત જોવા મળ્યો છે. ફારસી સંસ્કરણમાં ઈરાનના યુરેનિયમ સંવર્ધનને સ્વીકારવાની શરત શામેલ છે, પરંતુ તે અંગ્રેજી સંસ્કરણમાં નથી. જોકે, આ તફાવત શા માટે છે તે સ્પષ્ટ નથી. યુદ્ધવિરામ પછી ઈરાની સરકારી મીડિયાએ દાવો કર્યો કે અમેરિકાએ તેના 10 મુદ્દાના પ્રસ્તાવને સ્વીકારી લીધો છે, પરંતુ વોશિંગ્ટન તરફથી તેની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

ઈરાને પણ 2 અઠવાડિયાના યુદ્ધવિરામની પુષ્ટિ કરતા કહ્યું કે આ દરમિયાન હોર્મુઝ સ્ટ્રેટ જહાજોની અવરજવર માટે ખુલ્લો રહેશે અને હુમલાઓ અટકવા પર તે પોતાની રક્ષણાત્મક કાર્યવાહી બંધ કરશે. નિષ્ણાતોનું માનવું છે કે જો અમેરિકા ઈરાનના યુરેનિયમ સંવર્ધનને સ્વીકારે છે, તો તે અસામાન્ય હશે, કારણ કે ટ્રમ્પ પહેલાથી જ ઈરાનના પરમાણુ કાર્યક્રમને સંપૂર્ણપણે સમાપ્ત કરવાની વાત કહી ચૂક્યા છે. ઈરાનમાં યુદ્ધવિરામ વચ્ચે ભારત સરકારે ત્યાં રહેતા ભારતીય નાગરિકો માટે એડવાઈઝરી જાહેર કરી છે. તેહરાનમાં ભારતીય દૂતાવાસે નાગરિકોને શક્ય તેટલી વહેલી તકે ઈરાન છોડવાની અપીલ કરી છે.

દૂતાવાસે કહ્યું છે કે તમામ ભારતીય નાગરિકો નિર્ધારિત રૂટ્સનો ઉપયોગ કરીને સુરક્ષિત રીતે દેશમાંથી બહાર નીકળે. સાથે જ ચેતવણી આપવામાં આવી છે કે દૂતાવાસનો સંપર્ક કર્યા વિના કોઈ પણ વ્યક્તિ કોઈ આંતરરાષ્ટ્રીય સરહદ તરફ ન જાય.

આપત્તિની સ્થિતિમાં નાગરિકો દૂતાવાસ દ્વારા જાહેર કરાયેલા મોબાઈલ નંબર અથવા ઈમેઈલ દ્વારા સંપર્ક કરી શકે છે. જર્મની અને યુક્રેને અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા 2 અઠવાડિયાના યુદ્ધવિરામનું સ્વાગત કર્યું છે. જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝે કહ્યું કે આવનારા દિવસોમાં રાજદ્વારી પ્રયાસો દ્વારા યુદ્ધનો કાયમી અંત થવો જોઈએ.

## યુદ્ધ વિરામની માર્કેટ પર જબરદસ્ત અસર ક્રૂડ ઓઈલના ભાવ એક ઝાટકે ઘટ્યા

### સેન્સેક્સ 73,563 પર બંધ, સોનું 4 હજાર વધીને 1.53 લાખ

• નવી દીલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે 15 દિવસનો યુદ્ધ વિરામ થતાં જ દુનિયાભરની માર્કેટમાં તેજીનો પવન ફૂંકાયો છે. ક્રૂડ ઓઈલમાં બેરલનો ભાવ 109 ડોલર પહોંચી ગયો હતો તે સડસડાટ ઘટીને 94 ડોલર થઈ ગયો છે. તો બીજી તરફ ઉઘડતી બજારે સોના-ચાંદીમાં તેજી જોવા મળી રહી છે. દિવસ પૂરો થતાં સેન્સેક્સ 2946 પોઈન્ટ (3.95%) વધીને 77,563 પર બંધ થયો. નિફ્ટી પણ 874 પોઈન્ટ (3.78%) ઉપર રહ્યો, જે 23,997 પર બંધ થયો. સોનામાં 4 હજાર અને ચાંદીમાં 13 હજારનો વધારો થયો હતો. આજે ઓટો, રિયલ્ટી અને બેન્કિંગ શેરોમાં વધુ ખરીદી જોવા મળી. નિફ્ટીના ઓટો, બેન્કિંગ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને રિયલ્ટી ઈન્ડેક્સ 5% ઉપર બંધ થયા. બુધવારે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર હુમલામાં બે અઠવાડિયાના વિરામની જાહેરાત કર્યા પછી બ્રેન્ટ ક્રૂડ $109.77 થી ઘટીને $ 95.068 પ્રતિ બેરલ પર ઝડપથી ઘટી ગયું. આ જાહેરાત પછી યુએસ વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ (WTI) ક્રૂડ પણ લગભગ $ 20



પ્રતિ બેરલ ઘટ્યું. આ વિરામ હોર્મુઝ સ્ટ્રેટના તાત્કાલિક ફરીથી ખોલવા સાથે જોડાયેલો છે, જે એક સાંકડો જળમાર્ગ છે અહીંથી જ ઓઈલ અને ગેસની ગ્લોબલ સપ્લાય ચેઈન છે. ઉઘડતી બજારોમાં આવી અસર જોવા મળી - ઓઈલના ભાવ ઘટ્યા, બોન્ડ વધ્યા અને યુએસ શેરોમાં ઉછાળો આવ્યો. રોકાણકારો યુદ્ધવિરામને એક સંકેત તરીકે જુએ છે કે અઠવાડિયાના વિક્ષેપ પછી ઓઈલ સપ્લાય ફરીથી સામાન્ય રીતે શરૂ થઈ શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### ભાજપનો આરોપ- કોલકત્તા રેપ મર્ડરની પીડિતાની મા સાથે દુર્વ્યવહાર:પ્રચાર દરમિયાન હુમલાની કોશિશ

પશ્ચિમ બંગાળના પાનિહાટી મતવિસ્તારના ભાજપના ઉમેદવાર રત્ના દેબનાથે બુધવારે દુર્વ્યવહારનો આરોપ લગાવ્યો હતો. તે કોલકાતા બળાત્કાર-હત્યા પીડિતાની માતા છે. તેમણે કહ્યું કે પ્રચાર દરમિયાન ટીએમસીના ગુંડાઓએ તેમના પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. મને ગંભીર ઈજા થઈ નથી, પરંતુ મારી સાથે રહેલા કાર્યકરો ઘાયલ થયા હતા. ભાજપનો આરોપ છે કે કેટલીક મહિલાઓએ 'જય બાંગ્લા' ના નારા લગાવતા વિરોધ કરવાનું શરૂ કર્યું હતું અને કેટલાક કાર્યકરો પર હુમલો કરવામાં આવ્યો હતો. જોકે, તૃણમૂલ કોંગ્રેસે તમામ આરોપોને નકારી કાઢ્યા છે. દરમિયાન, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ભવાનીપુર વિધાનસભા બેઠક પરથી પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું હતું. ભાજપે આ મતવિસ્તારમાંથી સુવેન્દુ અધિકારીને ઉમેદવાર બનાવ્યા છે.

### ખેડૂતો માટે ખાતર સબસિડી 4,317 કરોડ વધી:1,350માં જ મળશે DAP બેગ; 40 હજાર કરોડના બે હાઇડ્રોપાવર પ્રોજેક્ટ મંજૂર

નવી દિલ્હી : કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આજે એટલે કે 8 એપ્રિલે 1.74 લાખ કરોડના પ્રોજેક્ટ્સ અને પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયોમાં કૃષિ, ઊર્જા અને શહેરી પરિવહનનો સમાવેશ થાય છે. કેબિનેટે ખરીફ સીઝન 2026 માટે NBS સ્કીમને મંજૂરી આપી છે. સરકાર ફોસ્ફેટિક અને પોટાશ ખાતરો પર લગભગ 41,533 કરોડ રૂપિયા ખર્ચ કરશે. આ ગયા વર્ષના બજેટ કરતાં લગભગ 4,317 કરોડ વધુ છે. નવા દરો 1 એપ્રિલથી 30 સપ્ટેમ્બર સુધી લાગુ રહેશે. સરકારના આ નિર્ણયનો હેતુ આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા માલની કિંમતોમાં થતી વધઘટથી ખેડૂતોને બચાવવાનો છે. કોરોના પછી DAPની કિંમતો ઝડપથી વધી છે, પરંતુ સરકારે ખેડૂતો માટે છૂટક કિંમતને 1,350 પ્રતિ 50 કિલો બેગ પર સ્થિર રાખી છે. સરકારે HPCL રાજસ્થાન રિફાઈનરી પ્રોજેક્ટ માટે સુધારેલી કિંમતને મંજૂરી આપી દીધી છે. હવે આ પ્રોજેક્ટ પર 79,459 કરોડ ખર્ચ થશે.

### TMCનો આરોપ- ચૂંટણી પંચે 5 મિનિટમાં ભગાડ્યા:SIR પર વાંધો ઉઠાવવા ગયા હતા; ECએ કહ્યું- આ વખતે બંગાળમાં ચૂંટણી ભયમુક્ત થશે

પશ્ચિમ બંગાળ ચૂંટણીને લઈને તૃણમૂલ કોંગ્રેસ (TMC) અને ચૂંટણી પંચ આમને-સામને આવી ગયા છે. સાંસદ ડેરેક ઓ'બ્રાયનના નેતૃત્વમાં TMCનું પ્રતિનિધિમંડળ બુધવારે સવારે દિલ્હીમાં ચૂંટણી પંચને મળવા પહોંચ્યું. ડેરેકે કહ્યું કે અમે SIRના મુદ્દે સમય માંગ્યો હતો, પરંતુ મીટિંગ દરમિયાન અમારી સાથે ખરાબ વર્તન કરવામાં આવ્યું. મુખ્ય ચૂંટણી કમિશનર (CEC)એ અમને માત્ર 5 મિનિટમાં ભગાડી દીધા. ડેરેક ઓ'બ્રાયને પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે બેઠક સવારે 10:02 વાગ્યે શરૂ થઈ અને 10:07 વાગ્યે પૂરી થઈ ગઈ. ચૂંટણી પંચના સૂત્રોનું કહેવું છે કે ડેરેક ઓ'બ્રાયને CECને બોલતા રોક્યા અને ધમકી આપી. તેઓ કોઈ વાત સાંભળી જ રહ્યા ન હતા. બીજી તરફ, વિપક્ષી ગઠબંધન 'INDIA' બ્લોકે આજે સાંજે 4.45 વાગ્યે આ મુદ્દે પ્રેસ કોન્ફરન્સની જાહેરાત કરી છે.

## દિવાળી પહેલા MPમાં UCC લાગુ કરવાની તૈયારી:મુખ્યમંત્રીએ કેબિનેટમાં સંકેત આપ્યા

• ભોપાલ

ડૉ. મોહન યાદવ સરકાર મધ્ય પ્રદેશમાં સમાન નાગરિક સંહિતા (યુસીસી) લાગુ કરવાની તૈયારી કરી રહી છે. મંગળવારે કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે મંત્રીઓને કહ્યું કે યુસીસીનો અભ્યાસ કરે, તેને રાજ્યમાં લાગુ કરવાનું છે. આ સંકેત પછી ગૃહ વિભાગમાં પ્રક્રિયા ઝડપી બની ગઈ છે, કારણ કે યુસીસી બિલ તૈયાર કરવાની જવાબદારી આ જ વિભાગની છે. સૂત્રો અનુસાર, ટૂંક સમયમાં રાજ્ય સ્તરે એક ઉચ્ચ સ્તરીય સમિતિ બનાવવામાં આવશે. આ જ વર્ષે દિવાળી પહેલા રાજ્યમાં યુસીસી લાગુ



કરી શકાય છે. સૂત્રો જણાવે છે કે સમાન નાગરિક સંહિતાનો ડ્રાફ્ટ તૈયાર કરતા પહેલા ગોવા અને ઉત્તરાખંડમાં થોડા સમય પહેલા લાગુ કરાયેલા યુસીસીનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. જેથી મધ્ય પ્રદેશ માટે વ્યવહારુ અને સંતુલિત મોડેલ તૈયાર કરી શકાય.

### 8 વર્ષની લડત બાદ ઈન્દોર ફેમિલી કોર્ટનો ચૂકાદો

## આસારામના પુત્રના નારાયણ સાંઈના છૂટાછેડા:રેપ કેસમાં સુરત જેલમાં બંધ

• ઈન્દોર

મધ્યપ્રદેશના ઈન્દોરમાં ફેમિલી કોર્ટે નારાયણ સાંઈ અને તેમની પત્ની જાનકી વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા વૈવાહિક વિવાદમાં છૂટાછેડાને મંજૂરી આપી દીધી છે. કોર્ટે નારાયણ સાંઈને પત્નીને 2 કરોડ રૂપિયા કાયમી ભરણપોષણ (એલ્યુમની) આપવાનો આદેશ આપ્યો છે. આ મામલો લગભગ આઠ વર્ષ સુધી કોર્ટમાં ચાલ્યો. કોર્ટે 2 એપ્રિલે ચુકાદો સુરક્ષિત રાખ્યા બાદ આદેશ પસાર કર્યો હતો, જેની જાણકારી મંગળવારે પીડિતાના વકીલ અનુરાગ ગોયલે આપી. જણાવી દઈએ કે નારાયણ સાંઈ હાલમાં દુષ્કર્મના એક કેસમાં સુરત જેલમાં બંધ છે. 24 માર્ચે જ તેને ઈન્દોરની ફેમિલી કોર્ટમાં હાજર કરવા માટે લાવવામાં આવ્યો હતો. અરજી મુજબ, જાનકી અને નારાયણ સાંઈના લગ્ન 2008માં થયા હતા, પરંતુ 2013થી બંને અલગ રહી રહ્યા છે. પત્નીએ પતિ પર ત્યાગનો આરોપ લગાવ્યો અને કહ્યું કે લાંબા સમયથી તેમના વચ્ચે વૈવાહિક સંબંધો નથી. અરજીમાં નારાયણ સાંઈ પર અન્ય મહિલાઓ સાથે સંબંધ હોવાના આરોપો લગાવવામાં આવ્યા હતા.


### પાકિસ્તાની શેરબજારમાં ઇતિહાસનો સૌથી મોટો ઉછાળો

## પાકિસ્તાની શેરબજાર અમેરિકા-ઈરાન યુદ્ધવિરામ પછી માર્કેટ 14000 પોઈન્ટ વધ્યું

• નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે 2 અઠવાડિયાના યુદ્ધવિરામની જાહેરાત પછી આજે (8 એપ્રિલ, બુધવાર) પાકિસ્તાનના શેરબજારમાં 14,000 પોઈન્ટનો રેકોર્ડ ઉછાળો આવ્યો. કરાચી સ્ટોક એક્સચેન્જનો બેન્ચમાર્ક ઈન્ડેક્સ કરાચી 100 (KSE) 14,162.58 પોઈન્ટ એટલે કે 9.34% વધીને 165,836.05 પર બંધ થયો.

આ KSE-100 ઈન્ડેક્સના ઈતિહાસમાં એક દિવસનો સૌથી મોટો ઉછાળો માનવામાં આવી રહ્યો છે. આ પહેલા કરાચી સ્ટોક એક્સચેન્જમાં આટલો મોટો ઉછાળો ક્યારેય જોવા




મળ્યો ન હતો. આ ઉછાળા પછી નિયમો હેઠળ ટ્રેડિંગ અસ્થાયી રૂપે રોકી દેવામાં આવ્યું હતું. અમેરિકા અને ઈરાન વચ્ચે 40 દિવસથી ચાલી રહેલા યુદ્ધ પર 2 અઠવાડિયા માટે વિરામ લાગી ગયો છે. બંને દેશોએ પાકિસ્તાન-ચીનની મધ્યસ્થી પછી આ યુદ્ધવિરામ પર સહમતિ દર્શાવી છે. સમજૂતી હેઠળ અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન એકબીજા પર હુમલા રોકશે, સાથે જ ઈરાની સેનાની મદદથી હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોની સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરવામાં આવશે.

## પાકિસ્તાની PMએ X પર મૂકેલો મેસેજ કોપી-પેસ્ટ, વોર સીઝફાયરની સ્ક્રીપ્ટ ટ્રમ્પે લખી કે જિનપિંગે?

### પોસ્ટમાં તેમણે ઈરાનને હોર્મુઝને ફરીથી ખોલવા વિનંતી પણ કરી હતી

• નવી દીલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવ વચ્ચે પોતાને 'ચૌધરી' બતાવવાનો પ્રયાસ કરી રહેલા પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફની મૂર્ખામીનો ભાંડો ફરી એકવાર ફૂટી ગયો છે. શાહબાઝ શરીફની એક ઓનલાઈન પોસ્ટ સામે આવી છે, જેનાથી ઈરાન સંકટમાં પાકિસ્તાનની ભૂમિકા પર સવાલો ઉઠી રહ્યા છે. આ શાહબાઝની X પરની એક પોસ્ટ પછી થયું, જેને તાત્કાલિક એડિટ કરવામાં આવી હતી. પરંતુ આ એડિટે લોકોનું ધ્યાન ઝડપથી ખેંચ્યું અને હવે તેને લઈને પાકિસ્તાનના વડાપ્રધાનની મજાક ઉડી રહી છે. શરીફે મંગળવારે ટ્રમ્પના યુદ્ધવિરામની જાહેરાત પહેલા X પર એક પોસ્ટ કરી હતી. પાકિસ્તાનના વડાપ્રધાને તેમાં ટ્રમ્પને ઈરાન પરના તેમના હુમલાની સમયમર્યાદા વધારવા અને રાજદ્વારી વાટાઘાટોને તક આપવા અપીલ કરી હતી. શરીફે લખ્યું, રાજદ્વારીને પોતાનો માર્ગ નક્કી કરવા દેવા માટે, હું રાષ્ટ્રપતિ ટ્રમ્પને સમયમર્યાદા બે અઠવાડિયા માટે વધારવા નમ્ર વિનંતી કરું છું. આ જ પોસ્ટમાં તેમણે ઈરાનને હોર્મુઝને ફરીથી ખોલવા વિનંતી પણ કરી હતી. પરંતુ ટૂંક સમયમાં જ યુઝર્સનું ધ્યાન પાકિસ્તાની વડા પ્રધાનની પોસ્ટની એડિટ હિસ્ટ્રી પર ગયું, જેના પરથી જાણવા મળ્યું કે તેમની આ પોસ્ટ કોઈ બીજાએ તૈયાર કરી હતી. આ પોસ્ટમાં અમેરિકાની મહત્વની હસ્તીઓને ટેગ કરવામાં આવી હતી, જેમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પ, ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ, મિડલ ઈસ્ટના વિશેષ અમેરિકી દૂત સ્ટીવ વિટકૉફ અને વિદેશ મંત્રી માર્કો રુબિયોનો સમાવેશ થતો હતો. રસપ્રદ વાત એ છે.

### મમતા બેનર્જીએ ભવાનીપુરથી નામાંકન ભર્યું:ભાજપના સુવેન્દુ અધિકારી અહીંથી ઉમેદવાર

• તિરુવનંતપુરમ

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ભવાનીપુર વિધાનસભા બેઠક પરથી પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું. ભાજપે આ બેઠક પરથી સુવેન્દુ અધિકારીને ઉમેદવાર બનાવ્યા છે. તેઓ વિરોધ પક્ષના નેતા પણ છે.

સુવેન્દુએ 2 એપ્રિલે પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું હતું. ચૂંટણી દરમિયાન ગૃહમંત્રી અમિત શાહ તેમની સાથે હાજર હતા. ભવાનીપુર ઉપરાંત, મમતા અને સુવેન્દુ નંદીગ્રામમાં પણ આમને-સામને છે, જ્યાં તેમણે 2021માં મમતાને હરાવ્યા હતા. આ દરમિયાન, તમિલનાડુના મુખ્યમંત્રી સ્ટાલિન આજે કરુર અને ઈરોડમાં ચૂંટણી રેલીઓ કરશે. 9 એપ્રિલે આસામ, કેરળ અને પુડુચેરીમાં એક જ તબક્કામાં મતદાન છે. તેથી, ત્રણેય રાજ્યોમાં પ્રચાર મંગળવારે સાંજે 5 વાગ્યે સમાપ્ત થયો. 7 એપ્રિલના રોજ ચૂંટણી પંચે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી પશ્ચિમ બંગાળ માટે અંતિમ યાદી જાહેર કરી. કુલ 90 લાખ 83 હજાર નામો દૂર કરવામાં આવ્યા હતા, જે રાજ્યના કુલ મતદારોના 11.85% છે. ગયા વર્ષે નવેમ્બરમાં પ્રક્રિયા શરૂ થયા પછી, 28 ફેબ્રુઆરીએ જાહેર કરાયેલી યાદીમાંથી 6 લાખ 33 હજાર નામો દૂર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ 6 લાખ 6 હજાર મતદારોને "સ્ક્રુટિની હેઠળ" કેટેગરીમાં મૂકવામાં આવ્યા હતા. ચકાસણી પછી આ 6 લાખ 6 હજાર 2 લાખ 71 હજાર વધુ નામો દૂર કરવામાં આવ્યા છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ઓલપાડ પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહી.ગુનાનો કાંઠા નાં લવાછા ગામનો વોન્ટેડ બુટલેગર ઝડપાયો

## પોલીસે છેલ્લા બે માસથી પ્રોહી.ગુનામાં નાસતા-ફરતા વોન્ટેડ આરોપીને લવાછા ગામના બસ સ્ટેન્ડ પાસેથી દબોચી લીધો

• ઓલપાડ,તા.૦૮

ઓલપાડ પોલીસ મથકનાં પ્રોહી. ગુનામાં વોન્ટેડ જાહેર થતા પોલીસ પકડથી બચવા છેલ્લા બે માસથી નાસતા-ફરતા આરોપી બુટલેગરને પોલીસે લવાછા ગામના બસ સ્ટેન્ડ પાસેથી દબોચી જેલનાં સળિયા પાછળ ધકેલી દીધો છે.

બુધવાર,તા.૦૮ નાં રોજ ઓલપાડ પોલીસ મથકનો સર્વેલન્સ સ્ટાફ તાલુકાનાં કાંઠા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો,તે દરમ્યાન અ.હે.કો.જગદીશ ઠાકોર તથા અ.હે.કો.મુકેશ જેરામને સંયુકતબાતમી મળી હતી કે,ઓલપાડ પો.સ્ટે. માં છેલ્લા બે માસ પૂર્વે સને-૨૦૨૬ માં

નોંધાયેલ પ્રોહી. ગુનાનો વોન્ટેડ આરોપી સંજય જીવણ પટેલ હાલમાં લવાછા ગામમાં બસ સ્ટેન્ડ પાસે ઉભો છે.જે બાતમીનાં પગલે પોલીસ સ્ટાફે બાતમી સ્થળે છાપો મારી આરોપી સંજય ઉર્ફે લાલુ જીવણ પટેલ (ઉ.વ.૩૬)રહે:

નરસંગ ફળિયું, લવાછા ગામ,તા. ઓલપાડને દબોચી લીધો હતો.પોલીસે ઝડપાયેલ બુટલેગર નાં ગુનાહિત ઈતિહાસ સહિત આ ગુના મામલે કડક પૂછપરછ કરતા તેણે આ ગુનાની કબુલાત કરી હતી અને પોલીસને કહ્યું હતું કે તેના વિરૂધ્ધ ઓલપાડ પો.સ્ટે. સને:૨૦૧૪ તથા ૨૦૧૮ ની સાલમાં બે પ્રોહી.ગુનાઓ, જયારે વલસાડ જિલ્લાનાં પારડી પો.સ્ટે. માં સને:૨૦૨૪ માં એમ.વી.એકટ-

૧૮૫ તથા પ્રોહી. કલમો હેઠળ એક ગુનો નોંધાયેલ છે.

જેથી પોલીસે આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી જેલ હવાલાતમાં પુરી દીધો હતો.

# ચૂંટણી ટાણે કોંગ્રેસને ઝટકો : જમીન કૌભાંડમાં અમદાવાદના પૂર્વ કોર્પોરેટર તસ્લીમ આલમની ધરપકડ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે અમદાવાદમાં કોંગ્રેસ પક્ષને મોટો રાજકીય ફટકો પડ્યો છે. બહેરામપુરા વોર્ડના પૂર્વ કોર્પોરેટર અને કોંગ્રેસના કદાવર નેતા તસ્લીમ આલમ તિરમિઝીની જમીન વિવાદના એક ગંભીર કેસમાં ધરપકડ કરવામાં આવી છે. આ કાર્યવાહીને પગલે શહેરના રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચાઓ જાગી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, તસ્લીમ આલમ તિરમિઝી સામે ખેડા જિલ્લાના કપડવંજમાં જમીન સંબંધી ગેરરીતિ આચરવાનો આરોપ છે. તેમના પર આરોપ છે કે તેમણે જમીન પચાવી પાડવા અથવા હડપ કરવાના હેતુથી એક ખોટા ખેડૂતનું પેઢીનામું તૈયાર કરાવ્યું હતું. આ છેતરપિંડીના આધારે તેમની સામે કાયદેસરની ફરિયાદ નોંધાઈ હતી, જેના પગલે પોલીસ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી છે.ચૂંટણીના બરાબર ટાણે જ કોંગ્રેસના એક જાણીતા ચહેરા અને પૂર્વ કોર્પોરેટરની ધરપકડ થતા વિરોધ પક્ષોને નવું હથિયાર મળ્યું છે. બહેરામપુરા અને આસપાસના વિસ્તારોમાં તસ્લીમ આલમનું સારું વર્ચસ્વ માનવામાં આવે છે.

વળતર

### એસિડ એટેકના ગુનામાં પ્રથમવાર સજા

# કલોલમાં મહિલા હોમગાર્ડ પર હુમલો કરનાર રિક્ષા ચાલકને 15 વર્ષની સખત કેદ સાથે એક લાખનો દંડ, પીડિતાને 2 લાખનું વળતર

## કલોલના ચોથા એડિશનલ સેશન્સ જજ બી.આર. રાજપુતે ચુકાદાની શરૂઆત એક સંસ્કૃત શ્લોકથી કરીને સમાજમાં કાયદો અને વ્યવસ્થાનું મહત્વ સમજાવ્યું

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના છત્રાલ બ્રિજ નીચે ટ્રાફિક નિયમન કરતી મહિલા હોમગાર્ડ પર એસિડ ફેંકી જીવલેણ હુમલો કરનાર આરોપી અશોક રમેશભાઈ રાવતને કલોલની સેશન્સ કોર્ટે 15 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. ગાંધીનગર જિલ્લામાં એસિડ એટેકના કેસમાં આ પ્રકારની સજાનો આ પ્રથમ ઐતિહાસિક ચુકાદો છે. કલોલના ચોથા એડિશનલ સેશન્સ જજ બી.આર. રાજપુતે ચુકાદાની શરૂઆત એક સંસ્કૃત શ્લોકથી કરીને સમાજમાં કાયદો અને વ્યવસ્થાનું મહત્વ સમજાવ્યું હતું.

રિક્ષા ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે ઉભી રાખી હતી આ ચકચારી કેસની વિગતો મુજબ, ગત તા.18 જુલાઈ 2025ના રોજ છત્રાલ ઓવરબ્રિજ નીચે ટ્રાફિક પોઈન્ટ પર ચાર મહિલા હોમગાર્ડ અને એક પુરુષ હોમગાર્ડ ફરજ પર હાજર હતા. આ દરમિયાન આરોપી રિક્ષા ચાલક અશોકભાઈ રમેશભાઈ રાવતે (રહે. રામજી મંદિર વાળો ઢાળ, કલોલ) પોતાની રિક્ષા ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે ઉભી રાખી હતી. આથી ફરજ પર હાજર મહિલા હોમગાર્ડ



ભાવનાબેન પરમારે તેને રિક્ષા ખસેડવાનું કહેતા રિક્ષા ચાલક ઉશ્કેરાઈ ગયો હતો અને બોલાચાલી કરી ત્યાંથી જતો રહ્યો હતો.

અડધો કલાક પછી એસિડની બોટલ લઈને આવી હુમલો કર્યો બાદમાં આ સામાન્ય ઠપકાની અદાવત રાખીને આરોપી અડધા કલાક બાદ એસિડની બોટલ સાથે પરત આવ્યો હતો. તેણે કઈ પણ સમજ્યા વગર ફરજ પરની મહિલા જવાન પર એસિડની પિચકારી મારી હુમલો કર્યો હતો. આ ભયાનક હુમલામાં ભાવનાબેનને પીઠ અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે અન્ય મહિલા કર્મચારીઓ પર પણ એસિડના છાંટા પડ્યા હતા. આ હુમલાના પગલે ઈજાગ્રસ્તને સારવાર માટે તુરંત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ મામલે કલોલ તાલુકા પોલીસ મથકના તત્કાલીન પોલીસ ઈન્સ્પેક્ટર યુ.એસ. પટેલ દ્વારા આ કેસની સચોટ તપાસ કરી કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરાઈ હતી.

એસિડ એટેક એ માત્ર શારીરિક નહીં પણ માનસિક પીડા આપતો ગુનો આ ચકચારી કેસની સુનાવણી કલોલ કોર્ટમાં ચાલી રહી હતી. કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ જીગ્નેશ એચ. જોષીએ દલીલ કરી હતી કે એસિડ એટેક એ માત્ર શારીરિક નહીં પણ માનસિક પીડા આપતો ગુનો છે. કોર્ટે આ અવલોકનને માન્ય રાખતા નોંધ્યું હતું કે, આ હુમલો માત્ર એસિડ એટેક નથી પણ રાજ્યની સુરક્ષા ઉપર આક્રમણ છે. જો આવા આરોપીઓને કડક સજા ન કરવામાં આવે તો રાજ્ય સેવકોનું મનોબળ તૂટી શકે છે.

દોષિતને 15 વર્ષની સખત કેદની સજા અને કુલ 1 લાખનો દંડ ફટકારવાનો હુકમ આ દલીલો અને પુરાવાઓને ગ્રાહ્ય રાખીને કોર્ટે અવલોકન કર્યું હતું કે, મહિલા સુરક્ષાકર્મી પર કરવામાં આવેલો આ હુમલો અત્યંત નિર્દયી અને ગંભીર છે. ગુનાની ગંભીરતાને ધ્યાને રાખીને કોર્ટે આરોપી અશોક રાવતને દોષિત જાહેર કરી 15 વર્ષની સખત કેદની સજા અને કુલ 1 લાખનો દંડ ફટકારવાનો હુકમ કર્યો છે. જ્યારે એસિડ હુમલાનો ભોગ બનનારને 2 લાખનું વળતર ચૂકવવા પણ હુકમ કર્યો છે.

### ડૉ. તુષાર ચૌધરીએ કોંગ્રેસ પક્ષમાં વિધિવત રીતે જોડાઈ રહેલા તમામનું સ્વાગત કર્યું છે

# ભાજપના ભ્રષ્ટ શાસન અને આદિવાસી વિરોધી નીતિઓથી કંટાળી દાહોદ જિલ્લા ભાજપના દિગ્ગજ આગેવાનો વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાયા

કોંગ્રેસમાં જોડાયા

## અવગણનાથી કંટાળીને, સમાજના પ્રશ્નોના ઉકેલ માટે અમે કોંગ્રેસની વિચારધારાનો સાથ સ્વીકાર્યો છે

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ શ્રી વિજયભાઈ દવે, મીડિયા કન્વીનર ડો. મનીષ દોશી તથા કો-કન્વીનર શ્રી હેમાંગ રાવલ તથા ગુજરાત યુવક કોંગ્રેસના ઉપ પ્રમુખ શ્રી હર્ષદ નિનામાની ઉપસ્થિતિમાં આજે ભાજપના અગ્રણીઓએ વિધિવત રીતે કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સન્માનનીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ ચાવડા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ કોંગ્રેસ પક્ષમાં વિધિવત રીતે જોડાઈ રહેલા તમામનું સ્વાગત કર્યું છે અને તેમને અભિનંદન પાઠવ્યા છે.

ભાજપની આદિવાસી વિરોધી નીતિ સામે અવાજ ઉઠાવવા આજે દાહોદ જિલ્લાના દિગ્ગજ આગેવાનો





* શ્રી મહેશભાઈ કુબાભાઈ મછાર: જિલ્લા પંચાયત સભ્ય (ચાકલીયા), પૂર્વ મહામંત્રી (ઝાલોદ તાલુકા ભાજપ) અને દાહોદ જિલ્લા ભાજપ શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન.

* શ્રી જયંતિભાઈ વીરસીભાઈ અંડ: પૂર્વ સરપંચ, ઘોડીયા.

* શ્રી મોહનભાઈ ડામોર અને શ્રી દિનેશભાઈ નિનામા: ભાજપના સક્રિય આગેવાનો આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે કોંગ્રેસ પક્ષની વિચારધારા સાથે વિધિવત જોડાયા હતા.

શ્રી મહેશભાઈ મછારે જણાવ્યું હતું કે, ભાજપના મંત્રીઓ અને ધારાસભ્યો દ્વારા આચરવામાં આવતા ભ્રષ્ટાચાર અને આદિવાસી સમાજની અવગણનાથી કંટાળીને, સમાજના પ્રશ્નોના ઉકેલ માટે અમે કોંગ્રેસની વિચારધારાનો સાથ સ્વીકાર્યો છે.

આ પ્રસંગે ભાજપનો સાથ છોડીને કોંગ્રેસ પક્ષમાં જોડાયેલા આગેવાનશ્રીઓને આવકારતા મીડિયા કન્વીનર ડૉ. મનીષ દોશીએ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, સતત પ્રજાલક્ષી કાર્યક્રમો અને લોકો સાથેના જીવંત જનસંપર્કના કારણે આજે સમગ્ર રાજ્યમાંથી કોંગ્રેસ પક્ષને લોકોના આશીર્વાદ મળી રહ્યા છે. બીજી તરફ, ભારતીય જનતા પાર્ટીના ભ્રષ્ટ શાસનના પાપે ગુજરાત અને ગુજરાતીઓ સતત લૂંટાઈ રહ્યા છે. ખાસ કરીને અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી પટ્ટામાં ભાજપના એક પછી એક કાંડ અને કૌભાંડો ખુલી રહ્યા છે. છોટા ઉદેપુરની નકલી કચેરી હોય કે દાહોદમાં ટ્રાઈબલ સબ-પ્લાનના નાણાં બારોબાર સગેવગે કરવાનું પાપ હોય, ભાજપના મંત્રીઓ અને સંત્રીઓએ લૂંટનો કારોબાર ચલાવ્યો છે. મનરેગા કૌભાંડ દ્વારા ગરીબોના હક છીનવવામાં આવ્યા છે. આદિવાસી સમાજને જંગલની જમીન, શિક્ષણ અને રોજગારના મળવાપાત્ર અધિકારોથી વંચિત રાખવાનું કામ આ સરકારે કર્યું છે. કોંગ્રેસે હંમેશા કમિટમેન્ટ સાથે આદિવાસી સમાજને વન અધિકાર કાયદો અને પેસા એક્ટ (PESA Act) દ્વારા મજબૂત બનાવવાની કોશિશ કરી છે.

હેમાંગ મહિપતરામ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

# ધારાસભ્ય કુમાર કાનાણીનો 'સ્વકબૂલાત'નો ધડાકો: "સરકારની યોજનાઓ લોકો સુધી પહોંચાડવામાં આપણે કાચા પડ્યા"

• સુરત

પોતાના બેબાક અને ધારદાર નિવેદનો માટે જાણીતા વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણીએ ફરી એકવાર રાજકીય મોરચે ગરમાવો લાવી દીધો છે. આ વખતે તેમણે પોતાની જ સરકાર અને સંગઠન સામે સવાલ ઉઠાવતા સ્વીકાર્યું છે કે, 'સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ છેવાડાના માણસ સુધી પહોંચાડવામાં આપણે ક્યાંક ને ક્યાંક કાચા પડ્યા છીએ.'

કાનાણીનું નિવેદન: 'સત્ય' કે 'સંકેત'?*

એક જાહેર કાર્યક્રમ દરમિયાન સંબોધન કરતા કુમાર કાનાણીએ ટકોર કરી હતી કે સરકાર પાસે અઢળક યોજનાઓ છે, પરંતુ જમીની સ્તર પર લોકો હજુ પણ માહિતીના અભાવે તેનાથી વંચિત છે. તેમણે કાર્યકરોને ટકોર કરતા કહ્યું કે, 'માત્ર યોજનાઓ બનાવવાથી કંઈ નથી થતું, તેને લોકોના ઘર સુધી લઈ જવાની જવાબદારી આપણી છે, જેમાં આપણે ઉણા ઉતર્યા છીએ.'

*શા માટે કાનાણીના આ સૂર ચર્ચામાં?*

* *જનતાની નારાજગી:* શું જમીની સ્તર પર લોકોમાં કોઈ અસંતોષ છે જેને કાનાણીએ ઓળખી લીધો છે?

* *વહીવટી તંત્ર પર નિશાન:* કાનાણીનું આ નિવેદન સીધું જ અમલદારીશાહી અને વહીવટી તંત્રની નિષ્ફળતા તરફ આંગળી ચીંધે છે.

* *ચૂંટણી પહેલાનો 'સાવધ' સૂર:* આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા કાર્યકરોને જગાડવા માટે કાનાણીએ આ 'કડવું સત્ય' પીરસ્યું હોવાનું મનાય છે.*સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયાઓનો ધોધ* કાનાણીનો





આ વીડિયો વાયરલ થતા જ સોશિયલ મીડિયા પર લોકો કહી રહ્યા છે કે, 'આને કહેવાય સાચો લોકપ્રતિનિધિ, જે પોતાની ભૂલ સ્વીકારવાની હિંમત રાખે છે.' તો બીજી તરફ વિપક્ષને પણ ભાજપ સરકારને ઘેરવા માટે તૈયાર ભાણે નવો મુદ્દો મળી ગયો છે.*શું આ આત્મમંથન છે કે બગાવત?*કુમાર કાનાણી અવારનવાર ટ્રાફિકના પ્રશ્ને કે લોકોની હાલાકી મુદ્દે પત્રો લખીને ચર્ચામાં રહે છે. ત્યારે આ નિવેદન બાદ હવે જોવાનું એ રહેશે કે ભાજપ સંગઠન આ ટકોરને કેટલી ગંભીરતાથી લે છે અને આગામી દિવસોમાં યોજનાઓના પ્રચાર-પ્રસારમાં કેવા ફેરફાર થાય છે.

રિપોર્ટ: 'પાક્કો ગુજરાત' ન્યૂઝ ડેસ્ક*

તમે આ સ્ક્રિપ્ટનો ઉપયોગ ન્યૂઝ પેપરના આર્ટિકલ કે પછી ડિજિટલ ન્યૂઝ બુલેટિન માટે પણ કરી શકો છો. આમાં કઈ સુધારો-વધારો કરવો છે?

# શહેરના પોલીસ બેડામાં ધરખમ ફેરફાર, 13 PIની આંતરિક બદલી, બહારથી આવેલા 54 PIને પોસ્ટિંગ અપાઈ

• અમદાવાદ

અમદાવાદ શહેરના પોલીસ બેડામાં લાંબા સમયથી જેની રાહ જોવાતી હતી તે પીઆઈની બદલીનો ગંજીફો આખરે ચીપાયો છે. અમદાવાદમાં કુલ 67 PIની બદલી અને પોસ્ટિંગ કરાઈ છે. જેમાં શહેરમાં જ ફરજ બજાવતા 13 અધિકારીઓની આંતરિક બદલી થઈ છે, જ્યારે બહારથી આવેલા 54 PIને નવા પોસ્ટિંગ આપવામાં આવ્યા છે.

વહીવટદારોની કફોડી સ્થિતિ આ વખતની બદલી પ્રક્રિયામાં સૌથી મહત્ત્વની બાબત એ રહી છે કે, કમિશનર ઑફિસે સ્પષ્ટ વલણ અપનાવ્યું છે. અગાઉ જ્યારે પણ બદલીઓ થતી ત્યારે વચેટિયાઓ અને વગદાર રાજકીય નેતાઓની ભલામણોનો રાફડો ફાટતો હતો. જોકે, આ વખતે કમિશનર કચેરીદ્વારા કોઈપણ ભલામણ કરનારને સ્પષ્ટ શબ્દોમાં સોરી કહી દેવામાં આવ્યું છે. કોઈ પણ વહીવટદારની ગોઠવણ આ વખતે ચાલી નથી.ટ્રેક રેકોર્ડ અને CR જોઈને અપાયા પોસ્ટિંગ પોલીસ ઈન્સ્પેક્ટરોને પોસ્ટિંગ આપવા માટે આ વખતે ખાસ માપદંડો નક્કી કરવામાં આવ્યા હતા. જેમાં અધિકારીએ અગાઉ કેવી કામગીરી કરી છે તે જોવામાં આવ્યું. ઉપરાંત અત્યાર સુધી મળેલા રિવોર્ડ્સ અને સર્વિસ દરમિયાનની વર્તણૂંક ધ્યાને લેવાઈ હતી. અધિકારીનો કોન્ફિડેન્શિયલ રિપોર્ટ ચેક કર્યા બાદ જ નિષ્પક્ષ રીતે પોસ્ટિંગ અપાયા છે. વિવાદિત અધિકારીઓને સાઈડ પોસ્ટિંગ જે અધિકારીઓ અગાઉ કોઈ વિવાદમાં આવ્યા હોય અથવા જેમની કામગીરી નબળી રહી હોય, તેમને મહત્ત્વના પોલીસ સ્ટેશનોને બદલે કંટ્રોલ રૂમ કે ટ્રાફિક વિભાગ જેવા સાઈડ પોસ્ટિંગમાં મૂકવામાં આવ્યા છે. નારોલ, નરોડા, વટવા, બોડકદેવ અને નવરંગપુરા જેવા મહત્ત્વના પોલીસ મથકો જે અત્યાર સુધી ઈન્ચાર્જ પીઆઈથી ચાલતા હતા, ત્યાં હવે કાયમી પોસ્ટિંગ આપી દેવામાં આવ્યું છે.

સામાન્ય રીતે એવું જોવા મળતું કે, વચેટિયાઓ પોતાની પસંદગીના PIને ચોક્કસ સ્ટેશનમાં મૂકાવતા અને પછી PIએ તેમની મરજી મુજબ કામ કરવું પડતું. આ પ્રથાને કારણે પોલીસનું મનોબળ તૂટતું હતું. પરંતુ હવે યોગ્યતા મુજબ પોસ્ટિંગ મળતા પ્રમાણિક અધિકારીઓમાં ખુશીનો માહોલ છે.

# જગન્નાથ મંદિરની 60 કરોડની જમીન બારોબાર વેચાઈ ગઈ, જૂનો વિવાદ ફરી જાગ્યો





અમદાવાદ : અમદાવાદની શાન ગણાતા જમાલપુર સ્થિત ભગવાન જગન્નાથજી મંદિરની જમીનને લઈને વિવાદ ફરી એકવાર ઉભો થયો છે. આક્ષેપ છે કે, મંદિરના ટ્રસ્ટીઓએ અંદાજે 60 કરોડ રૂપિયાની કિંમતની જમીન નિયમોને નેવે મૂકીને બારોબાર વેચી દીધી છે. આ મામલે હવે સામાજિક કાર્યકરો દ્વારા મંદિરનો વહીવટ સરકાર હસ્તક લેવાની માંગ ઉગ્ર બની છે. મળતી માહિતી મુજબ, વર્ષ 1992માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બહેરામપુરા વિસ્તારમાં નરસિંહદાસજી ગૌસેવા ટ્રસ્ટને અંદાજે 1.50 લાખ ચોરસ વાર જમીન ફાળવવામાં આવી હતી. આ જમીનની કુલ કિંમત હાલ 450 કરોડ રૂપિયાની આસપાસ થાય છે. આક્ષેપ એવો છે કે, આ જમીનમાંથી 28,000 ચોરસ વાર જમીન વર્ષ 2018માં ટ્રસ્ટીઓએ ખાનગી રાહે વેચી દીધી હતી. આ જમીનનો સોદો પડદા પાછળ 45 કરોડ રૂપિયામાં થયો હોવાનું કહેવાય છે. સરકારી દસ્તાવેજો અને રેકોર્ડ પર માત્ર 7 કરોડ રૂપિયા જ દર્શાવવામાં આવ્યા છે.

ખડગેના 'સૂર' બદલાયા

# ગુજરાતીઓને 'અભણ' કહ્યા બાદ ચોમેર વિરોધ થતાં અંતે કોંગ્રેસ પ્રમુખે માફી માંગી!

• અમદાવાદ

કેરળની ધરતી પરથી ગુજરાતીઓનું અપમાન કરનાર કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે આખરે નમ્યા છે. ગુજરાતીઓને 'અભણ' કહેતા વિવાદાસ્પદ નિવેદન બાદ ગુજરાત સહિત દેશભરમાં ઉઠેલા વિરોધના વંટોળ અને આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં મોટું નુકસાન થવાની ભીતિએ ખડગેને માફી માંગવા મજબૂર કર્યા છે.

શું હતો સમગ્ર વિવાદ?*

કેરળમાં ચૂંટણી પ્રચાર દરમિયાન મલ્લિકાર્જુન ખડગેએ ગુજરાતીઓ વિરુદ્ધ ટિપ્પણી કરતા તેમને 'અભણ' કહ્યા હતા. આ નિવેદન વાયુવેગે પ્રસરતા જ ગુજરાત ભાજપ આક્રમક મૂડમાં આવી ગયું હતું. સોશિયલ મીડિયાથી લઈને રસ્તાઓ પર ઠેર-ઠેર કોંગ્રેસ વિરુદ્ધ દેખાવો શરૂ થયા હતા. 'ગુજરાતી અસ્મિતા' પરના આ પ્રહારને ભાજપે મોટો મુદ્દો બનાવતા કોંગ્રેસ બેકફૂટ પર આવી ગઈ હતી.

ચૂંટણીનો ડર કે પસ્તાવો?*

ગુજરાતમાં ટૂંક સમયમાં જ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ* યોજાવાની છે. રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે, જો ખડગેએ માફી ન માંગી હોત તો કોંગ્રેસને પંચાયત અને પાલિકાની ચૂંટણીઓમાં ભારે કિંમત ચૂકવવી પડી હોત. આ સ્થિતિને પારખી જઈને હાઈકમાન્ડે ડેમેજ કંટ્રોલ કરવાનું નક્કી કર્યું હતું.

ખડગેનો બચાવ અને માફીના શબ્દો*

પોતાના નિવેદન પર સફાઈ આપતા મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે:

» 'મારા ચૂંટણી પ્રચારની કેટલીક ટિપ્પણીઓને જાણીજોઈને ખોટી રીતે રજૂ કરવામાં આવી છે. તેમ છતાં, જો કોઈની લાગણી દુભાઈ હોય તો હું દિલગીરી વ્યક્ત કરું છું. ગુજરાતના લોકો પ્રત્યે મને હંમેશા સર્વોચ્ચ આદર રહ્યો છે અને ભવિષ્યમાં પણ રહેશે. ત્યાંના લોકોની લાગણી દુભાવવાનો મારો ક્યારેય કોઈ હેતુ નહોતો.'

»

★★★ *ભાજપનો આકરો પ્રહાર*

બીજી તરફ ભાજપના નેતાઓએ આ માફીને 'ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળા મારવા' જેવી ગણાવી છે. ભાજપે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, 'કોંગ્રેસની માનસિકતા હંમેશા ગુજરાત વિરોધી રહી છે. જ્યારે ચૂંટણી નજીક આવે ત્યારે જ તેમને ગુજરાત પ્રત્યે પ્રેમ જાગે છે, બાકી તેઓ હંમેશા ગુજરાતીઓનું અપમાન કરવાની એક પણ તક જતી કરતા નથી.'


*હવે જોવાનું એ રહેશે કે ખડગેની આ માફી ગુજરાતીઓના રોષને શાંત કરી શકશે કે પછી આગામી ચૂંટણીમાં કોંગ્રેસને ફરી એકવાર જનતાના રોષનો સામનો કરવો પડશે.*

*રિપોર્ટ: 'પાક્કો ગુજરાત' ન્યૂઝ ડેસ્ક*

# જાળવણીનો અભાવને કારણે થલતેજ વોર્ડના હેબતપુરમાં કરોડાના ખર્ચે બનેલા ઓક્સિજન પાર્કના શ્વાસ રૂંધાયા

• અમદાવાદ

અમદાવાદ શહેરના થલતેજ વોર્ડના હેબતપુરમાં કરોડાના ખર્ચે વર્ષ 2022માં બનેલા ઓક્સિજન પાર્કનું ઉદઘાટન કરાયું હતું. જોકે બેદરકારી અને જાળવણીના અભાવે તેનાં તમામ વૃક્ષ સુકાઈ ગયાં છે. મિયાવાકી પદ્ધતિથી અંદાજે 88 હજાર વૃક્ષોનું વાવેતર કરીને શહેરને શુદ્ધ હવા આપવા પાર્ક બનાવાયી પીપીપી મોડલ પર ખાનગી કંપનીને દેખરેખ માટે અપાયો હતો, પરંતુ તેની સમયમર્યાદા પૂરી થયા બાદ મ્યુનિ. ના બગીચા વિભાગે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરી નથી. છેલ્લા 6 મહિનાથી પાણી આપવામાં ન આવતા અંદાજે 50 ટકાથી વધુ વૃક્ષો સુકાઈ ગયાં છે. બગીચામાં જાળવણીના નામે શૂન્ય કામગીરી હોવાથી હવે આ સુકાયેલાં




વૃક્ષોનો બળતણ તરીકે ઉપયોગ થઈ રહ્યો છે અને બગીચામાં જ ચૂલા સળગાવાય છે. ગાર્ડન વિભાગના અધિકારીએ જણાવ્યું કે, પાર્ક લોકો માટે ચાલુ છે. ગાર્ડન વિભાગના ડેપ્યુટી મ્યુનિ. કમિશનર ઓક્સિજન પાર્કની મુલાકાત લેવાના છે, જે પછી છેલ્લો નિર્ણય લેવાશે.સ્થાનિક રહેવાસીઓએ આક્ષેપ કર્યો છે કે, ઓક્સિજન પાર્કના પ્રવેશદ્વાર પર છેલ્લા ઘણા સમયથી તાળું લટકેલું છે. બીજી તરફ પાર્કમાંથી ગેરકાયદે પાણીના કનેક્શન આસપાસના બિલ્ડરોએ લીધાં છે, જેને કારણે પાર્કમાં પાણીની તંગી સર્જાઈ છે અને વૃક્ષો મરી રહ્યાં છે. સફાઈના અભાવે બાળકોના રમતનાં સાધનો પણ ધૂળ ખાઈ રહ્યાં છે.

# ગંભીરા-બામણગામ સીમમાં રેતી ખનન પર દરોડા, 1.10 કરોડના વાહનો જપ્ત

• આણંદ

આણંદ જિલ્લા ખાણ ખનીજ વિભાગ દ્વારા ફરિયાદ મળતાં આંકલાવ તાલુકાના ગંભીરા અને બામણગામ સીમમાં પસાર થતી મહિ નદીના પટ્ટમાં આકસ્મિક દરોડા પાડીને ગેરકાયદે રેતી ખનન કરતાં બે વોટર મશીન સહિત ચાર નાવળી મળીને રૂ 1.10 કરોડનો મુદામાલ સીઝ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે ખેરડા, ખાનપુર વિસ્તારમાં ભૂમાફિયાના પાપે વારંવાર ડુબી જવાના બનાવો બંને છે તેમ છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. જેને લઈને અનેક તર્કવિર્તક થઈ રહ્યાં છે.પ્રાપ્ત માહિતી અનુસાર આણંદ જિલ્લા કલેકટરને ફરિયાદ મળી હતી. કે ગંભીરા અને બામણગામ નદી પટ્ટમાં મોટાપ્રમાણ રેતી ખનન થઈ રહ્યું છે.

રફતારનો રાક્ષસ

મધ્યરાત્રિએ એક એવી ઘટના બની જેણે માનવતાને હચમચાવી દીધી

# અમીર બાપના નબીરાની સ્પીડ મજા, મધ્યમવર્ગીય દીકરીની જિંદગી સજા: ગોવામાં હવામાં ફંગોળાયા બે માસૂમો!

## ૨૧ વર્ષીય ઉદ્યોગપતિના પુત્રએ નવી નક્કોર મિની કૂપરથી ૨૩ વર્ષની દીક્ષાનો લીધો ભોગ

• પણજી/અમદાવાદઃ વિશેષ અહેવાલ (ટીમ પાક્કો ગુજરાત)


ભારતના ન્યાયતંત્ર અને અમીર-ગરીબ વચ્ચેની ખાઈ પર ફરી એકવાર સવાલો ઉભા થયા છે. ગોવાના પણજીમાં ડોના પાઉલા રોડ પર રવિવાર અને સોમવારની મધ્યરાત્રિએ એક એવી ઘટના બની જેણે માનવતાને હચમચાવી દીધી છે. એક બાજુ પોતાના સપના પૂરા કરવા રાત-દિવસ મહેનત કરતી ૨૩ વર્ષની યુવતી હતી, અને બીજી બાજુ પિતાના પૈસે તેજ રફતાર કાર દોડાવતો એક નબીરો. પરિણામ? એક માસૂમનો જીવ ગયો અને બીજો હોસ્પિટલમાં જિંદગીની જંગ લડી રહ્યો છે.

★★★ *શિફ્ટ પૂરી કરી ઘરે જતા કાળ ભેટી ગયો*

તાજ કન્વેન્શન સેન્ટરમાં ફ્રન્ટ ડેસ્ક પર એપ્રેન્ટિસ તરીકે કામ કરતી દીક્ષા ગોપાલ પરવાડકર (૨૩) અને તેનો સાથી કર્મચારી ડી. અરુણકુમાર (૨૬) પોતાની ડ્યુટી પૂરી કરીને મોટરસાઈકલ પર ઘરે જઈ રહ્યા હતા. હોટલના ગેટ પાસે રસ્તો ઓળંગી રહ્યા હતા ત્યારે જ કાળ બનીને આવેલી એક તેજ રફતાર 'મિની કૂપર એસ' (Mini Cooper S) કારે તેમને પાછળથી જોરદાર ટક્કર મારી. ટક્કર





એટલી ભયાનક હતી કે બંને સવારો અકસ્માત સ્થળથી ૫૦ મીટર દૂર હવામાં ફંગોળાઈને પડ્યા હતા. દીક્ષાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

★★★ *નવી કાર, લોહીના ડાઘ અને પૈસાનો પાવર!*

અકસ્માત સર્જનાર કારના દરવાજા પર તો હજુ ડિલિવરી સમયના રિબન પણ નીકળ્યા નહોતા. આરોપી ડેરિયસ માઈલ્સ ડિયાસ, જે ગોવાના જાણીતા ઉદ્યોગપતિ એન્ડુ ડિયાસનો પુત્ર છે, તેની પોલીસે ધરપકડ કરી છે. કારની સ્પીડ એટલી હતી કે ટક્કર વાગતા જ એરબેગ્સ ખુલી ગયા હતા. પોલીસ અત્યારે આલ્કોહોલ ટેસ્ટ અને બ્લડ સેમ્પલની તપાસ કરી રહી છે, પરંતુ સવાલ એ છે કે શું કાયદો આ 'પાવરફુલ' પરિવારના નબીરાને યોગ્ય સજા અપાવશે?

★★★ *ન્યાયના ધજાગરા ક્યાં સુધી?*

સ્થાનિક લોકોના મતે આ રોડ હવે 'રેસિંગ ટ્રેક' બની ગયો છે. જ્યારે અમીર નબીરાઓ પોતાની મોંઘીદાટ કારમાં સ્પીડની મજા લે છે, ત્યારે રસ્તા પર ચાલતા સામાન્ય નાગરિકોની સુરક્ષા રામ ભરોસે હોય છે.

*પાક્કો ગુજરાતનો સવાલ:*

ભારતમાં ન્યાય શું માત્ર ગરીબો માટે જ છે? જ્યારે કોઈ મોટા ગજાના માણસનો પુત્ર ગુનો કરે છે ત્યારે તપાસમાં ઢીલ અને કલમોમાં છટકબારીઓ કેમ શોધવામાં આવે છે? દીક્ષાના પરિવારને શું ક્યારેય સાચો ન્યાય મળશે કે પછી આ કેસ પણ 'હાઈ પ્રોફાઈલ' હોવાના નામે દબાઈ જશે?

*ન્યાયની લડાઈમાં, જનતાનો અવાજ - પાક્કો ગુજરાત ન્યૂઝ*

બાંધકામ સાઈટ પરથી કેબલની કરી હતી ચોરી

# સાંતેજ પોલીસ સ્ટેશનની હદમાંથી લાખોની કિંમતના ઈલેક્ટ્રિક કેબલની ચોરી કરનાર ત્રિપુટી ઝડપાઈ

ત્રિપુટી ઝડપાઈ

કંપનીએ સ્ટોક અને કેબલની લંબાઈની ખરાઈ કર્યા બાદ 5 એપ્રિલના રોજ ફરિયાદ નોંધાવી હતી

• ગાંધીનગર

ગાંધીનગરના સાંતેજ પોલીસ સ્ટેશનની હદમાં બાંધકામ સાઈટ પરથી લાખોની કિંમતના ઈલેક્ટ્રિક કેબલની ચોરી કરનાર ત્રિપુટીને ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી છે. રાત્રિના અંધકારમાં નિર્માણધીન સાઈટ પર ત્રાટકી આ ગેંગ 1,530 મીટર લાંબા વાયર કાપીને ચોરી કરી પલાયન થઈ હતી. જેમની પાસેથી કુલ 63 હજારનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.સાંતેજ ગામની સીમમાં સુપરસીટી લકઝરીયા-3 નામની સાઈટ પર 31 માર્ચથી 1 એપ્રિલના સમયે કેબલ ચોરી થયાની ઘટના સામે આવી હતી. તપાસમાં સામે આવ્યું હતું કે, અજાણ્યા તસ્કરોએ અલગ અલગ સાઈઝના 1.81 લાખથી વધુની કિંમતના કેબલની ચોરી



કરી છે.જે મામલે કંપનીએ સ્ટોક અને કેબલની લંબાઈની ખરાઈ કર્યા બાદ 5 એપ્રિલના રોજ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે સાંતેજ પોલીસ મથકના PI એસ. આર. મૂછાળની ટીમે ટેકનિકલ સર્વેલન્સ તથા 100થી વધુ CCTV કેમેરાની ચકાસણી હાથ ધરી હતી. ત્યારે બાતમીના આધારે સાંતેજ ગામની સીમમાં ટીપી રોડ પર વોચ ગોઠવી ચોરીના કોપર વાયર સાથે જઈ રહેલી રિક્ષાને અટકાવી આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા.

જે આરોપીઓની પૂછપરછ દરમિયાન સુપરસીટી લક્ઝરીયા-3ની સાઈટ પરથી કેબલ ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. આ અંગે PI મૂછાળે કહ્યું કે, શૈલેષ ઉર્ફે શેરડી પટણી, કરણ પટણી અને રણજીત ઉર્ફે સાવલો પટણીને રુપિ યા 63 હજારના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ગુનાનો ભેદ ઉકેલાયો છે. આ તમામ આરોપીઓ હાલ અમદાવાદના ચાણક્યપુરી વિસ્તારના રહેવાસી છે. મુખ્ય આરોપી શૈલેષ ઉર્ફે શેરડી પટણી અગાઉ પણ હત્યા, લૂંટ અને ચોરી જેવા અનેક ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. જેની વધુ તપાસ ચાલી રહી છે.

# બાવળા ગુરુકૃપા ફાર્મ ચોરીનો ભેદ ઉકેલાયો બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી

## આદરોડા ગામની સીમમાં આવેલા 'ગુરુકૃપા ફાર્મ'માં ચોરી થઈ હતી

• અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય પોલીસે બાવળાના ગુરુકૃપા ફાર્મમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો છે. આ મામલે બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને તેમની પાસેથી 3.52 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. ગત 27 માર્ચના રોજ બાવળા પોલીસ સ્ટેશન વિસ્તારના આદરોડા ગામની સીમમાં આવેલા 'ગુરુકૃપા ફાર્મ'માં ચોરી થઈ હતી. કેરાળા GIDC પોલીસ સ્ટેશનની ટીમે ગુપ્ત બાતમીદારો અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે આ ચોરીમાં કવલા ગામના બે શખ્સો સામેલ છે. જેના આધારે પોલીસે કવલા ગામે દરોડો પાડી પ્રકાશભાઈ ઘનશ્યામભાઈ કોળી પટેલ અને કરણભાઈ બાબુભાઈ કોળી પટેલની અટકાયત કરી હતી. પૂછપરછમાં બંને આરોપીઓએ ચોરીની કબૂલાત




કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલો ઘરવખરીનો સામાન અને ગુનામાં વપરાયેલી મારુતિ સુઝુકી ઈકો ગાડી (નંબર GJ 38 BE 6140) કબજે કરી છે. જપ્ત કરાયેલા સામાનમાં બજાજ કંપનીનું ગીઝર, હાઈપર મેક્સ કંપનીનું ગ્લેન્ડર, બુલેટ કંપનીનું વેક્યુમ ક્લીનર, સેમસંગ કંપનીનું ફ્રીજ અને પ્રેસિડેન્ટ કંપનીની દીવાલ ઘડિયાળનો સમાવેશ થાય છે. કુલ 3.52 લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

આ કેસમાં ભરતભાઈ ઉર્ફે ગોગો દયારામભાઈ કોળી પટેલ અને અશોકભાઈ ઉર્ફે ટચો દયારામભાઈ કોળી પટેલ (બંને રહે. નાનોદરા, બાવળા) નામના અન્ય બે આરોપીઓ હજુ ફરાર છે, જેમને પકડવા માટે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલા બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી તેમને જેલહવાલે કરવાની તજવીજ શરૂ કરાઈ છે.

# IPS મનોજ નિનામાએ સ્વૈચ્છિક નિવૃતિ લીધી:હવે રાજકારણમાં એન્ટ્રી, શું ભાજપમાંથી જિલ્લા પંચાયતની ચૂંટણી લડશે!

• ગાંધીનગર

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા રાજકીય હલચલ તેજ બની રહી છે ત્યારે એક મહત્વપૂર્ણ વળાંક સામે આવ્યો છે. પોલીસ વિભાગમાં લાંબા સમય સુધી સેવા આપનાર IPS અધિકારી મનોજ નિનામાએ સ્વૈચ્છિક નિવૃતિ (VRS) લઈ હવે જાહેર જીવનમાં નવી ઈનિંગ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. સૂત્રો મુજબ, મનોજ નિનામા પોતાના વતનમાં ભારતીય જનતા પાર્ટીમાંથી જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવાની તૈયારીમાં છે. સ્વૈચ્છિક નિવૃતિ લઈને તેમણે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે હવે તેઓ વિકાસના મુદ્દાઓ સાથે સીધા જ લોકો વચ્ચે કામ કરવા માગે છે.

માહિતી મુજબ, મનોજ નિનામા પોલીસ વિભાગમાં વિવિધ મહત્વપૂર્ણ પદ પર રહ્યા હતા અને ટ્રાફિક વિભાગમાં પણ નોંધપાત્ર કામગીરી કરી હતી. તેમની ઓળખ એક કડક અને ઈમાનદાર અધિકારી તરીકે રહી છે.

રાજકીય પક્ષોમાં ઉમેદવારોની પસંદગી માટે



બેઠકોનો દોર ચાલુ છે, જેમાં નવા ચહેરાઓને તક આપવાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. આવા સમયે નિવૃત્ત અધિકારી તરીકે મનોજ નિનામાની એન્ટ્રી ખાસ ચર્ચાનો વિષય બની છે.

આગામી દિવસોમાં ઉમેદવારોની સત્તાવાર જાહેરાત થવાની શક્યતા છે, ત્યારે મનોજ નિનામાનું નામ ભાજપમાંથી જાહેર થાય તો સ્થાનિક રાજકારણમાં નવા સમીકરણો ઉભા થઈ શકે છે.

# ડભોઈ-વડોદરા હાઈવે પર અકસ્માત



• ફકીરા ખત્રી ડભોઈ

અંબાવ ગામ પાસે મશીનરી ભરેલો આઈસર ટેમ્પો પલટી ગયો: મોટી જાનહાનિ ટળી ડભોઈ-વડોદરા રોડ પર આવેલા અંબાવ ગામ પાસે આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ભારે મશીનરી ભરીને જઈ રહેલો એક આઈસર ટેમ્પો અચાનક પલટી ખાઈ જતા હાઈવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે, આ મોટી દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી, જે રાહતની વાત છેકઈ રીતે સર્જાયો અકસ્માત? મળતી માહિતી મુજબ, આઈસર ટેમ્પો મશીનરીનો જથ્થો લઈને ડ ભોઈ તરફ જઈ રહ્યો હતો. ત્યારે અંબાવ ગામના વળાંક પાસે: સામેથી અચાનક એક પૂરઝડપે વાહન આવી ગયું હતું.સામે આવતા વાહનને બચાવવાના ચક્કરમાં આઈસર ચાલકે સ્ટીયરિંગ પરથી કા બૂ ગુમાવ્યો હતો.ચાલકે કાબૂ ગુમાવતા મશીનરી ભરેલો ટેમ્પો રોડની વચ્ચે જ પલટી ખાઈ ગયો હતો હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો અકસ્માત એટલો જોરદાર હતો કે ટેમ્પો પલટી જવાથી રસ્તાનો મોટો ભાગ રોકાઈ ગયો હતો. આ ઘટનાને પગલે:ડભોઈ-વડોદરા રોડ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.ઓફિસ અને ધંધાર્થે જતા મુસાફરો ટ્રાફિક જામમાં ફસાયા હતા.

મતદાન મથકો આસપાસ 100 મીટર સુધી આ બાબતો પર પ્રતિબંધ

# ડિજિટલ ડિવાઈસથી લઈને વાહનો સુધીના નિયમો, ઉલ્લંઘન કરનાર સામે કાર્યવાહી થશે

• ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી 2026ને ધ્યાનમાં રાખીને ચૂંટણી તંત્ર દ્વારા મતદાન મથકો પર કડક વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે મહત્વપૂર્ણ આદેશો જાહેર કરવામાં આવ્યા છે. મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ રીતે પૂર્ણ થાય તે માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNS) 2023ની કલમ-163 હેઠળ ખાસ પ્રતિબંધાત્મક નિયમો લાગુ કરવામાં આવ્યા છે.

આ નિયમો મુજબ, દરેક મતદાન મથકથી 100 મીટરની પરિસરમાં કોઈપણ પ્રકારના ચૂંટણી પ્રચાર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મતદારો પર



કોઈપણ પ્રકારનો પ્રભાવ ન પડે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સાથે જ મતદાન મથકની અંદર મોબાઈલ ફોન સહિત કોઈપણ ડિજિટલ ડિવાઈસ લાવવા પર પણ પ્રતિબંધ મૂકાયો છે.

ચૂંટણીલક્ષી ચિહ્નો અથવા પોસ્ટર, બેનર જેવી નોટિસો પણ મતદાન મથક નજીક પ્રદર્શિત કરી શકાશે નહીં. આ ઉપરાંત મતદાન મથક વિસ્તારની અંદર વાહનો લાવવાની પણ મનાઈ રાખવામાં આવી છે, જેથી ભીડભાડ અને અવ્યવસ્થા ટાળી શકાય.

જો કે, અપંગ અને અશક્ત મતદારોને સુવિધા માટે વિશેષ છૂટછાટ આપવામાં આવી છે, જેથી તેઓ સરળતાથી પોતાનો મતાધિકાર ઉપયોગ કરી શકે.

નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કાર્યવાહી થશે ચૂંટણી તંત્રએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે આ નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સમગ્ર રાજ્યમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવામાં આવી રહી છે, જેથી ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ અને પારદર્શક રીતે પૂર્ણ થાય.

શિક્ષણ ક્ષેત્રે 'ગીતા' સારનો શંખનાદ

# ધોરણ 6 થી 10ના પાઠ્યપુસ્તકોમાં ભગવદ ગીતાનો સમાવેશ, કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય

• નવી દિલ્હી/અમદાવાદ: વિશેષ અહેવાલ (ટીમ પાક્કો ગુજરાત)

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની ભારત સરકારે દેશની શિક્ષણ પ્રણાલીમાં એક ક્રાંતિકારી અને સાંસ્કૃતિક પરિવર્તન લાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે દેશના ભાવિ પેઢીના ઘડતરમાં શ્રીમદ ભગવદ ગીતાના જ્ઞાનનો સંગમ થશે. નવી શિક્ષણ નીતિ અંતર્ગત હવે ધોરણ 6 થી 10 ના શાળાકીય અભ્યાસક્રમમાં ભગવદ ગીતાના જીવનલક્ષી પાઠ ભણાવવામાં આવશે.

સંસ્કાર અને શિક્ષણનો સમન્વય*

કેન્દ્ર સરકારના આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યો, કર્તવ્ય ભાવના અને માનસિક દૃઢતા વિકસાવવાનો છે. ગીતા માત્ર ધાર્મિક ગ્રંથ નથી, પરંતુ જીવન જીવવાની કળા અને વ્યવસ્થાપન (Management)નો અદભૂત સ્ત્રોત છે.

* *શું બદલાશે?* ધોરણ 6 થી 10ના પુસ્તકોમાં ગીતાના શ્લોકો અને તેના અર્થને વાર્તાઓ તથા જીવનના ઉદાહરણો દ્વારા સમજાવવામાં આવશે.

* *ઉદ્દેશ્ય:* આજના તણાવપૂર્ણ યુગમાં વિદ્યાર્થીઓ આંતરિક શાંતિ જાળવી શકે અને 'કર્મ' પ્રત્યે નિષ્ઠાવાન બને તેવો સરકારનો પ્રયાસ છે.

નવી શિક્ષણ નીતિ (NEP)નું અમલીકરણ*

ભારતીય જ્ઞાન પરંપરાને આધુનિક શિક્ષણ સાથે જોડવા માટે વડાપ્રધાન મોદી સતત ભાર મૂકી રહ્યા છે. આ નિર્ણય તે દિશામાં એક મજબૂત ડગલું માનવામાં આવે છે. શિક્ષણ મંત્રાલયના જણાવ્યા મુજબ, ગીતાના સારને એવી રીતે રજૂ કરવામાં આવશે કે જેથી દરેક ધર્મ અને જ્ઞાતિના વિદ્યાર્થીઓ તેના સાર્વત્રિક માનવતાવાદી સંદેશને સમજી શકે. ગુજરાત મોડેલની રાષ્ટ્રીય સ્તરે સ્વીકૃતિ? ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારે અગાઉ જ શાળાઓમાં ગીતાના પાઠ ભણાવવાની જાહેરાત કરી હતી. હવે જ્યારે કેન્દ્ર સ્તરે આ નિર્ણય લેવાયો છે ત્યારે શિક્ષણ જગતમાં તેના મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યા છે. મોટાભાગના શિક્ષણવિદો તેને આવકારી રહ્યા છે અને માને છે કે આનાથી વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસમાં મોટો ફાયદો થશે.

# ચિત્રકાર કનુ પટેલને કૈલાસ લલિતકલા એવોર્ડ મળ્યો:મોરારી બાપુએ હનુમાન જન્મોત્સવ સમારોહમાં સન્માનિત કર્યા

• આણંદ

હનુમાન જન્મોત્સવના પાવન અવસરે પૂજ્ય મોરારી બાપુના સાનિધ્યમાં આયોજિત એક ભવ્ય સમારોહમાં ચિત્રકાર કનુ પટેલને પ્રતિષ્ઠિત 'કૈલાસ લલિતકલા એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા. આ પ્રસંગે કલા અને આધ્યાત્મિકતાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો, જ્યાં અનેક પ્રતિભાશાળી કલાકારોને વિવિધ એવોર્ડથી નવાજવામાં આવ્યા.ચિત્રકલા ક્ષેત્રનો આ પ્રતિષ્ઠિત એવોર્ડ જાણીતા ચિત્રકાર કનુ પટેલને પૂજ્ય મોરારી બાપુના હસ્તે અર્પણ કરાયો. આ સન્માન તેમના ચિત્રકલા પ્રત્યેના દીર્ઘકાલીન સમર્પણ અને સર્જનાત્મક યાત્રાને નવી ઊર્જા આપશે.

ઘટસ્ફોટ! કૌભાંડી મોરી અત્યંત શાતિર રીતે પોતાની કાળી કમાણીને સફેદ કરવાનો પ્રયાસ કરતો હતો

# કૌભાંડી નાયબ મામલતદાર મોરીના મમરા ભરાયા:જમીન કૌભાંડ બાદ હવે ACBની એન્ટ્રી, 1.22 કરોડની અપ્રમાણસર મિલકતનો ઘટસ્ફોટ!

જે સંબંધીઓના નામે મિલકતો લેવામાં આવી, તેમની પાસે આટલું રોકાણ કરવા માટેના કોઈ સત્તાવાર સ્ત્રોત નથી

• સુરેન્દ્રનગર: વિશેષ અહેવાલ (ટીમ પાક્કો ગુજરાત)

સુરેન્દ્રનગરમાં જમીનને NA (બિનખેતી) કરવાના મસમોટા કૌભાંડના મુખ્ય સૂત્રધાર ગણાતા નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીની મુશ્કેલીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. સત્તાના જોરે કાયદાના લીરેલીરા ઉડાડનાર મોરી સામે હવે એન્ટી કરપ્શન બ્યુરો (ACB) એ લાલ આંખ કરી છે. SITની તપાસમાં સામે આવેલા ચોંકાવનારા ખુલાસા બાદ, મોરી સામે અપ્રમાણસર મિલકત ઉભી કરવા બદલ વિધિવત ફરિયાદ નોંધાતા ભ્રષ્ટ અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

★★★ *સત્તાનો દુરુપયોગ અને કરોડોની કાળી કમાણી*

તપાસ દરમિયાન એવું સામે આવ્યું છે કે ચંદ્રસિંહ મોરીએ પોતાની ફરજ દરમિયાન સત્તાનો બેફામ દુરુપયોગ કર્યો હતો. સરકારી તિજોરીને બદલે પોતાની તિજોરી ભરવામાં મશગૂલ રહેલા આ અધિકારીએ ગેરકાયદેસર રીતે અંદાજે *1.22 કરોડ* થી વધુની સંપત્તિ ઉભી કરી હોવાનો ગંભીર આરોપ છે. આ રકમ તેની જાણીતી આવકના સ્ત્રોત કરતા અનેકગણી વધારે હોવાનું એસીબીની



તપાસમાં પ્રાથમિક દ્રષ્ટિએ જણાયું છે.

★★★ *સગાસંબંધીઓના નામે મિલકતોનું રોકાણ*

કૌભાંડી મોરી અત્યંત શાતિર રીતે પોતાની કાળી કમાણીને સફેદ કરવાનો પ્રયાસ કરતો હતો. SIT (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) ની તપાસમાં ખુલાસો થયો છે કે:

* *રોકાણની મોડસ ઓપરેન્ડી:* મોરીએ પોતાના સગાસંબંધીઓ અને સ્નેહીજનોના નામે મોટી સંખ્યામાં સ્થાવર અને જંગમ મિલકતો ખરીદી હતી.

*બેનામી મિલકત:* જે સંબંધીઓના નામે મિલકતો લેવામાં આવી, તેમની પાસે આટલું રોકાણ કરવા માટેના કોઈ સત્તાવાર સ્ત્રોત નથી.

*બેંક વ્યવહારો:* અનેક બેંક ખાતાઓમાં મોટાપાયે ટ્રાન્ઝેક્શન કરવામાં આવ્યા હોવાના પુરાવા પણ એસીબીને હાથ લાગ્યા છે.

*ભ્રષ્ટ અધિકારીઓ માટે લાલબત્તી*ચંદ્રસિંહ મોરી સામેની આ કાર્યવાહી એવા તમામ અધિકારીઓ માટે ચેતવણી સમાન છે જેઓ જનતાના કામ કરવાને બદલે 'સેટિંગ' અને 'કૌભાંડો' માં વ્યસ્ત છે. સુરેન્દ્રનગર જમીન કૌભાંડમાં હજુ પણ અનેક મોટા માથાઓના નામ બહાર આવે તેવી શક્યતા છે. એસીબી હવે મોરીના તમામ આર્થિક વ્યવહારોની ઊંડી તપાસ કરશે, જેનાથી તેના અન્ય ભાગીદારોના પગ નીચેથી પણ જમીન સરકી રહી છે.

*પાક્કો ગુજરાતનો સવાલ:*

આ તો માત્ર એક ચંદ્રસિંહ મોરી છે, પણ આવા કેટલાય 'મોરી' વહીવટી તંત્રમાં ઉધઈની જેમ ઘૂસી ગયા છે? શું એસીબીની આ તપાસ માત્ર એક અધિકારી પૂરતી સીમિત રહેશે કે પછી આખા રેકેટના મૂળ સુધી પહોંચશે?

જનતાના ટેક્સના પૈસા અને સરકારી જમીનો પર તરાપ મારનારા આવા કૌભાંડીઓને જેલના સળિયા પાછળ ધકેલવા જ જોઈએ. પવન માકન અને ટીમ પાક્કો ગુજરાત ભ્રષ્ટાચાર સામેની આ લડાઈમાં હરહંમેશ સત્યની સાથે રહેશે.

*સત્યની સાથે, જનતાના પક્ષે - પાક્કો ગુજરાત ન્યૂઝ*

રાજકારણમાં 'ઈવેન્ટ' મેનેજમેન્ટની બોલબાલા છે

# અંતરનો અવાજ: નેતાની 'ફી માફી' હેડલાઈન બને, પણ કોન્સ્ટેબલનું 'નિ:શુલ્ક શિક્ષણ' અનામી કેમ?

નિ:શુલ્ક શિક્ષણ — આપણે કેવા હીરોની પૂજા કરીએ છીએ? જે સત્તાના જોરે ઉપકાર કરે છે તેની?

• લેખક: પવન માકન (ગ્રુપ એડિટર)

આપણા દેશમાં પ્રચાર અને પ્રસારની દુનિયા અજીબ છે. જો કોઈ ધારાસભ્ય ભૂલેચૂકે એક બાળકની ફી માફ કરી દે અથવા કોઈ ખાનગી શાળામાં ફોન કરીને છૂટ અપાવે, તો બીજા દિવસે અખબારોના પાના અને સોશિયલ મીડિયા તેના ગુણગાન ગાતા થાકતા નથી. તેને 'ગરીબોના મસીહા' અને 'હીરો' બનાવી દેવામાં આવે છે. પરંતુ, જ્યારે એક સામાન્ય પોલીસ કોન્સ્ટેબલ ખાખી વર્દીની ફરજ સાથે માનવતાની ફરજ બજાવે છે, ત્યારે સમાજ અને મીડિયા તેને અભિનંદન આપવામાં પણ કંજૂસી કેમ કરે છે?

★★★ *કોન્સ્ટેબલ થાન સિંહ: ઝૂંપડપટ્ટીના બાળકોનો 'સાચો




હીરો'*

વાત છે કોન્સ્ટેબલ થાન સિંહની. આ એવો વ્યક્તિ છે જે પોલીસ સ્ટેશનમાં ગુનેગારો સામે તો લડે જ છે, પણ ફ્રી સમયમાં તે ગરીબી અને અજ્ઞાનતા સામે જંગે ચડ્યો છે. થાન સિંહ ઝૂંપડપટ્ટીમાં રહેતા એવા બાળકોને મફતમાં ભણાવે છે જેમના નસીબમાં મોંઘી શાળાઓની ફી અને પુસ્તકો નથી. તે પોતાની અંગત સુખ-સુવિધાનો ત્યાગ કરીને આ બાળકોના ભવિષ્યમાં અજવાળું પાથરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

★★★ *પ્રચાર વિરુદ્ધ પ્રમાણિકતા*

રાજકારણમાં 'ઈવેન્ટ' મેનેજમેન્ટની બોલબાલા છે. નેતાઓ ફોટોગ્રાફર્સ સાથે લઈને દાન કરવા નીકળે છે. જ્યારે બીજી તરફ થાન સિંહ જેવા માણસો છે જેમને કોઈ કેમેરા કે હેડલાઈનની ભૂખ નથી. તેમને માત્ર એ વાતનો સંતોષ છે કે ઝૂંપડપટ્ટીનું કોઈ બાળક ભણી-ગણીને સક્ષમ બને. છતાં, અફસોસની વાત એ છે કે કોઈ મોટો નેતા કે વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ થાન સિંહને અભિનંદન આપવાની તસ્દી સુદ્ધાં લેતા નથી.

★★★ *સમાજની આંખ ઉઘાડતો પ્રશ્ન*

આપણે કેવા હીરોની પૂજા કરીએ છીએ? જે સત્તાના જોરે ઉપકાર કરે છે તેની? કે જે પોતાની મહેનતથી સમાજને પરિવર્તિત કરે છે તેની? થાન સિંહ જેવા લોકો જ ખરા અર્થમાં સમાજના સ્તંભ છે. તેઓ કોઈ ડીલર નથી, તેઓ ખરા અર્થમાં લોકનાયક છે જે પાયાના સ્તરે કામ કરી રહ્યા છે.

*પાક્કો ગુજરાતનો સંદેશ:*

સમાજ હવે જાગૃત થવાની જરૂર છે. આપણે પ્રશંસાના પાત્રો બદલવા પડશે. જો આપણે થાન સિંહ જેવા પ્રમાણિક અને કર્મનિષ્ઠ લોકોની કદર નહીં કરીએ, તો ભવિષ્યમાં નિ:સ્વાર્થ સેવા કરનારા લોકોની અછત સર્જાશે.

# દહેગામના કાલીપુરા-સાપામાં બે મહિનાથી પાણીની સમસ્યાથી ગ્રામજનો પરેશાન

ઉકેલ ન આવે ત્યાં સુધી ચૂંટણી બહિષ્કારની ચીમકી આપી

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કાલીપુરા તાબે આવેલા સાપા ગામમાં છેલ્લા બે મહિનાથી પીવાના પાણીની ગંભીર સમસ્યા પ્રવર્તી રહી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થઈ હોવા છતાં આ મૂળભૂત પ્રશ્નનો ઉકેલ ન આવતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોએ આંદોલન અને આગામી ચૂંટણીના બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે.ગામના લોકોએ આ અંગે તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત દહેગામ અને મામલતદાર કચેરીને આવેદનપત્ર આપી તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, 'જળ જીવન મિશન' યોજના હેઠળ વાસ્મો દ્વારા શોભાથી કાલીપુરા સુધી નાખવામાં આવેલી પાઈપલાઈનમાં અંદાજે 100 થી 150 જેટલા લીકેજ છે. આ લીકેજના કારણે પાણી ગામ સુધી યોગ્ય રીતે પહોંચી શકતું નથી.આ પરિણામે, છેલ્લા બે મહિનાથી કાલીપુરા-સાપા ગામના લોકો પીવાના પાણી માટે ભારે મુશ્કેલીઓનો સામનો



કરી રહ્યા છે. ખાસ કરીને ગરમીના દિવસોમાં પરિસ્થિતિ વધુ વિકટ બની છે. મહિલાઓને વહેલી સવારે અને સાંજના સમયે દૂરના વિસ્તારોમાં જઈને પાણી લાવવું પડે છે, જ્યારે બાળકો અને વૃદ્ધોને પણ ભારે તકલીફ પડી રહી છે. પશુઓ માટે પણ પાણીનો અભાવ સર્જાતા ગ્રામ્ય જીવન પર વ્યાપક અસર જોવા મળી રહી છે.ગ્રામજનોનું કહેવું છે કે તેઓએ આ સમસ્યા અંગે અનેકવાર સંબંધિત તંત્રને રજૂઆત કરી છે, છતાં હજુ સુધી કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. તંત્રની આ ઉદાસીનતા સામે લોકોમાં ભારે નારાજગી ફેલાઈ છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થયા બાદ પણ આ પ્રશ્ન ઉકેલાતો ન હોવાને કારણે રાજકીય નેતાઓ સામે પણ લોકોમાં અસંતોષ વધ્યો છે.આ પરિસ્થિતિથી કંટાળેલા ગ્રામજનોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો ટૂંક સમયમાં પાણીની સમસ્યા દૂર નહીં કરવામાં આવે તો તેઓ ગાંધીજીના માર્ગે શાંતિપૂર્ણ આંદોલન શરૂ કરશે. સાથે સાથે, દહેગામ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની આવનારી ચૂંટણીનો બહિષ્કાર કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

# ડભોઈમાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈને રાજકીય ગરમાવો

ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP) સહિત અન્ય પક્ષોના કાર્યકર્તાઓ અને અપક્ષ ઉમેદવારોએ ચૂંટણી મેદાનમાં ઝંપલાવવા માટે કમર કસી

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈમાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP) સહિત અન્ય પક્ષોના કાર્યકર્તાઓ અને અપક્ષ ઉમેદવારોએ ચૂંટણી મેદાનમાં ઝંપલાવવા માટે કમર કસી છે. માત્ર ત્રણ દિવસના ટૂંકા ગાળામાં જે રીતે ફોર્મનું વિતરણ થયું છે,ડભોઈ નગરપાલિકા: નગરપાલિકાની કુલ 36 બેઠકો માટે અત્યાર સુધીમાં વિક્રમી 192 ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે.ડભોઈ તાલુકા પંચાયત: તાલુકા પંચાયતની 20 બેઠકો માટે છેલ્લા ત્રણ દિવસમાં 63 ફોર્મ વિવિધ પક્ષોના કાર્યકર્તાઓ લઈ ગયા છે. ફોર્મ લેવાનો સમય 11:00 થી 03:00 વાગ્યા સુધીનો છે તે દરેકે નોંધ લેવી

ત્રિપાંખિયો જંગ અને નવા સમીકરણો

પરંપરાગત રીતે ડભોઈમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર થતી હોય છે, પરંતુ આ વખતે આમ આદમી પાર્ટી (AAP) અને અન્ય નાના પક્ષોએ પણ ઝંપલાવતા ચૂંટણી જંગ ત્રિપાંખિયો બને તેવી પૂરેપૂરી શક્યતા છે. ખાસ કરીને યુવા કાર્યકર્તાઓ અને નવા ચહેરાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છેદિગ્ગજોના ભાવિ પર સવાલ રાજકીય ગલીઓમાં અત્યારથી જ ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે કેકયા જૂના જોગીઓ અને દિગ્ગજોના પત્તા કપાશેપક્ષ દ્વારા કયા નવા ચહેરાઓને ટિકિટ આપીને મેદાનમાં ઉતારવામાં આવશેશક્તિ પ્રદર્શન અને આંતરિક ખેંચતાણ વચ્ચે કોનું પલડું ભારે રહેશે હાલમાં માત્ર ફોર્મ વિતરણની પ્રક્રિયા વેગમાં છે. આગામી દિવસોમાં જ્યારે ફોર્મ ભરાઈને પરત આવશે અને પક્ષો દ્વારા સત્તાવાર ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવશે, ત્યારે ડભોઈનું રાજકીય ચિત્ર વધુ સ્પષ્ટ થશેઆ વખતે ડભોઈની જનતા કોના પર કળશ ઢોળશે અને કયા પક્ષનો દબદબો રહેશે.

# ઉનાના ઉમેજમાં મધમાખીના હુમલાથી આધેડનું ઘટનાસ્થળે મોત: વાડીએ રખોપું કરવા ગયેલા કાળુભાઈ ગોહિલનો મૃતદેહ સવારે મળ્યો



• જીતેન્દ્ર શિયાળ ઉના

ઉના તાલુકાના ઉમેજ ગામમાં મધમાખીના હુમલાથી 58 વર્ષીય આધેડ કાળુભાઈ મેઘાભાઈ ગોહિલનું ઘટનાસ્થળે મોત નીપજ્યું છે. આ ઘટના ગત રાત્રિના સમયે બની હતી. કાળુભાઈ ગોહિલ તેમની સીમ વિસ્તારમાં આવેલી વાડીએ રખોપું કરવા ગયા હતા. વાડીમાં ઝેરી મધમાખીનો પૂડો હતો. રાત્રિના અથવા વહેલી સવારે મધમાખીના ઝુંડે તેમના પર જીવલેણ હુમલો કર્યો હતો. મધમાખીના હુમલાથી બચવા માટે કાળુભાઈએ દોડ મૂકી હતી, પરંતુ તેઓ વાડી નજીકના એક ખાડામાં પડી ગયા હતા. ઝેરી મધમાખીઓએ તેમના ચહેરા અને શરીર પર અસંખ્ય ડંખ માર્યા હતા, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. સવારે તેમના પરિવારજનો વાડીએ પહોંચ્યા ત્યારે કાળુભાઈનો મૃતદેહ ખાડામાં પડેલો જોવા મળ્યો હતો.

વૈષ્ણવ સમાજ દ્વારા ડભોઈમાં તડામાર તૈયારીઓ

# ડભોઈમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના પ્રાગટ્ય પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવશે

• ફકીરા ખત્રી ડભોઈ

વૈષ્ણવ સમાજ દ્વારા ડભોઈમાં તડામાર તૈયારીઓ ડભોઈમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના પ્રાગટ્ય પર્વની શાનદાર ઉજવણી કરાશે જન્મ જયંતી નિમિત્તે ઝારોલાવાગામાં આવેલ શ્રી દ્વારકાધીશ હવેલી, વિશાલ લાડવાગામાં આવેલ શ્રીનાથજીની હવેલી તથા ઉમા સોસાયટી ખાતે આવેલ શ્રી છોટા દ્વારકાધીશ મંદિર, આ બધી જ હવેલીઓને લાઈટ ડેકોરેશન અને ધજા-પતાકા તથા ફૂલહાર વડે શણગારવામાં આવનાર છે. પ્રાગટ્ય મહોત્સવ વૈષ્ણવ સમાજ દ્વારા ભક્તિ ભાવથી ધામધૂમથી ઉજવવામાં આવશે.ડભોઈ ઝારોલાવાગામાં આવેલ શ્રી દ્વારકાધીશ મંદિરે સવારના ૧૦ કલાકે સોનાના



પલનાના દર્શન થશે. એ સમયે

ડભોઈ ઝારોલાવાગામાં આવેલ શ્રી દ્વારકાધીશ મંદિર ખાતે પુષ્ટિસંપ્રદાયના સ્થાપક જગદગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજીના સ્વરૂપને સુશોભિત મંડપમાં પધરાવવામાં આવેલ છે.દર્શનનો અમૂલ્ય લાભ લેવા વૈષ્ણવજનો ઉમટી પડશે. સમગ્ર ભારતમાં આચાર્ય મહાપ્રભુજીની ૮૪ બેઠકો આવેલી છે. વલ્લભાચાર્યજીએ વિવિધ ગામોમાં યાત્રા કરી હતી. શ્રી મહાપ્રભુજીએ બતાવ્યું કે હે જીવ તું કોઈ સાધારણ નથી તું તો પ્રભુનો અંશ છે પ્રભુથી વિખૂટા પડી સાગરમાં ભટકવાથી તારી શાંતિ હણાઈ ગઈ છે. જે પ્રભુના પુનઃ મિલન સિવાય મળવી શક્ય નથી. પ્રભુના પુનઃમિલન માટે શ્રી મહાપ્રભુજીએ સ્નેહ, સેવા, સમર્પણનો માર્ગ બતાવ્યો હતો. સ્નેહથી પ્રભુની સેવા કરવી સેવા માટે સમર્પણ કરવું સ્નેહ અને સમર્પણ વિના સેવાનાથાય પ્રભુની સેવા એટલે પ્રભુના સ્વરૂપ ની સેવા તેમજ પ્રાણી માત્રમાં બીરાજતા પ્રભુની સેવા સૌમાં પ્રભુ બિરાજે છે. ડભોઈ ઝારોલાવાગા ખાતે આવેલ શ્રી દ્વારકાધીશ મંદિરમાં છેલ્લા સાત દિવસ એટલે કે ઉત્સવ પહેલાના આ દિવસો દરમિયાન પાઠનું સ્મરણ કરવામાં આવે છે. પુષ્ટિ સંપ્રદાયના સ્થાપક જગદગુરુ શ્રીમદ વલ્લભાચાર્ય મહાપ્રભુજીની ૧૩ એપ્રિલ સોમવારના રોજ પુષ્ટિ સંપ્રદાયના સ્થાપક જગદગુરુની જન્મ જયંતીની ઉજવણી કરવા ડભોઈ વૈષ્ણવ સમાજે તડામાર તૈયારીઓ આરંભી દીધેલ છે.

# સેવા કે સફેદ લૂંટ? ડૉક્ટરનો સનસનીખેજ ખુલાસો: 'દર્દીઓને પરાણે ICUમાં પૂરી બિલો ફાડવાની ફેક્ટરી છે આ હોસ્પિટલ!'

• લેખકઃ પવન માકન (ગ્રુપ એડિટર)

તબીબી વ્યવસાયને આપણે 'ઈશ્વર' પછીનો દરજ્જો આપ્યો છે, પણ જ્યારે આ ઈશ્વરના દૂતોને હોસ્પિટલના માલિકો 'સેલ્સમેન' બનાવી દે, ત્યારે સમજવું કે માનવતાનો અંત નજીક છે. તાજેતરમાં એક યુવાન મહિલા ડૉક્ટરે કેમેરા સામે આવીને રડતા રડતા જે ખુલાસો કર્યો છે, તેણે સમગ્ર મેડિકલ જગત અને જનતાને સ્તબ્ધ કરી દીધી છે. 'હું નોકરી છોડી રહી છું'—આ શબ્દો પાછળનો આક્રોશ કોઈ એક વ્યક્તિનો નથી, પણ ભ્રષ્ટ સિસ્ટમ સામેનો વિરોધ છે.

દર્દી નહીં, પણ 'આવકનો સ્ત્રોત'!

તે ડૉક્ટરે જે કારણ આપ્યું તે કંપારી છૂટી જાય તેવું છે. હોસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા દબાણ કરવામાં આવતું હતું કે, જે પણ દર્દી આવે તેને ફરજિયાત દાખલ (Admit) કરો, પછી ભલે તેને જરૂર હોય કે ન હોય! આટલેથી ન અટકતા, દર્દીને ખોટી રીતે ICUમાં રાખવાની સૂચના અપાતી હતી જેથી મોટા બિલો બનાવી શકાય. વિચાર કરો, જે પરિવાર પોતાના સ્વજનને બચાવવા માટે ઘરેણાં વેચીને કે દેવું કરીને હોસ્પિટલ આવે છે, તેમની લાચારી પર આ 'કોર્પોરેટ ગીધ' પોતાની તિજોરી ભરે છે.

જ્યારે નૈતિકતા પગાર કરતા મોટી બને

આ યુવાન ડૉક્ટરે સાબિત કરી દીધું કે હજુ પણ દુનિયામાં ઈમાનદારી જીવિત છે. તેણીએ કહ્યું, 'નૈતિકતા અને દર્દીની સલામતી કરતા કોઈ પગાર વધુ મહત્વનો નથી.' લાખોનો પગાર છોડીને સત્યનો પક્ષ લેવો એ કોઈ નાની વાત નથી.

* વિશ્વાસનું ખૂનઃ આરોગ્ય સેવા વિશ્વાસના પાયા પર ટકેલી છે. જો દર્દીને એવો ડર લાગે કે હોસ્પિટલ તેને લૂંટવા બેઠી છે, તો તે જિંદગીની લડાઈ અડધી તો ત્યાં જ હારી જાય છે.

* સિસ્ટમ માટે ચેતવણીઃ શું આ માત્ર એક હોસ્પિટલની વાત છે? ના. આ એક વ્યવસ્થિત ચાલી રહેલું 'રેકેટ' છે જે મધ્યમવર્ગીય પરિવારોને પાયમાલ કરી રહ્યું છે.

નકલી ડૉક્ટરો અને અસલી લૂંટારુઓ સામે જંગ

એક તરફ સરકાર 'નકલી ડૉક્ટરો' સામે ડ્રાઈવ ચલાવવાની વાતો કરે છે, પણ આ 'અસલી ડિગ્રી' ધરાવતી મોટી હોસ્પિટલોમાં જે લૂંટ ચાલે છે તેનું શું? આચારસંહિતા પૂર્ણ થતા જ આવા તત્વો સામે પણ કડક હાથે કામ લેવાની જરૂર છે.

# ચાણોદ વિભાગ કમોસમી હળવા વરસાદી ઝાપટાં ખેડૂતોમાં પાક બચાવવા દોડધામ

ડભોઈ તાલુકાના ચાણોદ વિભાગમાં ગતરોજ હવામાનની આગાહી મુજબ સાંજે એકાએક વાતાવરણમાં પલટા આવ્યો હતો આકાશમાં વાદળો ની ફોજ વચ્ચે વાદળછાયું વાતાવરણ સાથે પવન ફૂંકાયો હતો સાથે હળવા કામો સમય વરસાદ નું ઝાપટો શરૂ થયું હતું થોડી મિનિટો રહ્યા બાદ વરસાદ વિરામ લીધો હતો. રાત્રે થતાં ફરી હળવા રિમઝીમ વરસાદ શરૂ થયો હતો જે થોડા સમય બાદ રહી ગયો હતો. એક તરફ હાલ ખેતરોમાં મકાઈ ના. પાકને કાપણી ખુટાય ચાલી રહી છે બહારગામ થી મકાઈ નું કચરૂ ઘાસચારા માટે વેપારીઓ દ્વારા ભરાઈ રહ્યું છે તેમજ મકાઈ હાર્વેસ્ટિંગ દ્વારા કાઢવામાં આવી રહી છે તેવામાં ખુલ્લા ખેતરોમાં છે.

**પ્રતિબંધ** સભા-સરઘસનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચના હિસાબોમાં ઉમેરવામાં આવશે

# પોરબંદર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી દરમિયાન પરવાનગી વગર કોઈપણ પ્રકારના સભા સરઘસ કાઢવા પર પ્રતિબંધ મુકાયો

## પોરબંદર જિલ્લામાં સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીને લઈને હથિયાર જમા કરાવવા જિલ્લા મેજિસ્ટ્રેટનો આદેશ

• ગોસા(ઘેડ)તા.૦૮

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય તથા પેટા ચૂંટણીની જાહેરાત બાદ જિલ્લામાં આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થયો છે. ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, મતદારો નિર્ભય વાતાવરણમાં મતદાન કરી શકે અને સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે હેતુસર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી રેખાબા સરવૈયા દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામાં મુજબ સક્ષમ અધિકારીની પૂર્વ પરવાનગી લીધા વિના ચાર કરતાં વધુ વ્યક્તિઓ એકત્રિત થવા, સભા યોજવા અથવા કોઈપણ પ્રકારનું સરઘસ કાઢવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અને સભા-સરઘસનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચના હિસાબોમાં ઉમેરવામાં આવશે. જો કે, આ હુકમ ફરજ પર રહેલા ગૃહરક્ષક દળના કર્મચારીઓ, લગ્નના વરઘોડા, સરકારી ફરજ પર રહેલી વ્યક્તિઓ તેમજ સ્મશાન યાત્રા માટે લાગુ પડશે નહીં.

આ જાહેરનામું પોરબંદર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી એપ્રિલ-૨૦૨૬ અંતર્ગત આવતાં વિસ્તારોમાં તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી આ હુકમ અમલમાં રહેશે આ હુકમનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા એપ્રિલ-૨૦૨૬માં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય તથા પેટા ચૂંટણીને અનુલક્ષીને જિલ્લામાં આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થઈ ચૂક્યો છે. ચૂંટણી પ્રક્રિયા મુક્ત, નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે સુનિશ્ચિત કરવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. આ સંદર્ભે પોરબંદર જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એસ.ડી. ધાનાણી (IAS) દ્વારા શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૨(૧)(ખ) હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. પોરબંદર જિલ્લામાં જે વિસ્તારમાં ચૂંટણી યોજાનાર છે તે વિસ્તારના સ્વરક્ષણ તથા પાકરક્ષણના તમામ પરવાનેદારો (નિશ્ચિત અપવાદ સિવાયના) એ તેમના હથિયાર પરવાના હેઠળનું હથિયાર દિવસ-૭ માં સબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવી તે અંગેની પહોંચ મેળવી લેવી અને હથિયાર જમા કરાવવા સામે કોઈ પરવાનેદારને વાંધો અથવા તકરાર હોય તો આ હુકમ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અત્રે આધારો સાથે લેખિત રજુઆત કરવાની રહેશે.

આ હુકમ પોરબંદર જિલ્લામાં ફરજ બજાવતા તમામ મેજિસ્ટ્રેટશ્રીઓ, કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકારના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ, કે જેઓને કાયદા મુજબ હથિયાર (સરકારી કે અંગત) ધારણ કરવાની મંજુરી આપેલ છે અથવા પરવાનો ધરાવે છે તેમને અથવા ચૂંટણીની ફરજ ઉપર હોય તેમને લાગુ પડશે નહી. તેમજ બેંકના રક્ષણ માટે બેંકના મેનેજરશ્રીના હોદ્દાની રૂએ પરવાનો મંજુર કરાયેલ હોય તે પરવાના અન્વયેના હથિયારોને લાગુ પડશે નહી અને માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીઓના ગનમેન, કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટ લેવડ-દેવડ કરતા હોય તેવા હથિયારધારી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાંથી મુકિત આપવામા આવે છે. આવા સિકયુરીટી ગાર્ડએ તેઓ બેન્કમાં ફરજ બજાવતા હોવાનું સંબધિત બેન્ક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટાગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.

મોટાઔધોગીકએકમો, જાહેરસાહસો, બોર્ડ તેમજ નિગમની સલામતી માટે જે તે એકમના સંચાલક અને જવાબદાર અધિકારીના નામે મંજુર કરાયેલ પરવાના અન્વયેના હથિયારો, મોટા અને મહત્વના ધાર્મિક સ્થળોના મુખ્ય સંચાલક ,મહંતશ્રી અને પુજારીના નામે મંજુર કરાયેલ પરવાના અન્વયેના હથિયારો તેમજ શુટીંગની રમતના રમતવીર કે જેઓ વિવિધ સ્તરે રાષ્ટ્રીય રાઈફલ એસોસિએશનના સભ્ય છે અને તેમણે વિવિધ શુટીંગ સ્પર્ધામાં ભાગ લેવાનો થતો હોય જેમાં તેઓ તેમની રાઈફલનો ઉપયોગ કરે છે તેમને આ પ્રતિબંધોમાંથી મુક્તિ આપવામાં આવે છે અને જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ ખાસ પરવાનગી આપેલ હોઈ તેઓને લાગુ પડશે નહી. વધુમાં ઉપરોકત તમામ હથિયારો ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થયા પછી દિવસ-૭ માં સબંધિત તમામ પરવાનેદારોને પરત સોંપી આપવા અંગેની કાર્યવાહી સંબંધિત પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જશ્રીએ પૂર્ણ કરી લેવાની રહેશે. આવા હથિયારો સમયસર પરત મેળવી લેવાની જવાબદારી સબંધિત પરવાનેદારની રહેશે. આ આદેશનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૩૦ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## રબારી પોલા ભીમા અને ગોગન ભીમા ના ૧૧ વારસદારો સામે લેન્ડ ગ્રેબિંગ

# રાણાવાવમાં ૨૦ લાખની જમીન પર ગેરકાયદેસર કબ્જો કરનાર ૧૧ સામે લેન્ડ ગ્રેબિંગ હેઠળ ગુનાનો એક આરોપી ઝડપાયો

**કાર્યવાહી** કોર્ટના હુકમ છતાં પોરબંદરના મચ્છીના વેપારીની રૂ. ૨૦ લાખની જમીન પચાવી કબ્જો ન છોડતા કાર્યવાહી

• ગોસા(ઘેડ) તા.૦૮

રાણાવાવમાં જમીન પચાવી પાડવાના મામલે ગંભીર પોલીસ ફરિયાદ નોંધાતા કુલ ૧૧ ઈસમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોરબંદરના સુતારવાડા માં રહેતા અને મચ્છીના વ્યવસાય સાથે સંકળાયેલા મુહમ્મદ હનીફ અબ્દુર રહેમાન ઐબાણીએ રાણાવાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૦૦માં તેમણે રાણાવાવ શહેરમાં બાલમંદિર નજીક આવેલી જમીન ખરીદી હતી, જેના સંબંધિત દસ્તાવેજો પણ તેમના નામે કરવામાં આવ્યા હતા. આ જમીન અંગે સિવિલ કેસ ચાલતો હતો અને અંતિમ ચુકાદો ફરિયાદીના પક્ષે આવ્યો હતો. છતાંય, મરણ પામેલા રબારી પોલા ભીમા અને ગોગન ભીમાના વારસદારોએ ગેરકાયદેસર રીતે જમીન પર કબ્જો જમાવી લીધો હતો.ફરિયાદીએ અનેક વખત જગ્યા ખાલી કરવા કહેવા છતાં કોઈ અસર ન થતા, અંતે જિલ્લા કલેક્ટરને અરજી કરી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ-૨૦૨૦ હેઠળ કાર્યવાહી કરવાની માંગણી કરી હતી. ત્યારબાદ અધિક કલેક્ટરના આદેશથી રાણાવાવ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. દરમ્યાન રાણાવાવ સર્વેલન્સ સ્ટાફના માણસોને મળેલ હકિકત આધારે ઉપરોકત આરોપી કારાભાઈ પોલાભાઈ ગરચર ઉ.વ.૩૭ ધંધો માલધારી રહે. કમાણી ટાયર્સ પાસે, બગીચા રોડના કાંઠે રાણાવાવ તા.રાણાવાવ જી.પોરબંદર વાળાને પકડી પાડી આગળની કાર્યવાહી કરવા તજવીજ કરેલ છે.

આ કેસમાં મરણ પામેલા રબારી પોલા ભીમા અને ગોગન ભીમા ના ૧૧ વારસદારો સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો દાખલ થયો છે.

જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાનાઓ દ્વારા પોરબંદર જીલ્લાના ગુન્હા ના નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે ખાસ સુચના આપેલ હોય. જે અનુસંધાને રાણાવાવ ડીવીઝન વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ધ્રુવલ સી. સુતરીયાના ઓ દ્વારા રાણાવાવ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૮૦૧૫૨૬૦૨૨૬/૨૦૨૬ ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ-૨૦૨૦ ની કલમ ૪(૧)(૨)(૩) તથા ૫(ગ) તથા ભારતીય ન્યાય સંહીતા- ૨૦૨૩ ની કલમ ૫૪ મુજબના ગુન્હાના કામે નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના કરેલ .જે અન્વયે રાણાવવા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેક્ટર બી.જી.ડાંગર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.વી.મોરી તથા પોલીસ સ્ટાફના માણસો ઉપરોકત ગુન્હાના કામે નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સતત પ્રયત્નશીલ હતા તે દરમ્યાન રાણાવાવ સર્વેલન્સ સ્ટાફના માણસોને મળેલ હકિકત આધારે ઉપરોકત આરોપી કારાભાઈ પોલાભાઈ ગરચર ઉ.વ.૩૭ ધંધો માલધારી રહે.કમાણી ટાયર્સ પાસે, બગીચા રોડના કાંઠે રાણાવાવ તા.રાણાવાવ જી.પોરબંદર વાળાને પકડી પાડી આગળની કાર્યવાહી કરવા તજવીજ કરેલ છે.

આ કામગીરી કરનાર અધિ./કર્મચારીઓમાં રાણાવાવ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેક્ટર બી.જી. ડાંગર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.વી.મોરી તથા પો.હેડ.કોન્સ. બી.જે.દાસા, તથા પો.કોન્સ. સંજય વાલાભાઈ, સરમણ દેવાયતભાઈ, જયમલ સામતભાઈ, કૃણાલસિંહ પ્રવિણસિંહ, દ્વારા કરવામાં આવેલ હતી.

રિપોર્ટરઃ-વિરમભાઈ કે.આગઠ

# બરડા ડુંગરમા અજમાપાટનેશ થી દુર પાણીની જરમાં દેશી દારૂની ભઠ્ઠી પકડી પાડતી રાણાવાવ પોલીસ

## દેશી દારૂ લીટર ૨૦૦ તથા ભઠ્ઠીના સાધનો મળી કુલ કિ.રૂ.૬૩,૬૦૦/- નો મુદામાલ મુદામાલ પકડી

ગોસા(ઘેડ) તા ૦૮/૦૪/૨૦૨૬

રાણાવાવ પોલીસે બરડા ડુંગરમાં ફાટલનેશ થી દુર પાણી ન જર વિસ્તારમાંથી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠીમાંથી દારૂ બનાવવાનો આથો, દેશી દારૂ સહિત રૂ.૬૩,૬૦૦ના મુદામાલ પકડી ભઠ્ઠી ના નાશ કરી દારૂ બનાવનાર ખડાનેશ તા.ભાણવડ જી.દેવભુમી દ્વારકાવાળા ઈસમ વિરુધ્ધ ધોરણસરની કાર્યવાહી કરી છે જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓ દ્વારા પ્રોહી/જુગારની બદી નેસ્તનાબુદ કરવા ખાસ સુચના કરેલ હોય જે અનુસંધાને પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાનાયર દ્વારા જિલ્લામા પ્રોહી/જુગારની ગેરકાયદેસર પ્રવુતિ અંકુશમાં ખાસ સુચના કરેલ હોય જે અનુસંધાને રાણાવાવ ડીવીઝન વિભાગના ના.પો. અધિ. ધ્રુવલ સી. સુતરીયા નાઓના માર્ગદર્શન હેઠળ રાણાવાવ પો.સ્ટે. ના પો.ઈન્સ. બી.જી.ડાંગર દ્વારા



રાણાવાવ પોલીસ સ્ટાફને પ્રોહી.પ્રવૂતિ કરતા ઈસમોને ત્યાં રેઈડો કરવા સુચના કરવામાં આવેલ જે અન્વયે રાણાવાવ પો.સ્ટે.ના પો.સબ.ઈન્સ. આર.વી. મોરી તથા પોલીસ સ્ટાફના માણસો બરડા ડુંગર/જંગલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન રાણાવાવ પો.સ્ટે.ના પો.કોન્સ. સંજય વાલાભાઈ તથા સરમણ દેવાયતભાઈ તથા જયમલ સામતભાઈ ને મળેલ સંયુક્ત હકિકત આધારે બરડા ડુંગર અજમાપાટનેશ થી પશ્ચિમે આશરે ૦૨ કિ.મી. દુર પાણીની જરમાં હકિકત વાળી જગ્યાએ સર્ચ કરી રેઈડ કરતા ભીમા અમરાભાઈ કોડીયાતર રહે.હાલ ખડાનેશ તા.ભાણવડ જી.દેવભુમી દ્વારકા મુળ રહે. ફાટલનેશ તા.રાણાવાવ જી.પોરબંદર વાળાની દેશી દારૂની ભઠ્ઠી મળી આવેલ જેમાં દેશી દારૂ બનાવવાનો ભઠ્ઠીમાંથી આથો લીટર ૮૦૦ તથા દેશી દારૂ લીટર ૨૦૦ તથા ભઠ્ઠીના સાધનો મળી કુલ કિ.રૂ.૬૩,૬૦૦/- નો મુદામાલ મળી આવતા ભીમા અમરાભાઈ કોડીયાતર રહે.હાલ ખડાનેશ તા.ભાણવડ જી.દેવભુમી દ્વારકા મુળ રહે. ફાટલનેશ તા.રાણાવાવ જી.પોરબંદર વાળા હાજર નહી મળેલ આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી રાણાવાવ પો.સ્ટે.માં પ્રોહીબિશનનો ગુન્હો રજી. કરાવેલ છે

આ કામગીરી કરનાર અધિ./કર્મચારીઓમાં રાણાવાવ પો.સ્ટે. ના પો.ઈન્સ. બી.જી.ડાંગર તથા પો.સબ.ઈન્સ. આર.વી.મોરી તથા પો.હેડ.કોન્સ. બી.જે.દાસા, તથા પો.કોન્સ. સંજય વાલાભાઈ, સરમણ દેવાયતભાઈ, જયમલ સામતભાઈ, કૃણાલસિંહ પ્રવિણસિંહ, અતુલ કરશનભાઈ દ્વારા કરવામાં આવેલ હતી.

# સાવધાન! સોશિયલ મીડિયાની 'ફ્રેન્ડ રિક્વેસ્ટ' બની શકે છે બરબાદીનું કારણઃ અજાણ્યા સાથે દોસ્તી કરતા પહેલા ૧૦૦ વાર વિચારજો!

• *વિશેષ લેખઃ પવન માકન (ગ્રુપ એડિટર)*

આજનો યુગ ડિજિટલ યુગ છે. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ હવે આપણા જીવનનો અભિન્ન હિસ્સો બની ગયા છે. પરંતુ, આ ડિજિટલ દુનિયા જેટલી આકર્ષક લાગે છે, એટલી જ તે જોખમી પણ છે. છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર થયેલી 'એક ભૂલભરેલી દોસ્તી'ના કારણે હજારો લોકો પોતાની આબરૂ, પૈસા અને માનસિક શાંતિ ગુમાવી ચુક્યા છે.ટેકનોલોજીનો ઉપયોગ પ્રગતિ માટે કરો, પણ પાયમાલી માટે નહીં. સામાજિક પ્રતિષ્ઠા બનાવતા વર્ષો લાગે છે, પણ સોશિયલ મીડિયા પરની એક નાની ભૂલ તેને ક્ષણવારમાં ધૂળમાં મેળવી શકે છે.

સમજદાર બનો, સુરક્ષિત રહો—કારણ કે તમારી એક ક્લિક તમારી જિંદગી બદલી શકે છે!

★★★ *દેખાય છે તેવું હોતું નથી!*

સોશિયલ મીડિયા પર કોઈ સુંદર ચહેરો કે આકર્ષક પ્રોફાઈલ જોઈને હરખાઈ જવાની જરૂર નથી. સાયબર અપરાધીઓ અજાણ્યા લોકો સાથે દોસ્તી કરીને પહેલા તેમનો વિશ્વાસ જીતે છે અને પછી શરૂ થાય છે બ્લેકમેલિંગનો ખેલ.

* *હનીટ્રેપનો શિકારઃ* મીઠી-મીઠી વાતો કરીને અંગત પળો કે વિગતો કઢાવી લેવામાં આવે છે અને પછી તેને વાયરલ કરવાની ધમકી આપી લાખો રૂપિયા પડાવવામાં આવે છે.

* *ફેક પ્રોફાઈલઃ* યાદ રાખજો, જેની સાથે તમે કલાકો સુધી ચેટિંગ કરો છો, તે ખરેખર કોણ છે તેની તમને ખબર પણ નથી હોતી.

★★★ *તમારી પ્રાઈવસી તમારા હાથમાં*

ઘણા લોકો પોતાની અંગત માહિતી, કુટુંબના ફોટા અને લોકેશન સોશિયલ મીડિયા પર ખુલ્લેઆમ શેર કરે છે. આ વિગતોનો ઉપયોગ કરીને અપરાધીઓ તમારા સુધી પહોંચી શકે છે.

» 'એક અજાણ્યાની ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકારવી એટલે તમારા ઘરનો દરવાજો કોઈ અજાણ્યા ચોર માટે ખુલ્લો મૂકવા જેવું છે.'

»

★★★ *આટલું ખાસ ધ્યાનમાં રાખજોઃ*

૧. જેમને તમે રૂબરૂમાં ઓળખતા નથી, તેમની ફ્રેન્ડ રિક્વેસ્ટ ક્યારેય સ્વીકારશો નહીં.

૨. કોઈ પણ અજાણી વ્યક્તિ સાથે અંગત વિગતો કે બેંકિંગ માહિતી શેર કરવી નહીં.

૩. વીડિયો કોલ કરતા પહેલા સાવચેત રહો, કારણ કે તે રેકોર્ડ કરીને તમારી સામે હથિયાર તરીકે વાપરી શકાય છે.

૪. જો કોઈ તમને બ્લેકમેલ કરવાનો પ્રયાસ કરે, તો ડરવાને બદલે તાત્કાલિક સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કરો.

*પાક્કો ગુજરાતનો સંદેશઃ*

ટેકનોલોજીનો ઉપયોગ પ્રગતિ માટે કરો, પણ પાયમાલી માટે નહીં. સામાજિક પ્રતિષ્ઠા બનાવતા વર્ષો લાગે છે, પણ સોશિયલ મીડિયા પરની એક નાની ભૂલ તેને ક્ષણવારમાં ધૂળમાં મેળવી શકે છે.

સમજદાર બનો, સુરક્ષિત રહો—કારણ કે તમારી એક ક્લિક તમારી જિંદગી બદલી શકે છે!

*સત્યની સાથે, જનતાના પક્ષે - પાક્કો ગુજરાત ન્યૂઝ*

## ભારતીય લોકશાહી આજે એક એવા વળાંક પર ઉભી છે

# અંતરનો અવાજ: નેતા બનો, ડીલર નહીં; સમાજ હવે જાગૃત છે!

• *લેખકઃ પવન માકન (ગ્રુપ એડિટર)*

ભારતીય લોકશાહી આજે એક એવા વળાંક પર ઉભી છે જ્યાં 'રાજનીતિ' અને 'રણનીતિ' વચ્ચેનો તફાવત ભૂંસાઈ રહ્યો છે. કમનસીબે, આજના સમયમાં કેટલાક લોકો માટે રાજકારણ એ જનસેવાનું માધ્યમ નહીં, પણ 'ડીલિંગ'નો વ્યવસાય બની ગયો છે. પરંતુ આવા તત્વોએ એક વાત ગાંઠે બાંધી લેવી જોઈએ કે ગુજરાતનો સમાજ હવે ઘેટાં-બકરાંની ટોળી નથી, તે જાગૃત છે, સમજદાર છે અને સૌથી વધુ તો તે સત્તાના અહંકારને ઓળખતો થયો છે. *સેવા અને સોદાબાજી વચ્ચેનો તફાવત*

નેતા એ છે જે સમાજની પીડાને પોતાની સમજે, જે મુશ્કેલીના સમયે લોકોની વચ્ચે ઉભો રહે. જ્યારે 'ડીલર' એ છે જે માત્ર ચૂંટણી સમયે જ દેખાય છે અને સત્તાના બદલામાં વ્યક્તિગત હિતોના સોદા કરે છે. જ્યારે રાજકારણમાં સિદ્ધાંતોનું સ્થાન સ્વાર્થ લે છે, ત્યારે જનતાનો વિશ્વાસ તૂટે છે. આજે જનતાને એવા નેતાની જરૂર છે જે સિંહની જેમ નિર્ભય બનીને સાચું બોલી શકે, નહીં કે એવા લોકોની જે પડદા પાછળ બેસીને માત્ર ગોઠવણો (Settings) કરવામાં વ્યસ્ત હોય.

*સમાજની જાગૃતિ એ જ સત્તાનો પડકાર*

વખત બદલાયો છે. હવે પ્રજા માત્ર વાયદાઓથી ભોળવાતી નથી. સોશિયલ મીડિયાના યુગમાં અને માહિતીના અધિકારના સમયમાં, નેતાની દરેક ચાલ પર જનતાની નજર છે. જે નેતાઓ એમ સમજે છે કે તેઓ જનતાને ભ્રમિત કરી શકશે, તેઓ પોતે જ ભ્રમમાં જીવે છે.

* *ડીલરશાહીનો અંતઃ* જેઓ પક્ષ કે પદને પોતાની જાગીર સમજીને બેઠા છે, તેમને જનતાએ અનેકવાર અરીસો બતાવ્યો છે.

* *જવાબદેહીઃ* હવે પ્રજા પ્રશ્નો પૂછે છે—વિકાસના, શિક્ષણના અને નૈતિકતાના.

*સિંહ બનો, શિયાળ નહીં!*

નેતામાં સિંહ જેવી ખુમારી હોવી જોઈએ. જે લોકહિત માટે ગમે તેવા શક્તિશાળી તત્વો સામે પણ ઝૂક્યા વગર લડી શકે. રાજકારણ એ કાવાદાવાની રમત નથી, પણ ચારિત્ર્યની કસોટી છે. જો તમે સમાજનું નેતૃત્વ કરવા માંગતા હોવ, તો પહેલા સમાજનો ભરોસો જીતવો પડશે, અને ભરોસો 'ડીલ' થી નહીં, પણ 'દિલ' થી જીતાય છે.

ખાડિયા હોય કે ગુજરાતનો કોઈ પણ ખૂણો, જનતા હવે પરિવર્તન ઈચ્છે છે—એવું પરિવર્તન જ્યાં નેતા જનતાનો સેવક હોય, માલિક નહીં. યાદ રાખજો, જેઓ જનતાના ભોગે પોતાની સત્તાની ખેતી કરે છે, તેમને સમય આવ્યે જનતા જ ઉખેડી ફેંકે છે. માટે, નેતા બનો, લોકનાયક બનો, પણ 'ડીલર' બનીને પોતાની ગરિમા ન વેચો.સમાજ જાગૃત છે, અને તે સિંહની ગર્જના સાંભળવા તૈયાર છે!

*સત્યની સાથે, જનતાના પક્ષે - પાક્કો ગુજરાત ન્યૂઝ*

## તંત્રીની કલમે


# અંતરનો અવાજ: એક અનામી લાગણીનું આકાશ

લેખક: પવન માકન (ગ્રુપ એડિટર)

માનવીય સંબંધોની દુનિયામાં કેટલીક લાગણીઓ એવી હોય છે જેને કોઈ નામની જરૂર નથી હોતી. તે માત્ર અનુભવવાની હોય છે. ક્યારેક કોઈ વ્યક્તિ વિશે વિચારતા જ મનના ઊંડા ખૂણે ધરબાયેલી એવી સંવેદનાઓ જાગી ઉઠે છે, જે કદાચ આપણે ક્યારેય કોઈને કહી શકતા નથી. તે એક એવી 'અધૂરી ઈચ્છા' જેવી હોય છે, જે આપણને બેચેન તો કરે છે, પણ સાથે સાથે જીવવાનો એક અનોખો ઉત્સાહ પણ આપે છે.

★★★ *પ્રેમ કે પાગલપન?*

ઘણીવાર આપણે જેને પ્રેમ કહીએ છીએ, તે વાસ્તવમાં સામી વ્યક્તિના અસ્તિત્વને સ્વીકારવાની પ્રક્રિયા છે. જ્યારે તમે કોઈના માટે 'પાગલપન' અનુભવો છો, ત્યારે તેનો અર્થ એ નથી કે તમે તેને પામવા માંગો છો. સાચું પાગલપન તો એ છે કે, પોતાની પરવાહ કર્યા વગર માત્ર સામી વ્યક્તિની ખુશીની કામના કરવી.



» 'તારું નામ મનમાં એક હલચલ મચાવે છે, પણ એ બેચેનીમાં પણ એક અનોખી શાંતિ છે.'

»

★★★ *નિઃસ્વાર્થ કામના: તું ખુશ રહે...*

સંબંધોમાં જ્યારે 'હું' ઓગળી જાય અને માત્ર 'તું' બાકી રહે, ત્યારે લાગણી પવિત્ર બને છે. જ્યારે આપણે કોઈને કહીએ છીએ કે, 'તું તારી દુનિયામાં ખોવાઈ જા, કંઈક કરી બતાવ,' ત્યારે આપણે તેને બંધનમાંથી મુક્ત કરીએ છીએ. સાચો સાથ એ નથી કે કોઈ હંમેશા તમારી નજર સામે રહે, પણ સાચો સાથ એ છે કે જ્યારે તે તમારી પાસે ન હોય, ત્યારે પણ તમારી અંદર રહેલી તેની યાદો તેને હિંમત આપતી રહે.

★★★ *ઉડાન તારી, આકાશ આપણું*

દરેક વ્યક્તિમાં એક અનોખી શક્તિ હોય છે, બસ જરૂર હોય છે તો માત્ર કોઈના અતૂટ વિશ્વાસની. જ્યારે આપણે કોઈને કહીએ છીએ કે, 'બસ તું તારી પાંખો ફેલાવ અને ઉડવા માંડ,' ત્યારે આપણે તેને આખું આકાશ સોંપી દઈએ છીએ.

જીવનમાં કોઈક એવું હોવું જોઈએ જે તમારી ગેરહાજરીમાં પણ તમારો પડછાયો બનીને ઉભું રહે. ભલે રસ્તાઓ અલગ હોય, મંજિલ અલગ હોય, પણ એકબીજા માટેની જે સદભાવના છે, તે જ જીવનનો સાચો અર્ક છે.

* અંતે તો એટલું જ...*કે ખુશી એ નથી કે તમે કોની સાથે છો, ખુશી એ છે કે તમે જેને ચાહો છો તે પોતાના સપનાઓ સાકાર કરી રહ્યું છે. તું ઉડતો રહે, વધતો રહે અને તારી પાંખોને આ આભ પણ નાનું પડે એવી પ્રગતિ કર—હું તો હંમેશા તારી સાથે જ છું.

પવન માકન

---

## અધ્યાય - ૨

### કાયરતા છોડો, કર્તવ્ય પકડો: શ્રીકૃષ્ણનો વિજયી શંખનાદ!

# મૃત્યુનો ડર કે જીવન નો મોહ? શ્રી કૃષ્ણએ તોડ્યો અર્જુન નો ભ્રમ

## ડિપ્રેશનથી ડિસિઝન સુધી: જ્યારે શ્રી કૃષ્ણ બન્યા વિશ્વના પ્રથમ કાઉન્સેલર!

• શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્રેણી: અધ્યાય - ૨ (સાંખ્ય યોગ)

ગીતાનો બીજો અધ્યાય એ માત્ર જ્ઞાનનો સંગ્રહ નથી, પણ માનસિક સ્વાસ્થ્ય (Mental Health) નો સૌથી મોટો ગ્રંથ છે. પ્રથમ અધ્યાયના અંતે અર્જુન જે સ્થિતિમાં હતો, તેને આજની ભાષામાં આપણે 'ગંભીર ડિપ્રેશન' કે 'પેનિક એટેક' કહી શકીએ. હાથ ધ્રૂજવા, પરસેવો છૂટવો અને લડવાનો વિચાર સુધ્ધાં છોડી દેવો આ એક એવા માણસના લક્ષણો હતા જે પોતાની લડાઈ લડતા પહેલા જ હારી ગયો હતો.

અહીં ભગવાન શ્રીકૃષ્ણ વિશ્વના પ્રથમ અને સર્વશ્રેષ્ઠ 'કાઉન્સેલર' તરીકે પ્રગટ થાય છે. કૃષ્ણ જાણે છે કે અર્જુનને માત્ર મીઠી વાતોની નહીં, પણ સત્યના ઝટકાની જરૂર છે.

કૃષ્ણ અર્જુનને સીધો સવાલ કરે છે - 'ક્લૈબ્યં મા સ્મ ગમઃ પાર્થ' (હે પાર્થ, આ નપુંસકતા તને શોભતી નથી). કૃષ્ણની કાઉન્સેલિંગ શૈલી અજોડ છે. તેઓ પહેલા અર્જુનને પૂરતો સાંભળે છે અને પછી તેની નબળાઈ પર પ્રહાર કરે છે જેથી તેનું આત્મસન્માન જાગે.

જીવન પાઠજેમ એક સર્જન ડોક્ટરપોતાનાજસંતાનનુંઓપરેશનકરતી વખતે ઈમોશનલ થઈને ધ્રૂજવા લાગે છે, તેમ અર્જુન પણ ઈમોશનલ બ્લેકમેલિંગનો શિકાર બન્યો હતો. કૃષ્ણ આપણને શીખવે છે કે 'ડિપ્રેશન' માંથી બહાર આવવાનો એક જ રસ્તો છે વાસ્તવિકતાનો સ્વીકાર અને કર્તવ્ય તરફનું પહેલું ડગલું.



હાર સ્વીકારી લેવી એ જ ખરી હાર છે, બાકી મેદાનમાં પછડાયા પછી ઊભા થવું એ જ વીરતા છે.

મૃત્યુનો ડર કે જીવનનો મોહ? કૃષ્ણએ તોડેલો અર્જુનનો ભ્રમ.

અર્જુન જે દલીલો કરતો હતો કે 'હું મારા ગુરુઓ અને પિતામહને કેવી રીતે મારી શકું?', તેની પાછળ હકીકતમાં અહિંસા નહોતી, પણ 'મોહ' હતો. આપણે જેને પ્રેમ સમજીએ છીએ તે ઘણીવાર આપણી આસક્તિ (Attachment) હોય છે. કૃષ્ણ અહીં આત્માની અમરતાનું ગૂઢ જ્ઞાન આપે છે. તે સમજાવે છે કે મૃત્યુ એ અંત નથી, માત્ર પરિવર્તન છે. 'નૈનં છિન્દન્તિ શસ્ત્રાણી...' એટલે કે આત્માને શસ્ત્રો કાપી શકતા નથી, અગ્નિ બાળી શકતી નથી. તું જેનો શોક કરે છે તે શરીર તો જવાનું જ છે, પણ જે અંદરનું તત્વ છે તે સનાતન છે. જેમ આપણો ફોન બગડી જાય ત્યારે આપણે નવો ફોન લઈએ છીએ, પણ જૂના ફોનનો બધો ડેટા (Cloud) માં સચવાયેલો હોય છે અને તે નવા ફોનમાં ટ્રાન્સફર થઈ જાય છે, તેમ શરીર બદલાય છે પણ આત્મા અવિનાશી છે. અર્જુનનો ભ્રમ એ હતો કે 'તે' કોઈને મારી રહ્યો છે. જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે, તો પછી જે અનિવાર્ય છે તેનો શોક શા માટે? કૃષ્ણ આપણને શરીરના મોહથી ઉપર ઉઠીને આત્માના ગૌરવને ઓળખતા શીખવે છે.

શૂન્યમાંથી સર્જન: જ્યારે હારેલો યોદ્ધા ફરી ગાંડીવ ઉઠાવે છે.

બીજા અધ્યાયના અંત સુધીમાં અર્જુનની મનઃસ્થિતિ બદલાવા લાગે છે. કૃષ્ણ તેને 'સ્થિતપ્રજ્ઞ' ના લક્ષણો સમજાવે છે એવો માણસ જે સફળતામાં છકી જતો નથી અને નિષ્ફળતામાં તૂટી જતો નથી. ગીતાનો સૌથી મોટો મંત્ર છે 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન'. અર્જુન પરિણામના ડરથી (શૂન્ય પર) બેસી ગયો હતો. કૃષ્ણ તેને સમજાવે છે કે જો તું પરિણામનો મોહ છોડીને માત્ર તારી ફરજ બજાવીશ, તો તારી શક્તિ અનેકાગણી વધી જશે.

જો બેટ્સમેન પીચ પર ઉભો રહીને સતત સ્કોરબોર્ડ જોયા કરે, તો તે આવતો બોલ ચૂકી જશે અને આઉટ થઈ જશે. તેણે માત્ર આવનારા 'બોલ' (વર્તમાન કર્મ) પર જ ધ્યાન આપવું જોઈએ. જે રીતે કાચબો પોતાની ઈન્દ્રિયોને જરૂર પડ્યે સંકેલી લે છે, તેમ જે માણસ સુખ-દુઃખમાં સમાન રહે છે તે જ સાચો વિજેતા છે. સોશિયલ મીડિયા પર કોઈ 'લાઈક' કરે તો બહુ ખુશ થવું અને કોઈ 'ટીકા' કરે તો ડિપ્રેશનમાં આવી જવું આ અસ્થિર મન છે.

ગાંડીવનો પુનઃસ્વીકાર: અર્જુનને સમજાય છે કે યુદ્ધ મેદાનમાં નથી, પણ મન અંદર છે. 'ગાંડીવ' ઉઠાવવું એ માત્ર લડાઈનું પ્રતીક નથી, પણ પોતાની જવાબદારીઓનો હિંમતપૂર્વક સ્વીકાર કરવાનું પ્રતીક છે. વિષાદમાંથી યોગ તરફ

અધ્યાય ૨ (સાંખ્ય યોગ) એ સાબિત કરે છે કે જો તમારી પાસે સાચું જ્ઞાન અને કૃષ્ણ જેવી સ્થિર બુદ્ધિ હોય, તો તમે કોઈ પણ માનસિક ગૂંચવણમાંથી બહાર આવી શકો છો. અર્જુન હવે લડવા માટે તૈયાર થવાની શરૂઆત કરે છે. જે ક્ષણે અર્જુને પોતાનો અહંકાર છોડીને કૃષ્ણને કહ્યું 'શિષ્યસ્તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્' (હું તમારો શિષ્ય છું, મને શરણે લો), તે ક્ષણે તેના વિજયનો પાયો નખાઈ ગયો.

શું તમે પણ તમારા જીવનના 'યુદ્ધ' થી ભાગી રહ્યા છો?

યાદ રાખજો, કૃષ્ણ આજે પણ તમારી બુદ્ધિના રથ પર બેસીને કહી રહ્યા છે 'ઊઠ, ધનુષ ઉઠાવ અને તારું કર્મ કર. બાકીનું હું જોઈ લઈશ!'

(ક્રમશ: આગામી અધ્યાય ૩ માં આપણે સમજીશું 'કર્મયોગ'. માત્ર જ્ઞાન મેળવવાથી શું કામ પૂરું થઈ જાય છે? કૃષ્ણ આપણને શીખવશે કામ કરવાની સાચી અને શ્રેષ્ઠ રીત!)

દર્શના પટેલ (નેશનલ મેડાલિસ્ટ)

---

# બનાસકાંઠા પોલીસનું 'ઓપરેશન દેવ': ૪ કલાકમાં બાળ તસ્કરીના રેકેટનો ફિયાસ્કો

## 'ઓપરેશન દેવ'* હેઠળ માત્ર ૪ કલાકમાં બચાવીને બાળ તસ્કરીના મોટા રેકેટનો પર્દાફાશ કર્યો

• *પાલનપુર: વિશેષ અહેવાલ (ટીમ પાક્કો ગુજરાત)*

બનાસકાંઠા જિલ્લા પોલીસે ગુનેગારોના મનમાં ફાળ પાડી દે તેવી કામગીરી કરીને ફરી એકવાર સાબિત કરી દીધું છે કે ખાખી ધારે તો ગમે તેવા શાતિર અપરાધીઓને ગણતરીની કલાકોમાં પાતાળમાંથી પણ શોધી કાઢે છે. પાલનપુર-અંબાજી હાઈવે પરથી અપહરણ કરાયેલા ૪ વર્ષના માસૂમને પોલીસે *'ઓપરેશન દેવ'* હેઠળ માત્ર ૪ કલાકમાં બચાવીને બાળ તસ્કરીના મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે.

*ચોકલેટની લાલચ આપી શ્રમિકના લાલનું અપહરણ*

ગત ૬ તારીખે ધનપુરા પાટિયા નજીક એક શ્રમિક પરિવારનું બાળક રમી રહ્યું હતું, ત્યારે માનવતાના દુશ્મન એવા બે નરાધમોએ તેને ચોકલેટની લાલચ આપીને ઉપાડી લીધું હતું. બાળક ગુમ થતા જ પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. જોકે, બનાસકાંઠા પોલીસ વડા પ્રશાંત સુમ્બેના માર્ગદર્શન હેઠળ વડગામ પોલીસ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચ તુરંત એક્શન મોડમાં આવી ગઈ હતી.

*૭૦ કિમીના CCTV અને ટેકનિકલ સર્વેલન્સની જાળ*

બાળકને શોધવા માટે પોલીસે આધુનિક ટેકનોલોજી અને હ્યુમન ઈન્ટેલિજન્સનો સમન્વય કર્યો હતો. અંદાજે ૭૦ થી ૮૦ કિમીના વિસ્તારમાં લાગેલા CCTV કેમેરા ખુંદી નાખ્યા બાદ પોલીસ શૈલેશ ગમાર અને બાબુ ઉર્ફે બાબુ ભગોરા સુધી પહોંચી હતી. અપહરણના માત્ર ૪ કલાકમાં જ પોલીસે બંને આરોપીઓને દબોચી લીધા હતા અને બાળકને સુરક્ષિત રીતે તેના માતા-પિતાના ખોળામાં સોંપ્યું હતું.

*રૂ. ૧.૫૦ લાખમાં માસૂમોના સોદાનું નેટવર્ક*

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જે ખુલાસા થયા છે તે કંપારી છૂટી જાય તેવા છે. આ આરોપીઓ બાળકોનું અપહરણ કરીને અન્ય રાજ્યોમાં ૧.૫૦ લાખ રૂપિયા સુધીની કિંમતમાં વેચી દેતા હતા. મુખ્ય આરોપી શૈલેશ ગમારે અગાઉ પણ એક બાળકીને ૧ લાખમાં વેચી હોવાની કબૂલાત કરી છે.

*પાક્કો ગુજરાતનો સંદેશ:*

પોલીસની આ ત્વરિત કામગીરીને 'પાક્કો ગુજરાત' સલામ કરે છે. પરંતુ, આ ઘટના તમામ વાલીઓ માટે લાલબત્તી સમાન છે. આસપાસ ફરતા અજાણ્યા તત્વોથી સાવધ રહો.

---

# ખાડિયામાં સત્તાનો મોહ કે અસ્તિત્વની લડાઈ?

## 'કદ' વેતરાયા છતાં માલિકી હક જતાવવાની મથામણ હાસ્યાસ્પદ!

• અમદાવાદ: વિશેષ વિશ્લેષણ (ટીમ પાક્કો ગુજરાત)

અમદાવાદનું જે ખાડિયા એક સમયે ભાજપનો અતૂટ ગઢ ગણાતું હતું, તે ખાડિયા આજે કોના પાપે ખાલી થયું? આ સવાલનો જવાબ ખાડિયાની જનતા, ભાજપનું મોવડી મંડળ અને પાયાના કાર્યકરો પણ સારી રીતે જાણે છે. છતાં, પોતાની રાજકીય જમીન સરકતી જોઈ કેટલાક લોકો હવે સાંપ્રદાયિક વાતાવરણ ડહોળીને પોતાનું મહત્વ વધારવા માટે 'વાણી વિલાસ' પર ઉતરી આવ્યા છે.

*હાર ભાળી જતા 'વાણી વિલાસ'નો સહારો*રાજકારણમાં જ્યારે જનતાનો સાથ છૂટે છે, ત્યારે નેતાઓ ઘણીવાર ભાન ભૂલતા હોય છે. ખાડિયાની વર્તમાન સ્થિતિ પાછળ જવાબદાર લોકો હવે પોતાની હાર નજર સામે જોઈ રહ્યા છે. આ હારના ડરને કારણે જ સમાજમાં વૈમનસ્ય ફેલાવવાના અને ભડકાઉ નિવેદનો આપીને લાઈમલાઈટમાં આવવાના પ્રયાસો થઈ રહ્યા છે. પ્રજા બધું જ સમજે છે કે આ વાણી વિલાસ જનતાના હિત માટે નથી, પણ પોતાના ડૂબતા કરિયરને બચાવવા માટે છે.

★★★ *કદ પ્રમાણે વેતરાયા છતાં 'ઈજારાશાહી'ની જીદ*

ભાજપના નેતૃત્વએ જેમના કદ પ્રમાણે તેમને વેતરી નાખ્યા છે, તેવા તત્વો હજુ પણ એવા ભ્રમમાં જીવે છે કે ખાડિયા અને ભાજપ પર તેમનો માલિકી હક છે.

* *લુલા પ્રયત્નો:* સંગઠન અને વિસ્તારમાં પ્રભાવ ગુમાવ્યા બાદ પણ 'અમે જ બધું છીએ' તેવું સાબિત કરવાના પ્રયાસો અત્યારે હાસ્યાસ્પદ બની રહ્યા છે.

* *માલિકી હકનો ભ્રમ:* લોકશાહીમાં પક્ષ કે વિસ્તાર કોઈની જાગીર હોતી નથી. કાર્યકરોની ઉપેક્ષા અને પ્રજાથી દૂરી રાખનારા નેતાઓ જ્યારે ઈજારો પ્રસ્થાપિત કરવા નીકળે છે, ત્યારે જનતા માત્ર મૌન રહીને તમાશો જુએ છે.

★★★ *ખાડિયાની પ્રજા અને કાર્યકરોમાં ગણગણાટ*

ખાડિયાના પાયાના કાર્યકરોમાં પણ અત્યારે ભારે રોષ જોવા મળી રહ્યો છે. જે નેતૃત્વએ વિસ્તારને ખાલી કરી નાખ્યો, તે જ નેતૃત્વ હવે પોતાની ખુરશી બચાવવા માટે સાંપ્રદાયિક કાર્ડ રમી રહ્યું છે. પ્રશ્ન એ છે કે, જ્યારે વિકાસના કામો કરવાના હતા અને સંગઠનને મજબૂત કરવાનું હતું ત્યારે આ 'વાણી વિલાસ' કરનારા ક્યાં હતા?

*પાક્કો ગુજરાતનો સવાલ:*

શું ખાડિયાની સમજદાર જનતા આવા સાંપ્રદાયિક પ્રયોગોથી ભોળવાઈ જશે? કે પછી જેમના પાપે ખાડિયાની રાજકીય અસ્મિતાને ઠેસ પહોંચી છે.

---

## રાશીફળ (તા.09-04-2026)

- **મેષ (અ.લ.ઈ)** – આજનો દિવસ તમારા માટે ઊર્જા અને ઉત્સાહથી ભરેલો રહેશે. કાર્યક્ષેત્રમાં નવા અવસર મળી શકે છે, જેનો લાભ લેવાથી ભવિષ્યમાં સારા પરિણામ મળશે. જો તમે કોઈ નવા પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છો.
- **વૃષભ (બ.વ.ઉ)** – આજે આર્થિક મામલાઓમાં સાવધાની રાખવાની જરૂર છે. ખર્ચ પર નિયંત્રણ રાખો અને રોકાણ વિચારપૂર્વક કરો. કાર્યક્ષેત્રમાં મહેનતનું ફળ મળવામાં થોડો સમય લાગી શકે છે.
- **મિથુન (ક.છ.ઘ)** – આજનો દિવસ મિશ્ર પરિણામ આપનાર રહેશે. કાર્યક્ષેત્રમાં કેટલીક પડકારોનો સામનો કરવો પડી શકે છે, પરંતુ તમારી બુદ્ધિ અને સમજદારીથી તમે તેને હલ કરી શકશો.
- **કર્ક (ડ.હ)** – આજે તમને તમારા કાર્યોમાં સફળતા મળી શકે છે. ઓફિસમાં તમારી પ્રશંસા થશે અને નવી જવાબદારીઓ મળી શકે છે. પરિવારમાં કોઈ શુભ કાર્યની યોજના બની શકે છે.
- **સિંહ (મ.ટ)** – આજનો દિવસ તમારા માટે સકારાત્મક રહેશે. કાર્યક્ષેત્રમાં તમારી મહેનત રંગ લાવશે અને વરિષ્ઠોનો સહયોગ મળશે. વ્યવસાયમાં લાભના સંકેત છે.
- **કન્યા (પ.ઠ.ણ)** – આજે તમને તમારા કામ પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. ઉતાવળમાં લેવાયેલા નિર્ણયો નુકસાન પહોંચાડી શકે છે. આર્થિક મામલાઓમાં સાવધ રહો. પરિવારનો સહયોગ મળશે.
- **તુલા (ર.ત)** – આજનો દિવસ તમારા માટે સારો રહેશે. કાર્યક્ષેત્રમાં સફળતા મળશે અને નવા અવસર પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિમાં સુધારો થશે.
- **વૃશ્ચિક (ન.ય.)** – આજે તમને તમારા ગુસ્સા પર નિયંત્રણ રાખવાની જરૂર છે. કાર્યક્ષેત્રમાં કોઈ સાથે વિવાદ થઈ શકે છે, તેથી સંયમ રાખો. આર્થિક મામલાઓમાં સાવધાની રાખો.
- **ધન (ભ.ધ.ફ.ઢ)** – આજનો દિવસ તમારા માટે અનુકૂળ રહેશે. કાર્યક્ષેત્રમાં સફળતા મળશે અને નવા અવસર પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત રહેશે. પરિવાર સાથે સમય વિતાવવાનો મોકો મળશે.
- **મકર (ખ.જ)** – આજે તમને તમારા કાર્યોમાં વધુ મહેનત કરવી પડી શકે છે. કાર્યક્ષેત્રમાં કેટલીક અડચણો આવી શકે છે, પરંતુ ધીરજ અને મહેનતથી તમે તેને પાર કરી શકશો.
- **કુંભ (ગ.શ.સ.ષ)** – આજનો દિવસ તમારા માટે લાભદાયક સાબિત થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં પ્રગતિના સંકેત છે અને નવી યોજનાઓ સફળ થઈ શકે છે. આર્થિક સ્થિતિ મજબૂત રહેશે.
- **મીન (દ.ચ.ઝ.થ)** – આજનો દિવસ તમારા માટે થોડો પડકારજનક રહી શકે છે. કાર્યક્ષેત્રમાં અડચણો આવી શકે છે, તેથી ધીરજ અને સમજદારીથી કામ લો. આર્થિક મામલાઓમાં સાવધાની રાખો.

---

# ઈસુદાન ગઢવીની સરકારને ખુલ્લી ચેતવણી: 'ઈટાલિયાને પરેશાન કરશો તો ગુજરાતની જનતા રસ્તા પર ઉતરશે

## સત્તા પક્ષ જેટલો ગોપાલ ઇટાલિયાને હેરાન કરવાનો પ્રયાસ કરશે

• અમદાવાદ: વિશેષ અહેવાલ (ટીમ પાક્કો ગુજરાત)*

ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર ગરમાવો આવ્યો છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ગોપાલ ઈટાલિયા વિરુદ્ધ થઈ રહેલી કાર્યવાહીઓને લઈને સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. ગઢવીએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું છે કે, સત્તા પક્ષ જેટલો ગોપાલ ઈટાલિયાને હેરાન કરવાનો પ્રયાસ કરશે, તેટલો જ જનતાનો આક્રોશ વધશે.

*'દમનચક્ર સામે જનશક્તિનો હુંકાર'*

ઈસુદાન ગઢવીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, લોકશાહીમાં અવાજ દબાવવાનો પ્રયાસ ક્યારેય સફળ થતો નથી. તેમણે આક્ષેપ કર્યો હતો કે ગોપાલ ઈટાલિયા જેવા યુવા નેતા જે જનતાના પ્રશ્નો ઉઠાવે છે, તેમને ખોટી રીતે પરેશાન કરવામાં આવી રહ્યા છે. પરંતુ સરકાર એ ભૂલી રહી છે કે ગોપાલની પાછળ ગુજરાતના હજારો યુવાનો અને સામાન્ય જનતાનો ટેકો છે.

★★★ *શું કહ્યું ઈસુદાન ગઢવીએ?*

* *રસ્તા પર ઉતરશે જનતા:* 'ગોપાલ ઈટાલિયાને તમે જેટલા પરેશાન કરશો, એટલા જ ગુજરાતના લોકો રસ્તા પર ઉતરી આવશે.'

* *ડરની રાજનીતિ:* સરકાર વિરોધ



પક્ષના નેતાઓને જેલ અને પોલીસના જોરે ડરાવવા માંગે છે, પણ અમે ડરવાના નથી.

* *જનતાનો સમર્થન:* ગુજરાતની જનતા બધું જોઈ રહી છે અને યોગ્ય સમયે તેનો જવાબ આપશે.

★★★ *રાજકીય ગરમાવો તેજ*

ચૂંટણીલક્ષી માહોલ વચ્ચે ઈસુદાન ગઢવીનું આ નિવેદન સોશિયલ મીડિયા અને રાજકીય વર્તુળોમાં ખૂબ વાયરલ થઈ રહ્યું છે. એક તરફ સત્તા પક્ષ કાયદાકીય પ્રક્રિયાની વાત કરી રહ્યો છે, તો બીજી તરફ આમ આદમી પાર્ટી તેને 'રાજકીય કિન્નાખોરી' ગણાવી રહી છે.

*પાક્કો ગુજરાતનો સવાલ:*

શું રાજકીય નેતાઓ સામે થતી કાર્યવાહીઓ માત્ર કાયદાકીય છે કે પછી તેની પાછળ આગામી ચૂંટણીઓની વ્યૂહરચના છુપાયેલી છે? જો જનતા રસ્તા પર ઉતરશે તો શું તંત્ર પાસે તેને રોકવાનો કોઈ પ્લાન છે?

આ નિવેદન બાદ હવે જોવાનું એ રહેશે કે સરકાર આ ચેતવણીને કેટલી ગંભીરતાથી લે છે અને આગામી દિવસોમાં ગુજરાતના રાજકારણમાં કેવા નવા વળાંકો આવે છે.

*સત્યની સાથે, જનતાના પક્ષે - પાક્કો ગુજરાત ન્યૂઝ*

---

# વ્હાઈટ હાઉસમાં ખળભળાટ: શું ડોનાલ્ડ ટ્રમ્પ પર સત્તા ગુમાવવાનું સંકટ તોળાઈ રહ્યું છે?

• વોશિંગ્ટન/અમદાવાદ: આંતરરાષ્ટ્રીય ડેસ્ક (ટીમ પાક્કો ગુજરાત)

વિશ્વના સૌથી શક્તિશાળી દેશ ગણાતા અમેરિકાના રાજકારણમાં અત્યારે ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, જેઓ ફરી એકવાર સત્તાના શિખરે પહોંચવા માટે મથામણ કરી રહ્યા છે, તેમની સામે કાયદાકીય અને રાજકીય મોરચે એક એવું સંકટ ઊભું થયું છે જે તેમને સત્તાની રેસમાંથી બહાર કરી શકે છે.

*કાયદાકીય ગુંચવણો અને પડકારો*

ડોનાલ્ડ ટ્રમ્પ પર એક પછી એક અનેક ગંભીર આરોપો લાગી રહ્યા છે. ચૂંટણી પ્રક્રિયામાં દખલગીરીથી લઈને વર્ગીકૃત દસ્તાવેજોની હેરાફેરી સુધીના કેસોમાં તેમની સામે તપાસનો ગાળિયો કસાતો જાય છે. અમેરિકી કાયદાની કેટલીક કલમો મુજબ, જો આ આરોપો સાબિત થાય, તો તેમના ચૂંટણી લડવા પર પણ પ્રતિબંધ આવી શકે છે.

માત્ર વિરોધ પક્ષ જ નહીં, પરંતુ ટ્રમ્પના પોતાના પક્ષમાં પણ હવે ધીમે ધીમે અસંતોષના સૂર સંભળાઈ રહ્યા છે. ઘણા રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે ટ્રમ્પની આક્રમક શૈલી અને તેમની સામેના કેસો પક્ષની છબી ખરાબ કરી રહ્યા છે.

* *શું લોકપ્રિયતામાં ઘટાડો થયો છે?* જોકે ટ્રમ્પ પાસે મોટું સમર્થક જૂથ છે, પરંતુ તટસ્થ મતદારો હવે તેમનાથી અંતર જાળવી રહ્યા હોય તેવું જણાય છે.

* *ન્યાયતંત્રનો નિર્ણય:* જો સર્વોચ્ચ અદાલત તરફથી કોઈ મોટો ફટકો પડે, તો ટ્રમ્પ માટે સત્તાના દ્વાર કાયમ માટે બંધ થઈ શકે છે.

અમેરિકામાં સત્તાનું પરિવર્તન કે ટ્રમ્પ જેવી વ્યક્તિ પર આવતું સંકટ માત્ર અમેરિકા પૂરતું મર્યાદિત નથી. તેની અસર ભારત સહિત સમગ્ર વિશ્વના અર્થતંત્ર અને વિદેશ નીતિ પર પડે છે. ગુજરાતના વેપારી જગતથી લઈને અમેરિકામાં વસતા ગુજરાતીઓ પણ અત્યારે આ ઘટનાક્રમ પર નજર રાખી રહ્યા છે.

*પાક્કો ગુજરાતનો સવાલ:*

શું ડોનાલ્ડ ટ્રમ્પ આ કાયદાકીય ચક્રવ્યૂહમાંથી બહાર નીકળી શકશે? શું જનતાના સમર્થન કરતા કાયદાની કલમો ટ્રમ્પ પર વધુ ભારે પડશે?

અમેરિકાની આ 'પોલિટિકલ ડ્રામા' અત્યારે તેના ચરમસીમા પર છે અને આગામી દિવસોમાં આવનારા ચુકાદાઓ નક્કી કરશે કે ટ્રમ્પ વ્હાઈટ હાઉસમાં પરત ફરશે કે પછી તેમને સત્તાની આ રેસમાંથી વિદાય લેવી પડશે.

# મધ્યમ વર્ગનો આર્તનાદ: પગાર હાથમાં આવે તે પહેલાં જ ક્યાં ગાયબ થઈ જાય છે?

• અમદાવાદ / નવી દિલ્હી

'મારી આવક મને મળે તે પહેલાં જ ક્યાં જાય છે?' - આ પ્રશ્ન આજે ભારતના કરોડો મધ્યમ વર્ગીય પરિવારોનો છે. તાજેતરમાં રાજ્યસભામાં સાંસદ રાઘવ ચઢ્ઢાએ જ્યારે આ મુદ્દો ઉઠાવ્યો, ત્યારે તે માત્ર એક રાજકીય નિવેદન નહીં પણ દેશના પગારદાર વર્ગની વાસ્તવિકતા બનીને ઉભર્યો છે. આ ચર્ચા માત્ર આંકડાઓની નથી, પરંતુ મધ્યમ વર્ગ પર વધી રહેલા અસહ્ય આર્થિક બોજની છે.

**કોર્પોરેટ કરતા વ્યક્તિગત કરદાતાઓનો ફાળો વધ્યો!**

તાજેતરના આંકડાઓ ચોંકાવનારા છે. દેશમાં વ્યક્તિગત કરદાતાઓ આવકવેરા પેટે અંદાજે 11 લાખ કરોડનું યોગદાન આપે છે, જેની સામે કોર્પોરેટ ટેક્સની વસૂલાત અંદાજે ૯.૮ લાખ કરોડ છે. આ સરખામણી દર્શાવે છે કે જેમના પગારમાંથી સીધો ટેક્સ (TDS) કપાય છે, તેવા સામાન્ય કર્મચારીઓ પર નાણાકીય બોજ ઉદ્યોગગૃહો કરતા પણ વધી રહ્યો છે.

**'સેન્ડવિચ વર્ગ'ની બેવડી મુસીબત**

મધ્યમ વર્ગ આજે એક એવી સ્થિતિમાં છે જ્યાં તેને 'સેન્ડવિચ ક્લાસ' કહેવામાં આવે છે:

* નથી મળતી સબસિડી: ગરીબ વર્ગની જેમ તેને સરકારી સબસિડીનો લાભ મળતો નથી.

* નથી મળતા મોટા પ્રોત્સાહનો: મોટા ઉદ્યોગપતિઓની જેમ તેને ટેક્સમાં મોટી છૂટછાટો કે રાહતો મળતી નથી.

**મોંઘવારીનો માર: આંકડા બોલે છે**

જ્યારે આવક મર્યાદિત છે, ત્યારે ખર્ચમાં તોતિંગ વધારો થઈ રહ્યો છે:

* શિક્ષણ ખર્ચ: વાર્ષિક 8% નો વધારો.

* આરોગ્ય સેવાઓ: 9% જેટલો વધારો.

* ભાડું અને રહેઠાણ: 7% નો ઉછાળો.

* ફુગાવો: સતત 6-7% ની આસપાસ રહેતા દૈનિક ચીજવસ્તુઓ મોંઘી થઈ રહી છે.

**શું છે મધ્યમ વર્ગની માંગ?**

આર્થિક નિષ્ણાતો અને કરદાતાઓ તરફથી એવી પ્રબળ માંગ ઉઠી રહી છે કે સરકાર ટેક્સ સિસ્ટમમાં સંતુલન જાળવે. સૂચનો મુજબ, સ્ટાન્ડર્ડ ડિડક્શન (Standard Deduction) ને હાલના 50,000 થી વધારીને 75,000 અથવા 1.5 લાખ સુધી લઈ જવાની જરૂર છે, જેથી પગારદાર વર્ગના હાથમાં ખર્ચવા માટે થોડા વધુ નાણાં બચે.

# પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહને લઈને રાજીવ શુક્લાનું મોટું નિવેદન: 'ષડયંત્ર હેઠળ બદનામ કરાયા, હવે સત્ય સામે આવ્યું'

• નવી દિલ્હી / અમદાવાદ

પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહના શાસનકાળ દરમિયાન જે મુદ્દાઓ પર સૌથી વધુ હોબાળો થયો હતો, તેવા 2G સ્પેક્ટ્રમ અને કોલસા કૌભાંડ (Coal Scam) ને લઈને રાજ્યસભા સાંસદ રાજીવ શુક્લાએ આક્રમક પ્રતિક્રિયા આપી છે. તેમણે ભાજપ અને મીડિયાની ચુપકીદી પર સવાલ ઉઠાવતા મનમોહન સિંહ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. રાજીવ શુક્લાએ જણાવ્યું હતું કે, જે ટુ-જી અને કોલસા કેસના આધારે તત્કાલીન સરકારને બદનામ કરવામાં આવી અને ચૂંટણીમાં હારનો સામનો કરવો પડ્યો, તે બંને કેસમાં અદાલતે તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. કોર્ટે સ્પષ્ટપણે નોંધ્યું છે .

**વિરોધ** કોમોડિટી વાયદાઓમાં રૂ.35009.3 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.193641.19 કરોડનું ટર્નઓવર

# ક્રૂડ તેલના વાયદામાં રૂ.1920નો કડાકો: સોનાના વાયદામાં રૂ.3011 અને ચાંદીના વાયદામાં રૂ.14323નો તીવ્ર ઉછાળો

## સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 23293.33 કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો 36813 પોઈન્ટના સ્તરે




મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.228650.6 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.35009.3 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.193641.19 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો 36813 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.5382.12 કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 23293.33 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.153550ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.154934 અને નીચામાં રૂ.152693ના મથાળે અથડાઈ, રૂ.150289ના આગલા બંધ સામે રૂ.3011ના ઉછાળા સાથે રૂ.153300ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો 8 ગ્રામદીઠ રૂ.2754 વધી રૂ.122580 થયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો 1 ગ્રામદીઠ રૂ.341ની તેજી સાથે રૂ.15356ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.3270ની વૃદ્ધિ સાથે રૂ.152003 થયો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.150999ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.153697 અને નીચામાં રૂ.150999ના મથાળે અથડાઈ, રૂ.149023ના આગલા બંધ સામે રૂ.3431ની તેજી સાથે રૂ.152454ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.240601ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.246376 અને નીચામાં રૂ.240601ના મથાળે અથડાઈ, રૂ.231348ના આગલા બંધ સામે રૂ.14323ના ઉછાળા સાથે રૂ.245671ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.14463 ઊછળી રૂ.248317ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.14448ની તેજી સાથે રૂ.248400ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. 2787.30 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.26.5 વધી રૂ.1186.05 થયો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.1.35 વધી રૂ.330.35ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.1 ઘટી રૂ.354.75ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો 30 પૈસા ઘટી રૂ.195.5ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. 8836.57 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4720ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4947 અને નીચામાં રૂ.4720ના સ્તરને સ્પર્શી, રૂ.116 વધી રૂ.4842ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.10243ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.10243 અને નીચામાં રૂ.8749ના મથાળે અથડાઈ, રૂ.10669ના આગલા બંધ સામે રૂ.1920ના ભાવઘટાડા સાથે રૂ.8749ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.1920 ઘટી રૂ.8747ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.14 ઘટી રૂ.255.8 થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.13.8 ઘટી રૂ.256.2 થયો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.1051ના ભાવે ખૂલી, રૂ.4.2 ઘટી રૂ.1019ના સ્તરે પહોંચ્યો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.110 ઘટી રૂ.28500 થયો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.2570ના ભાવે ખૂલી, રૂ.17 વધી રૂ.2669ના સ્તરે પહોંચ્યો હતો.

ડિપોઝિટ માફી અંગે હજુ કોઈ સૂચના નથી મળી

# ગેસ જોડાણ મફત આપવાની વાતો વહેતી થતાં ગેસ ઓફિસે ટોળાં જામ્યાં, એક જ દિવસમાં 400 અરજી

**મોનિટરિંગ** સ્તરીય સમિતિ રોજેરોજ પેટ્રોલ-ડીઝલ, પીએનજી સહિતનું મોનિટરિંગ કરશે



• વડોદરા

ઈરાન અને ઈઝરાઈલ-અમેરિકાના યુદ્ધથી ગેસ સંકટ ઊભું થયું છે. જેથી સરકારે બોટલ સંદર્ભના કડક નિયમોને અમલમાં મૂક્યા છે. તેવામાં દાંડિયાબજાર ગેસ ઓફિસમાં મોટી સંખ્યામાં લોકો નવાં જોડાણ માટે પહોંચ્યાં હતાં. લોકોની ફરિયાદ હતી કે, ડિપોઝિટ ન લેવાની જાહેરાત છતાં 6 હજાર ડિપોઝિટ લે છે. ઉપરાંત ફોર્મના રૂા.20ને બદલે રૂા.50 ઉઘરાવે છે. ભીડ વધતાં ગેસ વિભાગના કર્મચારીઓએ લોકોની સમજાવટ કરી હતી. બીજી તરફ એક જ દિવસમાં નવું જોડાણ લેવા 400થી વધુ અરજી આવી હતી. સોસાયટી કે મકાન નજીકથી પસાર થતી ગેસ લાઈનનું જોડાણ લેવા સરકારની સૂચના બાદ દાંડિયા બજાર ગેસ ઓફિસ ખાતે મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા. જોકે લોકોએ ડિપોઝિટ ન લેવા અને રૂા.500નો ગેસ મફત આપવાની જાહેરાત થઈ હોવા છતાં ગેસ કંપની ડિપોઝિટ લે છે તેવી ફરિયાદો કરી હતી. આખરે ગેસ વિભાગના કર્મચારીઓએ ડિપોઝિટ નહીં લેવાની જાહેરાત અંગે સ્પષ્ટતા કરી હતી કે, સરકાર તરફથી આવો સર્ક્યુલર ગેસ કંપનીને મળ્યો નથી. સરકારના આદેશ મુજબ કામ કરાય છે. પેટ્રોલ, ડીઝલ, એલપીજી, પીએનજીનો પુરવઠો જળવાઈ રહે તે હેતુથી કલેક્ટર અનિલ ધામેલિયાના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી. જેમાં જિલ્લા સ્તરીય સમિતિની રચના કરાઈ હતી. કલેક્ટરે કહ્યું કે, સમિતિ જિલ્લામાં પેટ્રોલ પંપ, ડીઝલ આઉટલેટ્સ, ખાતર અને જાહેર પરિવહન વ્યવસ્થાનું મોનિટરિંગ કરશે. હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થામાં ગેસનો પુરવઠો મળે તે માટે પગલાં લેવાના આદેશ અપાયા હતા.

સરકારે નવું જોડાણ લેતા લોકોને ઈન્સેટિવ સ્કીમ આપવા કહ્યું હતું. જેમાં ગેસ કંપનીએ 300 રજિસ્ટ્રેશન ફી નાબૂદ કરી છે. ડિપોઝિટ માફીની સૂચના મળી નથી. » સ્વપ્નીલ શુક્લ, એચઓડી, વીજીએલ

પુરવઠા વિભાગના સબ સલામતના દાવા વચ્ચે ગેસ સિલિન્ડર લેવા માટે કતારો લાગી પુરવઠા વિભાગ દ્વારા સિલિન્ડરનો જથ્થો પૂરતા પ્રમાણમાં હોવાનો દાવો કરે છે. જ્યારે સ્ટોકમાં 40 હજારથી વધુ સિલિન્ડર હોવાનું જણાવી રહ્યા છે. જોકે સ્થિતિ અલગ જ જોવા મળી રહી છે. લોકો સોમવારે પાણીગેટ વિસ્તારની ગાયત્રી ગેસ એજન્સીની બહાર સિલિન્ડર લેવા માટે લાઈન લગાવીને ઊભા જોવા મળ્યા હતા. બુકિંગ કરાવ્યું હોવા છતાં લોકોને સિલિન્ડર ન મળતા હોવાની ફરિયાદો ઊઠી છે. સિલિન્ડર ન મળતાં લોકો કાળાબજારમાંથી પણ સિલિન્ડર લેવા મજબૂર બન્યા છે.

# જેતપુરમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડર કૌભાંડનો પર્દાફાશ: SOGના દરોડામાં ૯૩ બોટલ જપ્ત

## માનવ જિંદગી જોખમાય તેવી રીતે સાડીના કારખાનામાં કરાતો હતો ગેરકાયદેસર સંગ્રહ: સંચાલકો સામે ગુનો દાખલ



• જેતપુર

રાજકોટ જિલ્લાના જેતપુરમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની ગેરકાયદેસર સંગ્રહખોરી પર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ તવાઈ બોલાવી છે. ભાદર નદીના સામા કાંઠે આવેલા વાસુકી ઉદ્યોગનગરમાં ચાલતા સાડીના એક કારખાનામાં દરોડો પાડીને પોલીસે અલગ-અલગ કંપનીઓના કુલ ૯૩ જેટલા ગેસ સિલિન્ડર જપ્ત કર્યા છે અને સપ્લાય કરનાર એજન્સીને સીલ મારી કડક કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, જેતપુરના વાસુકી ઉદ્યોગનગરમાં આવેલ 'ખેતલીયા ટેક્ષટાઈલ' નામના સાડીના કારખાનામાં મશીનમાં ઉપયોગમાં લેવા માટે મોટા પાયે કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો સંગ્રહ કરવામાં આવ્યો હોવાની હકીકત સામે આવી હતી. આ માહિતીના આધારે SOG ની ટીમે અચાનક દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, કોઈપણ જાતની સુરક્ષા વિના અને માનવ જિંદગી જોખમાય તેવી રીતે અત્યંત બેદરકારીપૂર્વક આ અનઅધિકૃત સંગ્રહખોરી ચાલી રહી હતી. પોલીસે ઘટનાસ્થળેથી ભરેલા અને ખાલી મળીને કુલ ૯૩ નંગ કોમર્શિયલ ગેસ સિલિન્ડર કબજે કર્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ખૂલ્યું હતું કે, કારખાનામાં આ સિલિન્ડરનો જથ્થો 'મહાદેવ ગેસ એજન્સી' દ્વારા પૂરો પાડવામાં આવતો હતો. આ ગંભીર બેદરકારી સામે કડક એક્શન લેતા પોલીસે કોમર્શિયલ ગેસ પ્રોવાઈડ કરનારી આ મહાદેવ ગેસ એજન્સીને તાત્કાલિક અસરથી સીઝ કરી દીધી છે. હાલમાં પોલીસે મહાદેવ ગેસ એજન્સીના સંચાલક તેમજ ખેતલીયા ટેક્ષટાઈલના સંચાલક વિરુદ્ધ માનવ જિંદગીને જોખમમાં મૂકવા અને ગેરકાયદેસર રીતે જ્વલનશીલ પદાર્થની સંગ્રહખોરી કરવા બદલ કાયદેસરનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. SOGની આ મોટી કાર્યવાહીને પગલે સ્થાનિક ઔદ્યોગિક વિસ્તારમાં અને ગેસ માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# 70 લાખનું પેકેજ પણ ભારતમાં 'ઝેર' લાગે છે? એક ટેક્સપેયરની વ્યથા

## ' મારે મારા બાળકને શુદ્ધ હવા અને પાણી આપવા છે, ખાલી પૈસા નહી!'

• *વિશેષ વિશ્લેષણ: પવન માકન (ગ્રુપ એડિટર)*

સોશિયલ મીડિયા પર અત્યારે એક મેસેજ વાયરલ થઈ રહ્યો છે જે દરેક ભારતીય અને ખાસ કરીને ટેક્સ ભરતા નાગરિકોને વિચારતા કરી દે તેવો છે. એક વ્યક્તિ જે પોતાની પત્ની સાથે મળીને ભારતમાં વાર્ષિક 70 લાખ કમાય છે, તે આ બધું જ છોડીને કેનેડા શિફ્ટ થવા માંગે છે. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે આટલી મોટી કમાણી હોવા છતાં કેમ જવું છે? ત્યારે તેનો જવાબ આપણી સિસ્ટમ માટે લાલબત્તી સમાન હતો.

તે ભાઈનું કહેવું હતું કે મેટ્રો સિટીમાં 70 લાખ કમાઈને સરકારને લાખોનો ટેક્સ ભરવા છતાં બદલામાં શું મળે છે?

* *ખરાબ ઈન્ફ્રાસ્ટ્રક્ચર:* ટેક્સના પૈસા જાય છે ક્યાં? રસ્તાઓ પર ખાડા, ટ્રાફિકની સમસ્યા અને ચોમાસામાં ભરાતા પાણી.

**પ્રદૂષણનું ઝેર:* શુદ્ધ હવા અને પીવાનું ચોખ્ખું પાણી પણ જો પૈસા ખર્ચવા છતાં ન મળતું હોય, તો તેવા મહાનગરોમાં રહેવાનો અર્થ શું?

★★★ *પૈસા તો કમાઈ લઈશું, પણ પરિવાર ક્યાં?*

ભારતનું કોર્પોરેટ કલ્ચર અત્યારે 'ટૉક્સિક' બની રહ્યું છે. સવારે 8 થી રાત્રે 8 વાગ્યા સુધી ગધ્ધા મજૂરી કર્યા પછી માણસ પાસે પોતાના સંતાનો કે પત્ની સાથે વિતાવવા માટે પળ પણ બચતી નથી.

» 'જે પૈસા કમાવા માટે પરિવારનો સાથ જ છોડવો પડે, તે પૈસા શું કામના?' – આ સવાલ આજે હજારો યુવાનો પૂછી રહ્યા છે.

» કેનેડા કે વિદેશી દેશોમાં 'વર્ક-લાઈફ બેલેન્સ' છે. ત્યાં કામના કલાકો નક્કી છે અને વીકેન્ડમાં પરિવાર સાથે વિતાવવા માટે સુંદર વાતાવરણ છે. પૈસા તો ગમે ત્યાં કમાઈ શકાય, પણ શાંતિ અને શુદ્ધ પર્યાવરણ ક્યાંથી લાવવું? આ કિસ્સો માત્ર એક વ્યક્તિનો નથી, પણ ભારતની ભણેલી-ગણેલી અને ટેક્સ ભરતી પેઢીના આક્રોશનો છે. જો સરકારો માત્ર ચૂંટણીના વાયદા અને સાંપ્રદાયિક વાતોમાં વ્યસ્ત રહેશે અને પાયાની સુવિધાઓ (શુદ્ધ હવા, પાણી, રસ્તા) નહીં સુધારે, તો દેશની પ્રતિભાઓ આમ જ પલાયન કરતી રહેશે.

# ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે નોંધાયેલા રાયોટીગના ગુનાનો આરોપી જાકીર જભા મહારાષ્ટ્રના ભીવંડીથી ઝડપાયો



• ગોધરા,

પંચમહાલ જિલ્લાના ગોધરા ટાઉન 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચકચારી રાયોટીંગના ગુનામાં છેલ્લા ઘણા સમયથી નાસતા ફરતા મુખ્ય સૂત્રધાર આરોપીને ઝડપી પાડવામાં પંચમહાલ-ગોધરા એલ.સી.બી. અને એસ.ઓ.જી. પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસની ટીમે બાતમીના આધારે મહારાષ્ટ્રના ભીવંડી ખાતેથી આરોપીની ધરપકડ કરી છે. આગામી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓને ધ્યાને રાખી કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે રેન્જ આઈ.જી. વિધી ચૌધરી અને એસ.પી. ડૉ. હરેશભાઈ દુધાત દ્વારા ગંભીર ગુનાના નાસતા ફરતા આરોપીઓને પકડવા સૂચના અપાઈ હતી. જે અંતર્ગત એસ.ઓ.જી. પી.આઈ. એમ.એ. વાઘેલાના માર્ગદર્શન હેઠળ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સરકારી કર્મયોગીઓને ઉનાળુ વેકેશન દરમિયાન LTCનો લાભ લેવાની ઉત્તમ તક

# ભારત ગૌરવ ટ્રેન' દ્વારા મે માસમાં 'દિવ્ય દક્ષિણ દર્શન યાત્રા'નું ભવ્ય આયોજન

ભારતીય રેલ્વેના ઉપક્રમે દક્ષિણ ભારતના વિવિધ પ્રસિદ્ધ યાત્રાધામના આરામદાયક અને સલામત પ્રવાસ માટે વિશેષ ટ્રેન શરૂ કરવામાં આવી છે. જેમાં

ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિ. (IRCTC) દ્વારા સરકારી કર્મયોગીઓ અને શ્રદ્ધાળુઓ માટે આગામી મે ૨૦૨૬માં એક વિશેષ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે.'ભારત ગૌરવ ટ્રેન' અંતર્ગત આગામી દિ. ૧૨ થી ૨૨ મે, ૨૦૨૬ દરમિયાન 'દિવ્ય દક્ષિણ દર્શન યાત્રા' સાથે મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ' દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં, દક્ષિણ ભારતના સુપ્રસિદ્ધ અને પવિત્ર ધાર્મિક સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ૧૧ દિવસીય પ્રવાસ દરમિયાન યાત્રિકોને પ્રસિદ્ધ યાત્રાધામ તિરુપતિ બાલાજી, રામનાથસ્વામી જ્યોતિર્લિંગ મંદિર, મીનાક્ષી મંદિર, કન્યાકુમારી તેમજ મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગના દર્શન સહિત વિવિધ સ્થાનિક સ્થળોનો પ્રવાસ કરવાનો લ્હાવો મળશે. આ યાત્રાનું પ્રસ્થાન ગુજરાતમાંથી તા. ૧૨ મે ૨૦૨૬ના રોજ રાજકોટથી - સુરેન્દ્રનગર- વિરમગામ- સાબરમતી:અમદાવાદ- નડિયાદ- આણંદ -વડોદરા - ભરૂચ- સુરત થશે. સરકારી કર્મચારીઓને ઉનાળુ વેકેશન દરમિયાન રજા પ્રવાસ રાહત- LTCનો લાભ લેવાની ઉત્તમ તક મળી રહેશે.

આ યાત્રા માટે મુસાફરોની સુવિધા મુજબ વિવિધ ત્રણ કેટેગરીમાં પેકેજ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં ઈકોનોમી ક્લાસ (નોન-એસી સ્લીપર) માટે વ્યક્તિ દીઠ રૂ. ૨૧,૫૨૫/- દર નક્કી કરવામાં આવ્યો છે. કમ્ફર્ટ ક્લાસમાં ૩ ટાયર એસી માટે વ્યક્તિ દીઠ રૂ. ૩૯,૧૦૫/-અને ૨ ટાયર એસી માટે વ્યક્તિ દીઠ રૂ. ૪૮,૧૮૫/- પેકેજ ખર્ચ રાખવામાં આવ્યું છે. આ પેકેજમાં યાત્રાળુઓને આપવામાં આવતી અન્ય વિવિધ સુવિધાઓની વિગતો પણ સત્તાવાર વેબસાઈટ પરથી જાણી શકાશે.

આ યાત્રા પેકેજનું બુકિંગ કરાવવા ઈચ્છતા નાગરિકો - કર્મયોગીઓ વહેલાં તે પહેલાના ધોરણે ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિ.ની સત્તાવાર વેબસાઈટ www.irctctourism.com પર ઓનલાઈન નોંધણી કરાવી શકે છે. આ ઉપરાંત વધુ વિગતો કે પૂછપરછ માટે roadi@irctc.com ઈમેઈલ આઈડી પર અથવા IRCTC ની કચેરી ૫૦૨, પાંચમો માળ, પેલિકન બિલ્ડીંગ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી , આશ્રમ રોડ, અમદાવાદનો સંપર્ક કરી શકાશે તેમ IRCTCની યાદીમાં જણાવાયું છે.

**સરેન્ડર**

**એક્સ પર લખ્યું-ગુજરાતના લોકો પ્રત્યે મારા મનમાં સર્વોચ્ચ સન્માન, કોઈની લાગણીને ઠેસ પહોંચાડવાનો ઉદ્દેશ નહોતો**

# ગુજરાતીઓને અભણ કહેવા મામલે અંતે કોંગ્રેસ અધ્યક્ષ ખડગે સરેન્ડર

## મલ્લિકાર્જુન ખડગેએ 5 એપ્રિલે રવિવારે ઈડુક્કીમાં વિધાનસભા ચૂંટણી પ્રચાર ભાષણ દરમિયાન એક કથિત વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું

• સુરત

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે દ્વારા તાજેતરમાં આપવામાં આવેલા વિવાદિત નિવેદન બાદ ગુજરાતનું રાજકારણ ગરમાયું છે. ભાજપ આ નિવેદનને અસ્મિતા અને ગુજરાતીઓના અપમાન સાથે જોડીને રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શન કરી રહી છે. જો કે આ વિરોધ પ્રદર્શન વચ્ચે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ ખડગેએ એક્સ પર પોસ્ટ કરી દિલગીરી વ્યક્ત કરી છે. તેમણે લખ્યું- કે ગુજરાતના લોકો પ્રત્યે મારા મનમાં સર્વોચ્ચ સન્માન છે, કોઈની લાગણીને ઠેસ પહોંચાડવાનો ઉદ્દેશ નહોતો.

મલ્લિકાર્જુન ખડગેએ 5 એપ્રિલે રવિવારે ઈડુક્કીમાં વિધાનસભા ચૂંટણી પ્રચાર ભાષણ દરમિયાન એક કથિત વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. તેમણે ગુજરાતના લોકોને 'અભણ' ગણાવ્યા હતા અને તેમના મતે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમને 'મૂર્ખ' બનાવી રહ્યા છે. ખડગેએ કહ્યું હતું કે મોદી કે મુખ્યમંત્રી પિનરાઈ વિજયન કેરળના લોકોને મૂર્ખ બનાવી શકતા નથી, કારણ કે તેઓ 'ખૂબ જ સ્માર્ટ અને શિક્ષિત' છે.

ખડગેએ ગુજરાતીઓ વિશે કહ્યું હતું, 'કેરળના લોકોને ગેરમાર્ગે ન દોરો. તેઓ ખૂબ જ સ્માર્ટ અને શિક્ષિત છે. મોદીજી, વિજયન - તમે બંને ગુજરાત અથવા અન્ય સ્થળોએ અભણ લોકોને મૂર્ખ બનાવી શકો છો, પરંતુ તમે કેરળના લોકોને મૂર્ખ બનાવી શકતા નથી.'

આ પહેલાં સવારે સુરત ભાજપ શહેર પ્રમુખ પરેશ પટેલે ખડગેના શબ્દોને વખોડી કાઢતા જણાવ્યું હતું કે, કોંગ્રેસની આ માનસિકતા ગુજરાત વિરોધી છે અને આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જનતા તેમને જડબાતોડ જવાબ આપશે.

સુરત ભાજપ પ્રમુખ પરેશ પટેલે માધ્યમો સાથેની વાતચીતમાં આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ખડગેજીએ જે શબ્દોનો પ્રયોગ કર્યો છે તે તેમની મૂર્ખતા દર્શાવે છે. સાડા છ કરોડ ગુજરાતીઓ જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં ફેલાયેલા કરોડો ગુજરાતીઓ આનો વિરોધ કરશે. તેમણે ઉમેર્યું કે, 'જે ગુજરાતીઓ આજે આંતરરાષ્ટ્રીય સ્તરે બિઝનેસ અને અન્ય ક્ષેત્રોમાં નેતૃત્વ કરી રહ્યા છે, તેમને અભણ કે મૂર્ખ કહેવા તે અતિશયોક્તિ છે. ખડગેએ સમજવું જોઈએ કે ગુજરાતીઓની બુદ્ધિશક્તિનો લોખંડ આજે આખું વિશ્વ માની રહ્યું છે.'

પરેશ પટેલે ઈતિહાસ અને વર્તમાનનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ગુજરાત એ મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલની જન્મભૂમિ છે, જેમણે ભારતને આઝાદી અને એકતા અપાવી. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને



અમિત શાહ જેવા નેતાઓ પણ આ જ માટીમાંથી આવે છે. જ્યારે નરેન્દ્ર મોદીને આખું વિશ્વ 'વિશ્વગુરુ' તરીકે સ્વીકારી રહ્યું છે, ત્યારે કોંગ્રેસના નેતાઓ દ્વારા આવા હીન કક્ષાના શબ્દો વાપરવા તે અત્યંત નિંદનીય છે. ગુજરાતીઓ ક્યારેય પોતાના નેતાઓ અને પોતાની ઓળખનું અપમાન સહન કરતા નથી. તેમણે ચેતવણી આપી હતી કે જો કોંગ્રેસ માફી નહીં માંગે તો આગામી દિવસોમાં આ આંદોલન વધુ તેજ બનશે. ભાજપ આ મુદ્દાને દરેક ઘર સુધી લઈ જશે અને કોંગ્રેસની ગુજરાત વિરોધી માનસિકતાને ખુલ્લી પાડશે.રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે જ્યારે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ નજીક છે, ત્યારે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખનું આ નિવેદન ભાજપ માટે મોટું હથિયાર બની ગયું છે. ભાજપ આને 'ગુજરાતી અસ્મિતા'નો મુદ્દો બનાવીને મતદારોને રિઝવવાનો પ્રયાસ કરી રહી છે. પરેશ પટેલના નેતૃત્વમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ભાજપ આક્રમક મૂડમાં જોવા મળી રહ્યું છે, જેના કારણે કોંગ્રેસ બેકફૂટ પર આવી ગઈ હોય તેમ જણાય છે.

ભાજપ પ્રમુખે કોંગ્રેસની મનશા પર સવાલ ઉઠાવતા કહ્યું કે, મને એ સમજાતું નથી કે કોંગ્રેસને હંમેશા ગુજરાતીઓ સામે વાંધો શું છે? શા માટે તેઓ વારંવાર ગુજરાતને ટાર્ગેટ કરે છે?. તેમણે યાદ અપાવ્યું કે જ્યારે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું નિર્માણ થઈ રહ્યું હતું, ત્યારે પણ કોંગ્રેસે તેનો જોરદાર વિરોધ કર્યો હતો. આજે એ જ પ્રતિમા તાજમહેલ કરતા પણ વધુ પ્રવાસીઓને આકર્ષી રહી છે અને વૈશ્વિક સ્તરે ભારતનું ગૌરવ વધારી રહી છે. કોંગ્રેસ હંમેશા ગુજરાતના વિકાસમાં રોડા નાખવાનું કામ કર્યું છે.

ગુજરાતના આર્થિક યોગદાન વિશે વાત કરતા પરેશ પટેલે જણાવ્યું કે, ભારતની અર્થવ્યવસ્થામાં ગુજરાતનો 8 ટકા જેટલો જીડીપી ફાળો છે. પ્રોડક્શન અને મેન્યુફેક્ચરિંગમાં ગુજરાત અગ્રેસર છે. જે રાજ્ય દેશને આર્થિક રીતે મજબૂત કરી રહ્યું હોય, તેના વિશે આવા નિવેદનો આપવા તે કોંગ્રેસની હતાશા દર્શાવે છે. ગુજરાતીઓ મહેનતુ છે અને પોતાની બુદ્ધિથી શૂન્યમાંથી સર્જન કરનારા છે, તેમને અભણ કહેવા તે વાસ્તવિકતાથી મોં ફેરવવા જેવું છે.

સુરત ભાજપ દ્વારા આ મુદ્દે ઉગ્ર વિરોધની રણનીતિ તૈયાર કરવામાં આવી છે. પરેશ પટેલે સ્પષ્ટ શબ્દોમાં માંગ કરી છે કે મલ્લિકાર્જુન ખડગેએ પોતાના શબ્દો પાછા ખેંચવા જોઈએ અને ગુજરાતની જનતાની માફી માંગવી જોઈએ. તેમણે ચેતવણી આપી હતી કે જો કોંગ્રેસ માફી નહીં માંગે તો આગામી દિવસોમાં આ આંદોલન વધુ તેજ બનશે. ભાજપ આ મુદ્દાને દરેક ઘર સુધી લઈ જશે અને કોંગ્રેસની ગુજરાત વિરોધી માનસિકતાને ખુલ્લી પાડશે.રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે જ્યારે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ નજીક છે, ત્યારે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખનું આ નિવેદન ભાજપ માટે મોટું હથિયાર બની ગયું છે. ભાજપ આને 'ગુજરાતી અસ્મિતા'નો મુદ્દો બનાવીને મતદારોને રિઝવવાનો પ્રયાસ કરી રહી છે. પરેશ પટેલના નેતૃત્વમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ભાજપ આક્રમક મૂડમાં જોવા મળી રહ્યું છે, જેના કારણે કોંગ્રેસ બેકફૂટ પર આવી ગઈ હોય તેમ જણાય છે.

**10 દિવસથી ધુમાડાનું 'તાંડવ', લોકો ઘરમાં પણ માસ્ક પહેરવા મજબૂર**

# ખજોદ ડમ્પિંગ સાઈટની આગ મુસીબત બની, અનેક સોસાયટીના લોકોએ આપી ચૂંટણી બહિષ્કારની ચીમકી

**બહિષ્કાર**

**સનફ્લાવર 1-Aના પ્રેસિડેન્ટ તર્જિંદરભાઈએ જણાવ્યું હતું કે, અમે અત્યારે નરક જેવી સ્થિતિમાં જીવી રહ્યા છીએ**

• સુરત

સુરત મહાનગરપાલિકા ભલે સ્વચ્છતા સર્વેક્ષણમાં એવોર્ડ જીતતી હોય, પરંતુ શહેરના ખજોદ વિસ્તારની વાસ્તવિકતા કંઈક અલગ જ અને ડરામણી છે. છેલ્લા 10 દિવસથી ખજોદ ડમ્પિંગ સાઈટમાં લાગેલી ભીષણ આગ હવે માત્ર કચરો નથી સળગાવી રહી, પણ હજારો લોકોના શ્વાસ પણ રૂંધી રહી છે. સરસાણાના આગમ હાઈટ્સ અને સનફ્લાવર જેવી સોસાયટીના રહીશોએ હવે સીધો જ હુંકાર કર્યો છે કે, પહેલા આગ બુઝાવો, પછી જ વોટ માંગવા આવજો.ખજોદની આસપાસના વિસ્તારોમાં સ્થિતિ એવી છે કે લોકોએ પોતાના જ ઘરોમાં કેદ થવું પડ્યું છે. 'આગમ હાઈટ્સ' સોસાયટીના રહીશ પ્રકાશભાઈએ



પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, હું સિનિયર સિટીઝન છું, મારે શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી છે. છેલ્લા 10 દિવસથી ધુમાડો એટલો વધી ગયો છે કે, બારીઓ ખોલવી તો દૂરની વાત, બહાર નીકળવું પણ જોખમી બન્યું છે.ચૂંટણીનો માહોલ જામ્યો છે, ત્યારે નેતાઓ માટે આ માઠા સમાચાર છે. આગમ હાઈટ્સના રહીશોએ એકસૂરે નક્કી કર્યું છે કે, જો આગ અને ધુમાડાનો કાયમી ઉકેલ નહીં આવે તો તેઓ ચૂંટણીનો બહિષ્કાર કરશે. અત્યાર સુધી કોઈ કોર્પોરેટર ડોકાયું નથી. જો તેમને અમારા જીવની પડી નથી, તો અમને તેમના વોટની પડી નથી. માત્ર એક જ સોસાયટીના 2000થી વધુ વોટ કપાય તેવી પૂરેપૂરી શક્યતા છે.સોસાયટીના રહીશોનો ગંભીર આક્ષેપ છે કે, દર 15-20 દિવસે અહીં આગ લાગે છે. શું આ કુદરતી છે કે જાણીજોઈને લગાડવામાં આવે છે? કચરાના નિકાલ માટે કરોડોના કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે, છતાં કચરો સળગાવવાની ફરજ કેમ પડે છે? શું કચરો ઓછો બતાવવા માટે આ 'આગનું કૌભાંડ' આચરવામાં આવે છે? SMCએ આના પર તાત્કાલિક તપાસ બેસાડવી જોઈએ. સનફલાવર 1-Aના પ્રેસિડેન્ટ તર્જિંદરભાઈએ જણાવ્યું હતું કે, અમે અત્યારે નરક જેવી સ્થિતિમાં જીવી રહ્યા છીએ. આ એક પ્રકારનું 'મિની લોકડાઉન' છે. બાળકો નીચે રમવા જઈ શકતા નથી, વૃદ્ધોને ગભરામણ થાય છે. અમારે ગાડી લઈને નીકળવું હોય તો પણ નાક પર રૂમાલ બાંધવો પડે છે. શું આ જ સ્માર્ટ સિટી છે? ખજોદ નજીકના વિસ્તારના 3000થી વધુ પરિવારોએ હવે મન બનાવી લીધું છે. જો આગામી દિવસોમાં યુદ્ધના ધોરણે આ આગ નહીં બુઝાય અને કચરાના નિકાલની વૈજ્ઞાનિક પદ્ધતિ અમલમાં નહીં આવે, તો રહીશો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરશે અને કાયદેસરની કાર્યવાહી કરવાની પણ તૈયારી દર્શાવી છે.એવોર્ડ જીતવા અને મેડલ મેળવવા એ સારી વાત છે, પણ જ્યારે શહેરનો એક મોટો હિસ્સો ઝેરી ધુમાડામાં ગૂંગળાઈ રહ્યો હોય, ત્યારે એવોર્ડની ચમક ઝાંખી પડી જાય છે.

# 'ઓયો જેવી હોટલોના દૂષણો બંધ કરો':ડ્રેનેજ સિસ્ટમની નિષ્ફળતા

**ટ્રાફિકની સમસ્યા અને રોડના વારંવાર ખોદકામને કારણે લોકો ત્રાહિમામ**

• સુરત

સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણીનો માહોલ જામી રહ્યો છે ત્યારે વોર્ડ નંબર 2 અમરોલી, મોટા વરાછા, ઉત્રાણ, કઠોર અને વેલંજા વિસ્તારના જનપ્રતિનિધિઓ માટે જનતાએ અપેક્ષાઓનું ભાથું તૈયાર રાખ્યું છે. સ્થાનિક રહીશોનું માનવું છે કે માત્ર વાતો નહીં, પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર કામ કરે તેવા નેતાઓની આજે જરૂર છે.આ વોર્ડમાં માળખાગત સુવિધાઓને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે, જેમાં ડ્રેનેજ સિસ્ટમની નિષ્ફળતા, ટ્રાફિકની સમસ્યા અને રોડના વારંવાર થતા ખોદકામે નાગરિકોની હાલાકીમાં વધારો કર્યો છે. તો બીજી તરફ, સ્થાનિક વિપુલ દેસાઈએ જણાવ્યું હતું કે, ધો.1થી 8ના વિદ્યાર્થીઓ વચ્ચે ફક્ત એક જ અંગ્રેજીના શિક્ષક છે. આમ, સામાન્ય જનતા પાયાની સુવિધાઓ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ એમ બંને મોરચે સંઘર્ષ કરી રહી છે.

લોકોની મુખ્ય માગણી સુરક્ષાને લઈને છે. હાલનું પોલીસ સ્ટેશન એવી જગ્યાએ કાર્યરત છે કે સામાન્ય નાગરિકને તે શોધવામાં પણ મુશ્કેલી પડે છે. મતદારોની માગ છે કે આગામી શાસકો પોલીસ સ્ટેશન માટે કોઈ મોકળાશવાળી અને મુખ્ય માર્ગ પરની જગ્યા ફાળવે જેથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બની શકે.

વધતી જતી વસ્તી અને મધ્યમ વર્ગના પરિવારોને ધ્યાને રાખીને મોટા વરાછા વિસ્તારમાં એક અદ્યતન એસ.ટી. બસ ડેપોની માંગણી ઉઠી છે. બહારગામ જવા માટે લોકોને દૂર સુધી લાંબા થવું પડે છે, જો સ્થાનિક સ્તરે ડેપોની વ્યવસ્થા થાય તો હજારો મુસાફરોને રાહત મળી શકે તેમ છે.

મોટા વરાછા માટે રિવરફ્રન્ટ પ્રોજેક્ટ મંજૂર થઈ ચૂક્યો હોવા છતાં તેનું કામ હજુ સુધી કાગળ પર જ છે. વિકાસના આ કામમાં થઈ રહેલો વિલંબ લોકોમાં આક્રોશ જન્માવી રહ્યો છે. નવા બનેલા રોડ પર વારંવાર થતા ખોદકામને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આયોજન વગરના કામોને બદલે કાયમી અને મજબૂત રસ્તાઓ બને તેવી અપેક્ષા રખાઈ રહી છે. વિસ્તારમાં સરકારી શાળાઓ અને આંગણવાડીઓની સંખ્યા વધારવા તેમજ હાલની સુવિધાઓને વધુ આધુનિક બનાવવાની માંગણી પણ જોર પકડી રહી છે. આ ઉપરાંત ધાર્મિક સ્થળોના વિકાસ અને આસપાસના રસ્તાઓના નવીનીકરણ માટે પણ લોકો નેતાઓ સામે આશાભરી નજરે જોઈ રહ્યા છે. દર વર્ષે ચોમાસામાં મોટા વરાછા અને ઉત્રાણના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની ગંભીર સમસ્યા સર્જાય છે. ડ્રેનેજ સિસ્ટમની નિષ્ફળતા અને પાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી સામે દર વર્ષે સવાલો ઉઠે છે. જનતા આ વખતે એવા પ્રતિનિધિને પસંદ કરવા માંગે છે જે આ વોટર લોગિંગની સમસ્યાનો કાયમી ઉકેલ લાવી શકે. મોટા વરાછાની જનતા જાગૃત છે. આ વખતે ચૂંટણીમાં પક્ષ કરતાં 'કામ' અને 'સ્થાનિક પ્રશ્નોના નિરાકરણ' ને વધુ મહત્વ આપવામાં આવશે તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.વિજય માંગુકિયા (સામાજિક અગ્રણી)એ જણાવ્યું હતું કે, સામાજિક દૃષ્ટિકોણથી જોવા જઈએ તો સામાજિક દૂષણ તરીકે અત્યારે ઓયો હોટલ, જે મોટા વરાછા વિસ્તારની અંદર મોટા પ્રમાણમાં મહિલાઓ જે કામ પર જતી હોય છે, આઈટી સેક્ટરમાં ખૂબ અહીંયા વિકાસ થતો હોય છે ને આઈટી સેક્ટરના ઘણા બધા બિલ્ડીંગો બન્યા છે, કોમર્શિયલ બિલ્ડીંગો આવી રહ્યા છે.

# કાપોદ્રામાં તાપી નદીમાંથી પરિણીતાની લાશ મળી:ઘર કંકાસથી કંટાળીને મહિલાએ ઘર છોડ્યું

• સુરત

સુરતના કાપોદ્રા વિસ્તારમાં રહેતા 42 થી 45 વર્ષીય લાભુબેન શૈલેષભાઈ બારૈયાએ પારિવારિક ઝઘડાથી વ્યથિત થઈ કાપોદ્રા બ્રિજ પરથી તાપી નદીમાં કૂદીને જીવન ટૂંકાવ્યું છે. ગત રોજ મોડી સાંજે ઘરેથી નીકળ્યા બાદ આજે સવારે તેમનો મૃતદેહ નદીમાં તરતો મળી આવતા ફાયર બ્રિગેડ દ્વારા તેને બહાર કાઢવામાં આવ્યો હતો. ઉત્રાણ પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આજે સવારે અંદાજે 10 વાગ્યાના અરસામાં કાપોદ્રા બ્રિજ પરથી મોટા વરાછા તરફ જતા રસ્તા પર તાપી નદીના પાણીમાં એક મહિલાની લાશ તરતી હોવાનું સ્થાનિક લોકોના નજરે પડ્યું હતું. આ અંગે તાત્કાલિક ફાયર બ્રિગેડ કંટ્રોલ વિભાગને જાણ કરવામાં આવતા જવાનોની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગે નદીમાંથી મૃતદેહ બહાર કાઢી તેનો કબજો પોલીસને સોંપ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, મૃતક મહિલા કાપોદ્રાની આદર્શ સોસાયટીમાં રહેતા હતા. ગત રોજ તેમને પરિવારમાં કોઈ બાબતે ઝઘડો થયો હતો, જેનું માઠું લાગી આવતા તેઓ કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગયા હતા. પરિવારજનોએ આખી રાત તેમની શોધખોળ કરી હતી, પરંતુ કોઈ પતો મળ્યો ન હતો. દરમિયાન આજે સવારે તેમના આપઘાતના સમાચાર મળ્યા હતા.ઘટનાની જાણ થતા વરાછા રોડ પરની નવી શક્તિ વિજય સોસાયટીમાં રહેતા મહિલાના ભાઈ પણ સ્થળ પર પહોંચ્યા હતા અને મૃતદેહની ઓળખ કરી હતી. પ્રાથમિક તપાસ બાદ કાપોદ્રા પોલીસે મૃતદેહનો કબજો ઉત્રાણ પોલીસને સોંપ્યો છે, કારણ કે ઘટના સ્થળની હદ ઉત્રાણ પોલીસ મથકમાં આવતી હોવાથી આગળની તપાસ અને કાયદેસરની કાર્યવાહી તેમના દ્વારા હાથ ધરવામાં આવી છે. કારણ કે ઘટના સ્થળની હદ ઉત્રાણ પોલીસ મથકમાં આવતી હોવાથી આગળની તપાસ અને કાયદેસરની કાર્યવાહી તેમના દ્વારા હાથ ધરવામાં આવી છે.

# મોપેડ પર ત્રાટકેલા 6 શખસે ચપ્પુ-લાકડાના ફટકા મારી બે ભાઈને અધમૂઆ કર્યા

• સુરત

સુરતના રાંદેર વિસ્તારમાં સામે જોવા જેવી બાબતે બે જૂથ વચ્ચે રોડ વચ્ચે જ હથિયારો સાથે મારામારી થઈ હતી. બંન્ને જૂથે એક મનિટિ સુધી રોડને બાનમાં લઈને ધમાલ મચાવી હતી. બનાવની વિગત મુજબ, જહાંગીરાબાદ પાસે આવેલી રામા રેસિડેન્સીના ગેટ પાસે મોહિત કપૂર, તેનો નાનો ભાઈ યશ અને ફોઈનો દીકરો સમર્થ ઉભા હતા. આ દરમિયાન એક શખ્સ મોપેડ પર ત્યાંથી પસાર થયો હતો. રસ્તો ક્રોસ કરતી વખતે સામે જોવા જેવી બાબતે યશ સાથે તેની બોલાચાલી થઈ હતી. હુમલાખોર તે સમયે તો ત્યાંથી જતો રહ્યો હતો. થોડી જ વારમાં તે પોતાના સાગરીતો સાથે મોપેડ પરત ફર્યો હતો અને જીવલેણ હુમલો કર્યો હતો. બોલાચાલીના થોડા સમય બાદ, હુમલાખોર અન્ય 5 શખ્સને બે મોપેડ પર લઈને ધસી આવ્યો હતો. આ ટોળકી પાસે ચપ્પુ, લાકડાના ધોક્કા અને બેલ્ટ સહિતની વસ્તુઓ હતી. તેમણે આવતાની સાથે જ સમર્થ પર ચપ્પુથી હુમલો કરવાનું શરૂ કર્યું હતું. જ્યારે મોહિત અને તેનો નાનો ભાઈ વચ્ચે પડ્યા, ત્યારે હુમલાખોરોએ તેમના પર પણ હુમલો કરી દીધો અને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ પોલીસ તપાસમાં મહત્વના પુરાવા બન્યા છે. ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે કે મોપેડ પર આવેલા શખ્સો કઈ રીતે બેફામ બનીને ફરિયાદી અને તેના ભાઈઓને માર મારી રહ્યા છે. લગભગ એક મિનિટ સુધી રોડ પર આ ખૂની ખેલ ખેલાયો હતો. એટલું જ નહીં મારામારી સમયે એક યુવક માર ખાતાની સાથે જ રોડ પર જોરદાર પછડાય છે. જ્યારે અન્ય કેટલાક શખ્સો મારામારી કરીને ત્યાંથી ભાગી જતા હોવાનું પણ CCTVમાં સ્પષ્ટ દેખાઈ છે.

**હર્ષ સંઘવી તમે ગૃહમંત્રી હોવ તો અમે ફાટી નથી પડતા, હું વિસાવદરમાં જ છું જ્યારે ધરપકડ કરવી હોય છૂટ છે'**

# પોલીસે મારા ઘરે જઈ માતા સાથે ગાળાગાળી કરી- ઈટાલિયા

• સુરત

ગુજરાતમાં એક તરફ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે જ આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને સુરત પોલીસ પર ગંભીર આક્ષેપ કર્યા છે. ગોપાલ ઈટાલિયાના સુરતમાં આવેલા ઘર પર પોલીસે પહોંચી વૃદ્ધ માતા સાથે ગાળાગાળી અને ગેરવર્તન કર્યાનો ગંભીર આક્ષેપ કર્યો છે. એક વીડિયોના માધ્યમથી ગોપાલ ઈટાલિયાએ પ્રહાર કરતા કહ્યું કે, હર્ષ સંઘવી, તમે ગૃહમંત્રી હોવ તો અમે ફાટી પડતા નથી. તમારે મારી સાથે તકલીફ હોય તો હું વિસાવદરમાં જ છું. જે કલમ હેઠળ જ્યારે ધરપકડ કરવી હોય તેની છૂટ છે. અમે ડરી જવાના નથી. ગોપાલ ઈટાલિયાએ ફેસબુક લાઈવના માધ્યમથી પોલીસ અને હર્ષ સંઘવી પર આક્ષેપ કરતા કહ્યું કે, છેલ્લા એક મહિનાથી હર્ષ સંઘવી પોતે પોતાની જાતને 'તીસ માર ખાં' સમજે છે. કઈ વાંધો નહીં, ઘણા તીસ માર ખાં આ દેશે જોયા છે, અમે જોયા છે અને સમય સાથે હાલના તીસ માર ખાની પણ વ્યવસ્થા થઈ જાહે જનતા દ્વારા. આજે એવું થયું કે હર્ષ સંઘવીએ સવાર-સવારમાં મારા ઘરે પોલીસવાળાને મોકલ્યા. હું તો અત્યારે વિસાવદર બેઠો છું, આખી દુનિયાને ખબર છે. મારો ફોન નંબર IB પાસે છે, મારું લોકેશન IB પાસે છે, મારી બીજી બધી વિગતો પોલીસ હંમેશા ટ્રેસ કરે છે, એને બધી ખબર છે ગોપાલ ક્યાં છે.તેમ છતાંય હર્ષ સંઘવીએ આજે સવારે મારા ઘરે પોલીસ મોકલી અને મારા મમ્મી એકલા રહે છે, મોટી ઉંમરના વ્યક્તિ છે, સુરત. એની સાથે પોલીસે ગેરવર્તન કર્યું છે. પહેલા તો સીધેસીધા મારા ઘરે ગયા, થોડીઘણી સરખી વાતો કરી, પછી બેફામ વર્તન કર્યું મારા મમ્મી સાથે પોલીસવાળાએ અને પછી પાછળથી પાછો સારો એવો વીડિયો બનાવી લીધો. મારા ઘરમાં મારા બીજા પરિવારના સભ્યો છે એ બધાને ધમકાવવાનું, દમદાટી કરવાનું કામ હર્ષ સંઘવીએ આજે કરાવ્યું છે. આ એકદમ હલકામાં હલકી કક્ષાનું કૃત્ય છે. ઈટાલિયાએ વધુમાં કહ્યું કે, અમે કંઈ ફાટી પડતા નથી. તમારામાં અને આઈપીએસમાં તાકાત હોય તો માનનીય ગોપાલભાઈ ઈટાલિયા વિસાવદરમાં જ છે. જ્યારે મજા આવે ત્યારે, જે મજા આવે એ કલમ અંતર્ગત ધરપકડ કરી લેવાની છૂટ છે. આજે જે કૃત્ય કર્યું છે એ બિલકુલ વ્યાજબી કૃત્ય નથી. મારા માતા સાથે પોલીસે ગેરવર્તન કર્યું છે, ના બોલવાના શબ્દો બોલ્યા છે, મમ્મીની સાથે જે ગાળાગાળી કરી છે એ હર્ષ સંઘવીને હું કહી દેવા માંગુ છું કે આ બિલકુલ વ્યાજબી વાત નથી. આ મહિલાઓ ઉપર પોલીસ મોકલીને જે હોશિયારીઓ બતાવી છે એ બિલકુલ વ્યાજબી વાત નથી.મારી મા સિનિયર સિટીઝન છે. હું રાજકારણમાં છું, મારા મમ્મીએ તો મને ઘણું કીધેલું કે બેટા રાજકારણ રહેવા દે, આમાં બધા લુખ્ખાઓ હોય, આમાં ગુંડાઓ હોય, બેટા આપણે આ નો કરાય, આપણે નાના માણસો છીએ, આપણે ગામડાના માણસો છીએ, આપણને રાજકારણમાં કોઈ આગળ નો આવવા દે. મારી મમ્મીએ મને ઘણો સમજાવ્યો હતો. પરંતુ મેં એવું નક્કી કરેલું કે રાજકારણમાં જો ભાજપના ગુંડાઓ જ ગુંડાઓ હોય, તો હવે હુંય રાજકારણમાં જઈશ, આ ગુંડાઓને તે જેલમાં પૂરવાનું કામ કરીશ અને રાજકારણને બદલવાની કોશિશ કરીશ.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# 5 સિક્સ ફટકારીને વૈભવ સૂર્યવંશીએ મોજ કરાવી:14 બોલમાં 39 રન બનાવ્યા

## IPLમાં યશસ્વીની 100 સિક્સ પૂરી, જુઓ મોમેન્ટ્સ અને રેકોર્ડ્સ

• ગુવાહાટી



રાજસ્થાન રોયલ્સે મંગળવારે IPL 2026ની 13મી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને 27 રનથી હરાવ્યું. વરસાદના કારણે આ મેચ 11-11 ઓવરની જ થઈ. ગુવાહાટીના બરસાપારા સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં વૈભવ સૂર્યવંશીએ જસપ્રીત બુમરાહની પહેલી જ બોલ પર સિક્સર ફટકારી. યશસ્વી જયસ્વાલે IPLમાં 100 સિક્સર પૂરી કરી લીધી. વૈભવ અને યશસ્વીની તોફાની બેટિંગના દમ પર રાજસ્થાને માત્ર 2.4 ઓવરમાં 50 રન બનાવીને IPL ઈતિહાસની બીજી સૌથી ઝડપી ટીમ ફિફ્ટી ફટકારી.

1. રાજસ્થાને પોતાના રેકોર્ડની બરાબરી કરી

રાજસ્થાન રોયલ્સે પોતાની જ સૌથી ઝડપી ટીમ ફિફ્ટીના રેકોર્ડની બરાબરી કરી લીધી. ટીમે મુંબઈ ઈન્ડિયન્સ સામે 2.4 ઓવરમાં 50 રન પૂરા કર્યા. આ પહેલા પણ રાજસ્થાને 2023માં 2.4 ઓવરમાં જ કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ફિફ્ટી ફટકારી હતી. સૌથી ઝડપી ટીમ ફિફ્ટીનો રેકોર્ડ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના નામે છે, જેમણે 2011માં કોચી ટસ્કર્સ કેરળ સામે 2.3 ઓવરમાં 50 રન બનાવ્યા હતા.

2. વૈભવ 19 કે તેથી ઓછી ઉંમરમાં સૌથી વધુ સિક્સર ફટકારનાર બેટર

વૈભવ સૂર્યવંશી 19 વર્ષ કે તેથી ઓછી ઉંમરમાં IPLમાં સૌથી વધુ સિક્સર ફટકારનાર બેટ્સમેન બની ગયા. તેમણે 10 ઈનિંગ્સમાં 35 સિક્સર ફટકારી છે. આ મામલે તેમણે રિષભ પંત (30) અને ઈશાન કિશન (30)ને પાછળ છોડ્યા.

3. યશસ્વીના IPLમાં 100 સિક્સ પૂરા

યશસ્વી જયસ્વાલે IPLમાં પોતાના 100 સિક્સ પૂરા કર્યા. તે રાજસ્થાન રોયલ્સ માટે 100 કે તેથી વધુ સિક્સ લગાવનારા બેટ્સમેનોની યાદીમાં સામેલ થઈ ગયા છે. આ મામલે સંજુ સેમસન (192) ટોપ પર છે, જ્યારે જોસ બટલર (135) અને શેન વોટસન (109) તેમનાથી આગળ છે.

1. વરસાદને કારણે મેચ 2 કલાક 40 મિનિટ મોડી શરૂ થઈ ગુવાહાટીમાં વરસાદે રમત બગાડી દીધી. MI અને RR નો મુકાબલો નિર્ધારિત સમય કરતાં 2 કલાક 40 મિનિટ મોડો શરૂ થયો. હવામાનને કારણે ઓવરો ઘટાડીને મેચ 11-11 ઓવરની કરવામાં આવી.

2. યશસ્વીએ પહેલી ઓવરમાં 5 બાઉન્ડ્રી ફટકારી

યશસ્વી જયસ્વાલે પહેલી ઓવરમાં 4 ચોગ્ગા અને એક સિક્સર ફટકારી. તેણે દીપક ચાહર સામે 22 રન બનાવ્યા. આ ઓવરમાં જયસ્વાલે પહેલા જ બોલ પર ચોગ્ગો ફટકાર્યો. તેણે બીજા બોલ પર સિક્સર ફટકારી અને પછી ત્રીજા અને ચોથા બોલ પર સતત બાઉન્ડ્રી ફટકારી. ઓવરના છેલ્લા બોલ પર પણ ચોગ્ગો ફટકાર્યો.

IPL-2026

### જયસ્વાલે અણનમ 77 રન બનાવ્યા, 3 બોલરોને 2-2 વિકેટ મળી

# રાજસ્થાનની IPL-2026માં સતત ત્રીજી જીત:મુંબઈને 27 રનથી હરાવ્યું

## ટૉસ હારતા પહેલી બેટિંગ કરતા રાજસ્થાને 11 ઓવરમાં ત્રણ વિકેટના નુકસાન પર 150 રન બનાવ્યા હતા

રાજસ્થાન રોયલ્સે (RR) IPL-2026ના 13મી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને (MI) 27 રનથી હરાવ્યું છે. મંગળવારે મળેલી આ જીત સાથે રોયલ્સની ટીમ 19મી સીઝનના પોઈન્ટ્સ ટેબલમાં ટૉપ પર આવી ગઈ છે. ટીમે સતત ત્રીજી મેચ જીતી છે, જ્યારે મુંબઈએ સતત બીજી મેચ ગુમાવી છે. ગુવાહાટીમાં મેચ પહેલા જ વરસાદ શરૂ થઈ ગયો હતો, જેના કારણે મેચ બે કલાક મોડી શરૂ થઈ હતી. આ કારણોસર મેચને 11-11 ઓવરની કરી દેવામાં આવી હતી. ટૉસ હારતા પહેલી બેટિંગ કરતા રાજસ્થાને 11 ઓવરમાં ત્રણ વિકેટના નુકસાન પર 150 રન બનાવ્યા હતા. જવાબમાં મુંબઈની ટીમ 11 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 123 રન જ બનાવી શકી હતી.

RR તરફથી યશસ્વી જયસ્વાલે 32 બોલ પર 77* રનની શાનદાર ઈનિંગ રમી હતી, જેમાં તેણે 10 ચોગ્ગા અને 4 છગ્ગા ફટકાર્યા હતા. બીજી તરફ, વૈભવ સૂર્યવંશીએ 14 બોલમાં 39 રન બનાવ્યા હતા. તેણે તેની આ તી ઈનિંગમાં એક ચોગ્ગો અને 5 છગ્ગા ફટકાર્યા હતા. બંને વચ્ચે 80 રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી.

મુંબઈ તરફથી અલ્લાહ ગઝનફરે 2 અને શાર્દૂલ ઠાકુરે એક વિકેટ ઝડપી હતી. 11મી ઓવરમાં મુંબઈએ નવમી વિકેટ ગુમાવી છે.



જોફ્રા આર્ચરે પોતાની ઓવરના પહેલા બોલ પર ટ્રેન્ટ બોલ્ટને ડાયરેક્ટ થ્રો કરીને રનઆઉટ કરી દીધો હતો. બોલ્ટ માત્ર એક રન બનાવી શક્યો હતો.

10મી ઓવરમાં મુંબઈએ આઠમી વિકેટ ગુમાવી છે. અહીં શાર્દૂલ ઠાકુર 8 રન બનાવીને આઉટ થયો હતો. સંદીપ શર્માએ તેને ધ્રુવ જુરેલના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. સંદીપને આ બીજી વિકેટ મળી છે. આ પહેલા તેણે રોહિત શર્માને પણ આઉટ કર્યો હતો.

નવમી ઓવરના પાંચમાં બોલ પર મુંબઈએ 7મી વિકેટ ગુમાવી. અહીં નમન ધીર 25 રન બનાવીને પેવેલિયન પરત ફર્યો. નાન્દ્રે બર્ગરે તેને રવિ બિશ્નોઈના હાથે કેચ આઉટ કરાવ્યો.

આઠમી ઓવરમાં મુંબઈએ છઠ્ઠી વિકેટ પણ ગુમાવી દીધી. અહીં શેરફન રધરફોર્ડ 8 બોલ પર 25 રન બનાવીને આઉટ થયો. તેને તુષાર દેશપાંડેએ સંદીપ શર્માના હાથે કેચ આઉટ કરાવ્યો. તિલક વર્માના આઉટ થયા બાદ મુંબઈ ઈન્ડિયન્સે શેરફન રધરફોર્ડને ઈમ્પેક્ટ પ્લેયર બનાવ્યો છે. રધરફોર્ડને અલ્લાહ ગઝનફરની જગ્યાએ બેટિંગમાં ઉતારવામાં આવ્યો છે.

પાંચમી ઓવરમાં મુંબઈએ બે વિકેટ ગુમાવી હતી. રવિ બિશ્નોઈએ ત્રીજા બોલ પર કેપ્ટન હાર્દિક પંડ્યા (9 રન)ને યશસ્વી જયસ્વાલના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. ત્યારબાદ છઠ્ઠા બોલ પર તિલક વર્માને શિમરોન હેટમાયરના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. 151 રનના ટાર્ગેટને ચેઝ કરી રહેલી મુંબઈની શરૂઆત ખરાબ રહી હતી. ટીમે 3.2 ઓવરના પાવરપ્લેમાં 30 રન બનાવવામાં ટૉપ-3 વિકેટ ગુમાવી દીધી હતી. રોહિત શર્મા 5, સૂર્યકુમાર યાદવ 6 અને રાયન રિકેલ્ટન 8 રન બનાવીને આઉટ થયા હતા. ત્રીજી ઓવરમાં મુંબઈએ ત્રીજી વિકેટ ગુમાવી છે. અહીં રોહિત શર્મા 5 રન બનાવીને આઉટ થયો હતો. સંદીપ શર્માએ તેને LBW આઉટ કર્યો હતો. સંદીપે રોહિત શર્માને છઠ્ઠી વખત આઉટ કર્યો છે. મુંબઈએ સતત બીજી ઓવરમાં વિકેટ ગુમાવી છે. ઈનિંગની બીજી ઓવરમાં સૂર્યકુમાર યાદવ 6 રન બનાવીને આઉટ થયો હતો. નાન્દ્રે બર્ગરના બોલ પર જોફ્રા આર્ચરે તેનો કેચ ઝડપ્યો હતો. 151 રનના ટાર્ગેટને ચેઝ કરી રહેલી મુંબઈએ પહેલી જ ઓવરમાં વિકેટ ગુમાવી દીધી છે. જોફ્રા આર્ચરની ઓવરના છેલ્લા બોલ પર રાયન રિકેલ્ટન 8 રન બનાવીને આઉટ થયો હતો. વિકેટકીપર ધ્રુવ જુરેલે તેનો કેચ ઝડપ્યો હતો.

### PSL માટે પાકિસ્તાન પરત ફરશે

# ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ડેવિડ વોર્નર ડ્રિંક એન્ડ ડ્રાઈવ કેસમાં ફસાયો:આવતા મહિને કોર્ટમાં હાજરી આપવી પડશે

## વોર્નર પોતાની કાર લઈને ટેસ્ટિંગ પોઈન્ટથી પહેલા જ રોકાઈ ગયા, પરંતુ પોલીસે તેમની પાસે જઈને તપાસ કરી ટેસ્ટમાં તેઓ નશાની હાલતમાં મળી આવ્યા

• સિડની



ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઓપનર ડેવિડ વોર્નર પર ડ્રિંક એન્ડ ડ્રાઈવનો કેસ નોંધાયો છે. સિડનીમાં પોલીસે તેમને બ્રીથ ટેસ્ટ દરમિયાન પકડ્યા અને ધરપકડ કરીને પોલીસ સ્ટેશન લઈ ગઈ. હવે તેને આવતા મહિને કોર્ટમાં હાજર થવું પડશે. આ ઘટના સિડનીના મારુબ્રા વિસ્તારની છે, જ્યાં પોલીસ રેન્ડમ બ્રીથ ટેસ્ટ કરી રહી હતી. વોર્નર પોતાની કાર લઈને ટેસ્ટિંગ પોઈન્ટથી પહેલા જ રોકાઈ ગયા, પરંતુ પોલીસે તેમની પાસે જઈને તપાસ કરી. ટેસ્ટમાં તેઓ નશાની હાલતમાં મળી આવ્યા. હવે તે 9 એપ્રિલે પેશાવર ઝાલ્મી સામેની મેચ પહેલા પાકિસ્તાન પરત ફરવાની તૈયારીમાં છે. આ મેચ કરાચીમાં રમાશે. વોર્નરે 2024માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. તેમણે ઓસ્ટ્રેલિયા માટે 112 ટેસ્ટ, 161 વનડે અને 110 ટી-20 મેચ રમી હતી. ત્રણેય ફોર્મેટમાં કુલ મળીને 15 હજારથી વધુ રન બનાવ્યા હતા. સંન્યાસ પછી પણ વોર્નર ફ્રેન્ચાઈઝી ક્રિકેટ રમી રહ્યો છે. ગત સિઝનમાં બિગ બેશ લીગમાં સિડની થંડર માટે તેણે આઠ મેચમાં 433 રન બનાવ્યા હતા અને ટીમ માટે સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન રહ્યો હતો. તેણે આગામી સિઝન માટે પણ ટીમ સાથે કરાર કર્યો છે. પોલીસ વોર્નરને મારુબ્રા પોલીસ સ્ટેશન લઈ ગઈ, જ્યાં તેનું આલ્કોહોલ લેવલ 0.104 નોંધાયું. ત્યારબાદ તેના પર ડ્રિંક એન્ડ ડ્રાઈવનો કેસ દાખલ કરવામાં આવ્યો. વોર્નર હાલમાં પાકિસ્તાન સુપર લીગ (PSL)માં કરાચી કિંગ્સની કેપ્ટનશીપ કરી રહ્યો છે. મેચો વચ્ચે મળેલા બ્રેકમાં તેઓ ઓસ્ટ્રેલિયા ગયો હતો.

હવે તે 9 એપ્રિલે પેશાવર ઝાલ્મી સામેની મેચ પહેલા પાકિસ્તાન પરત ફરવાની તૈયારીમાં છે. આ મેચ કરાચીમાં રમાશે. વોર્નરે 2024 માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. તેમણે ઓસ્ટ્રેલિયા માટે 112 ટેસ્ટ, 161 વનડે અને 110 ટી-20 મેચ રમી હતી. ત્રણેય ફોર્મેટમાં કુલ મળીને 15 હજારથી વધુ રન બનાવ્યા હતા. સંન્યાસ પછી પણ વોર્નર ફ્રેન્ચાઈઝી ક્રિકેટ રમી રહ્યો છે. ગત સિઝનમાં બિગ બેશ લીગમાં સિડની થંડર માટે તેણે આઠ મેચમાં 433 રન બનાવ્યા હતા અને ટીમ માટે સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન રહ્યો હતો. તેણે આગામી સિઝન માટે પણ ટીમ સાથે કરાર કર્યો છે.

# T-20 વર્લ્ડકપ વિવાદ પછી BCB પ્રમુખને હટાવ્યા તમીમ ઈકબાલને એડ-હોક કમિટીના વડા બનાવ્યા

• ઢાકા



ટી-20 વર્લ્ડ કપ વિવાદ બાદ બાંગ્લાદેશની નેશનલ સ્પોર્ટ્સ કાઉન્સિલ (NSC) એ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) ના અધ્યક્ષ અમિનુલ ઈસ્લામ બુલબુલને હટાવી દીધા છે. એટલું જ નહીં, બોર્ડના અન્ય 6 ડિરેક્ટરોએ પણ રાજીનામું આપી દીધું છે. બોર્ડના કામકાજ સંભાળવા માટે એક એડ-હોક કમિટી બનાવવામાં આવી છે, જેની કમાન પૂર્વ કેપ્ટન તમીમ ઈકબાલને સોંપવામાં આવી છે. આ કમિટી 90 દિવસની અંદર ક્રિકેટ બોર્ડની ચૂંટણી કરાવશે. NSCએ મંગળવારે BCB બોર્ડને ભંગ કરવાનો નિર્ણય લીધો. ત્યારબાદ નવી એડ-હોક કમિટીની રચના કરવામાં આવી, જેનો મુખ્ય ઉદ્દેશ્ય બોર્ડના રોજિંદા કામકાજ સંભાળવા અને નિર્ધારિત સમયમર્યાદામાં ચૂંટણી કરાવવાનો છે. T20 વર્લ્ડ કપ દરમિયાન થયેલા વિવાદ અને બોર્ડની અંદર વધતા અસંતોષને કારણે બુલબુલને હટાવવામાં આવ્યો. આ દરમિયાન છ ડિરેક્ટરોએ પણ રાજીનામું આપી દીધું હતું, જેનાથી બોર્ડ પર દબાણ વધી ગયું. NSC ના ડિરેક્ટર અમીનુલ એહસાને જણાવ્યું કે BCB બોર્ડને ભંગ કરવા અને એડ-હોક કમિટી બનાવવાની જાણકારી ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) ને આપી દેવામાં આવી છે. ICC ના નિયમો સરકારી હસ્તક્ષેપની મંજૂરી આપતા નથી, પરંતુ 90 દિવસમાં ચૂંટણી કરાવવાની સમય મર્યાદા નક્કી હોવાને કારણે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ પર કોઈ પ્રતિબંધની સંભાવના ઓછી માનવામાં આવી રહી છે. બાંગ્લાદેશે ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને IPL માંથી હટાવવાના વિરોધમાં ભારતમાં ટી-20 વર્લ્ડ કપ રમવાનો ઈનકાર કરી દીધો હતો. ત્યારબાદ ICCએ બાંગ્લાદેશની જગ્યાએ સ્કોટલેન્ડને તક આપી હતી. બાંગ્લાદેશના રમતગમત મંત્રાલયે તેની તપાસ કરાવી હતી. ICC એ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે બાંગ્લાદેશની જગ્યાએ સ્કોટલેન્ડ વર્લ્ડ કપ રમશે. તમીમ ઈકબાલને કમિટીના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. આ કમિટીમાં 11 સભ્યો સામેલ છે. આમાં અથર અલી ખાન, રાશના ઈમામ, મિર્ઝા યાસિર અબ્બાસ, સૈયદ ઈબ્રાહિમ અહેમદ, મિન્હાજુલ આબેદીન નન્નુ, ઈશરાફિલ ખુસરુ, તંજીમ ચૌધરી, સલમાન ઈસ્પહાની, રફીકુલ ઈસ્લામ અને ફહીમ સિંહા સામેલ છે. T20 વર્લ્ડ કપ દરમિયાન થયેલા વિવાદ અને બોર્ડની અંદર વધતા અસંતોષને કારણે બુલબુલને હટાવવામાં આવ્યો. આ દરમિયાન છ ડિરેક્ટરોએ પણ રાજીનામું આપી દીધું હતું, જેનાથી બોર્ડ પર દબાણ વધી ગયું. NSC ના ડિરેક્ટર અમીનુલ એહસાને જણાવ્યું કે BCB બોર્ડને ભંગ કરવા અને એડ-હોક કમિટી બનાવવાની જાણકારી ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) ને આપી દેવામાં આવી છે. ICC ના નિયમો સરકારી હસ્તક્ષેપની મંજૂરી આપતા નથી, પરંતુ 90 દિવસમાં ચૂંટણી કરાવવાની સમય મર્યાદા નક્કી હોવાને કારણે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ પર કોઈ પ્રતિબંધની સંભાવના ઓછી માનવામાં આવી રહી છે.

# એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપ:પ્રીતિ, પ્રિયા અને અરુંધતી ફાઈનલમાં પહોંચી

## અત્યાર સુધીમાં ચાર બોક્સર 'ગોલ્ડ'ની રેસમાં, નિખત-લવલી ટુર્નામેન્ટમાંથી બહાર

મંગોલિયાના ઉલાનબટોરમાં ચાલી રહેલી એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપ 2026માં ભારત માટે સોમવારનો દિવસ મિશ્ર રહ્યો. પ્રીતિ પવાર, પ્રિયા અને અરુંધતી ચૌધરીએ પોતપોતાની સેમિફાઈનલ મેચ જીતીને ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. અત્યાર સુધીમાં ભારતની ચાર બોક્સરો ફાઈનલમાં પહોંચી ચૂકી છે. પ્રીતિ પવારે પેરિસ ઓલિમ્પિકની બ્રોન્ઝ મેડલ વિજેતાને એકતરફી મુકાબલામાં હરાવીને ગોલ્ડ મેડલની આશા મજબૂત કરી દીધી છે. જ્યારે, નિખત ઝરીન અને લવલીના બોરગોહેનને સેમિફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો, જેના કારણે તેમને બ્રોન્ઝ મેડલથી જ સંતોષ માનવો પડ્યો. 54 KG વજન વર્ગમાં પ્રીતિ પવારે પેરિસ ઓલિમ્પિકની બ્રોન્ઝ મેડલ વિજેતા કોરિયાની એજી ઈમને 5-0થી હરાવી. વર્લ્ડ બોક્સિંગ કપની ગોલ્ડ મેડલ વિજેતા પ્રીતિએ ત્રણેય રાઉન્ડમાં પોતાનો નિયંત્રણ જાળવી રાખ્યો અને વિરોધી ખેલાડીને કોઈ તક આપી નહીં. હવે ફાઈનલમાં તેમનો મુકાબલો ચીની તાઈપેની હુઆંગ હ્સિયાઓ-વેન સાથે થશે, જે ત્રણ વખતની વર્લ્ડ ચેમ્પિયન અને ટોક્યો ઓલિમ્પિકની બ્રોન્ઝ મેડલ વિજેતા છે. પ્રીતિ પવારે પેરિસ ઓલિમ્પિકની બ્રોન્ઝ મેડલ વિજેતાને હરાવીને એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું. 60 કિલોગ્રામ વજન વર્ગમાં પ્રિયાએ સ્થાનિક ખેલાડી મંગોલિયાની નામૂન મોંખોરને 5-0ના સર્વસંમત નિર્ણયથી હરાવી. હવે તે ફાઈનલમાં ઉત્તર કોરિયાની ઉન ગ્યોંગ વોન સામે ટકરાશે. જ્યારે, 70 કિલોગ્રામ વર્ગમાં અરુંધતિ ચૌધરીએ ઉઝબેકિસ્તાનની ઓયશા તોઈરોવાને 4-1થી હરાવી. ફાઈનલમાં તેનો મુકાબલો કઝાકિસ્તાનની બકિત સેદિશ સામે થશે. નિખત અને લવલીનાને બ્રોન્ઝ મેડલનિખત ઝરીન અને લવલીના બોરગોહેનને બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો.

# સટ્ટાબાજીનું દબાણ ખેલાડીઓને તોડી રહ્યું છે!:ટાર્ગેટ પૂરા કરવા એથ્લેટ્સને પરિવારજનોની હત્યાની ધમકી આપે છે

• ધ ન્યૂયોર્ક ટાઈમ્સ. ન્યૂયોર્ક

એક કોલેજ બાસ્કેટબોલ ખેલાડી મેચ શરૂ થતા પહેલા પોતાનો મોબાઈલ ખોલે છે. સ્ક્રીન પર અજાણ્યાનો મેસેજ દેખાય છે, 'સાંભળો, આ મજાક નથી. જો તમે આજે 22 પોઈન્ટ્સ અને 12 રીબાઉન્ડ્સ નહીં કરો, તો તમારા બધા નજીકના લોકોને મારી નાખવામાં આવશે.' આ ડરામણો મેસેજ કોઈ ફિલ્મનું સ્ક્રીનપ્લે નથી, પરંતુ 2024ના NCAA (નેશનલ કોલેજિયેટ એથ્લેટિક એસોસિએશન)ના અભ્યાસનો એક ભાગ છે. તે ખેલાડીએ હજુ કોર્ટ પર પગ પણ મૂક્યો ન હતો, કે ન તો કોઈ શોટ ચૂક્યો હતો. તેનો વાંક માત્ર એટલો જ હતો કે સટ્ટાબાજીની દુનિયામાં તેની ક્ષમતા પર 'દાવ' લાગ્યો હતો. જોકે તે મેદાનમાં ઉતર્યો અને સ્વાભાવિક રીતે રમવાનો પ્રયાસ પણ કર્યો. નિષ્ણાતો કહે છે કે, આપણે આ સમયે 'માર્ચ મેડનેસ'ની વચ્ચે છીએ - જે અમેરિકન રમતોમાં સૌથી વધુ સટ્ટાબાજીવાળી ઈવેન્ટ છે. એવો અંદાજ છે કે આ વર્ષની ટુર્નામેન્ટ પર જ 25 હજાર કરોડ રૂપિયાનો દાવ લાગ્યો છે. હાર્વર્ડ બિઝનેસ સ્કૂલના પ્રોફેસર અને મનોવૈજ્ઞાનિક એમી કડી કહે છે, 'આજના એથ્લેટ્સ માત્ર શારીરિક થાકથી જ નહીં, પરંતુ એક નવા મનોવૈજ્ઞાનિક ખતરાનો સામનો કરી રહ્યા છે, જેને 'સોશિયલ-ઈવેલ્યુએટિવ થ્રેટ' કહેવાય છે. આ એ તણાવ છે જે અન્ય લોકો દ્વારા નકારાત્મક નિર્ણય લેવા અથવા અપમાનિત થવાના ડરથી પેદા થાય છે.

### હોમ-એન્ડ-અવે ફોર્મેટમાં છુપાયેલી છે અસલી વેલ્યુ

# લલિત મોદીનો BCCI પર આરોપ:'IPLમાં દર સિઝનમાં 2,400 કરોડનું નુકસાન થઈ રહ્યું છે



IPLના પૂર્વ કમિશનરે કહ્યું કે વર્તમાન IPL ફોર્મેટથી BCCI અને ફ્રેન્ચાઈઝીઓને દર સિઝનમાં લગભગ 2,400 કરોડ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. તેમના મતે, ઓછી મેચો તેનું સૌથી મોટું કારણ છે. તેમણે સ્પોર્ટ્સ સ્ટારના ઈન્ટરવ્યૂમાં કહ્યું કે- શરૂઆતમાં દરેક ટીમને એકબીજા સામે બે વાર રમવાની યોજના હતી. 2022માં 10 ટીમો હોત તો 90 લીગ મેચ અને ચાર નોકઆઉટ મેચો થતી. જોકે, IPLએ હોમ-એન્ડ-અવે સિસ્ટમ બદલીને માત્ર 74 મેચો જ રાખી. આનાથી ફ્રેન્ચાઈઝીઓને નુકસાન થઈ રહ્યું છે. અમે જે વેચ્યું આ તે નથી. તેમણે કહ્યું કે, દરેક મેચ માટે BCCIને 50% અને બાકીના 50% ટીમોમાં વહેંચવામાં આવે છે. આનાથી ટીમોને 20 મેચોનું નુકસાન થઈ રહ્યું છે. લલિત મોદી વિરુદ્ધ IPLમાં ખેલાડીઓની બોલીમાં હેરાફેરી, મની લોન્ડરિંગ અને વિદેશી મુદ્રા પ્રબંધન અધિનિયમ (FEMA) ના ઉલ્લંઘનના કેસ ચાલી રહ્યા છે. તેમણે સ્પોર્ટ્સસ્ટારને કહ્યું, IPLની અસલી વેલ્યુ હોમ-એન્ડ-અવે ફોર્મેટમાં છે. જો કેલેન્ડરમાં મેચો માટે જગ્યા ન હતી, તો ટીમોની સંખ્યા વધારવી જોઈતી ન હતી. તેમણે કહ્યું, અમે IPL આ રીતે વેચી ન હતી. તેમણે સવાલ ઉઠાવ્યો કે શું બધી ટીમોએ આ બદલાવ પર સહમતિ આપી હતી. તેમણે કહ્યું કે, જો હોમ-એન્ડ-અવે ફોર્મેટમાં 94 મેચ હોત અને દરેક મેચની કિંમત 118 કરોડ રૂપિયા હોત, તો મીડિયા રાઈટ્સમાંથી 2,400 કરોડ રૂપિયાની વધારાની કમાણી થાત. એટલે કે BCCIને 2,400 કરોડ રૂપિયાની વધારાની આવક મળત. આમાંથી 1,200 કરોડ રૂપિયા 10 ટીમોને મળત, દરેક ટીમને 120 કરોડ રૂપિયા, અને ટીમોની વેલ્યુ વધત. લલિત મોદીને 2010માં IPLની ત્રીજી સિઝનની ફાઈનલ પછી તરત જ BCCI દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તે જ વર્ષે અંડરવર્લ્ડ તરફથી ધમકીઓનો હવાલો આપીને તેઓ ભારત છોડીને લંડન ચાલ્યા ગયા.

વીડિયોમાં અમિતાભથી લઈને 'શક્તિમાન' સુધી બધાની મજાક ઉડાવી

# 'રણવીરે અશ્લીલ પ્રશ્ન 8 વાર પૂછ્યો હતો!':વિવાદના 14 મહિનાના વનવાસ બાદ સમય રૈનાએ ભડાસ ઠાલવી

## 'બીયર બાઈસેપ્સ' (રણવીર અલ્લાહબાદિયા)નો તે ખરાબ સવાલ એડિટમાંથી કેમ ન હટાવ્યો? હું માના સોગંદ ખાઈને સાચું કહું છું

સમય રૈનાએ 'ઈન્ડિયાઝ ગોટ લેટેંગ' કોન્ટ્રોવર્સી પછી શો 'સ્ટિલ અલાઈવ'થી સ્ટેન્ડ અપ કોમેડીમાં વાપસી કરી છે. આ શોમાં સમય રૈનાએ લેટેન્ટ શોના વિવાદ, રણવીર અલ્લાહબાદિયાના અશ્લીલ સવાલ પર પ્રતિક્રિયા આપી છે. ઉપરાંત તેણે અમિતાભ બચ્ચન અને અભિષેક બચ્ચનની પણ ખૂબ મજાક ઉડાવી છે.

ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ કોન્ટ્રોવર્સી પર સમય રૈનાએ કહ્યું કે જે એપિસોડ પર વિવાદ થયો હતો, તે 5 કલાકનો હતો. મુશ્કેલીથી એડિટ કરી તેને એક કલાકનો બનાવ્યો. કોમેડિયને આગળ કહ્યું- 'ઘણા લોકો મને મળે છે અને પૂછે છે કે સમય ભાઈ, તમારામાં આટલું જ મગજ છે, તો તમે 'બીયર બાઈસેપ્સ' (રણવીર અલ્લાહબાદિયા)નો તે ખરાબ સવાલ એડિટમાંથી કેમ ન હટાવ્યો? હું માના સોગંદ ખાઈને સાચું કહું છું, તે એપિસોડમાં બીયર બાઈસેપ્સે તે સવાલ 8 વાર પૂછ્યો હતો.'આ શોને સરેરાશ પ્રતિ એપિસોડ 20 મિલિયનથી વધુ વ્યૂ મળ્યા હતાઆગળ સમયે કહ્યું, 'આ ઉપરાંત તેણે ઘણા સવાલો કર્યા હતા. જ્યારે મેં એડિટ જોયું ત્યારે વિચાર્યું કે તેને તો બહુ ગંદી વાતો કરી છે. મેં વિચાર્યું કે, આટલામાંથી એક સવાલ રાખી દઉં. તો મારા દૃષ્ટિકોણથી મેં તો 99 ટકા કીટાણુ મારી નાખ્યા હતા. મને શું ખબર હતી કે તે એક ટકાથી જ મહામારી ફેલાઈ જશે.'

આ જ શોમાં સમય રૈનાએ અમિતાભ બચ્ચનની પણ મજાક ઉડાવી. તેણે કહ્યું કે- 'જ્યારે તે 'કૌન બનેગા કરોડપતિ'માં પહોંચ્યો, ત્યારે તે ઘણા સવાલો કરવા માંગતો હતો, જે કરી શક્યો નહીં. તેમાંથી એક હતો કે તમે આટલી પોલિયોની એડ કરી છે, તો તમે તમારા દીકરા (અભિષેક બચ્ચન)ને પગભર ઊભો ન કરી શક્યા.' સમયે એ પણ કહ્યું કે- 'કૌન બનેગા કરોડપતિ'માં બોલાવ્યા પછી અમિતાભ બચ્ચનને તે ખૂબ પસંદ આવ્યો હતો. તેણે સમય રૈનાને જોવા માટે આખા પરિવાર અભિષેક, ઐશ્વર્યા, જયાને ભેગા કર્યા હશે, પરંતુ જ્યારે તેને ખબર પડી હશે કે સમયે શું કર્યું છે, ત્યારે તેણે લોહીની ઉલટી કરી હશે. સમયે કહ્યું- અમિતાભ બચ્ચન સાથે 'સૂર્યવંશમ' થઈ ગયું હશે. જોકે, છેલ્લે તેણે એ પણ કહ્યું કે જે દિવસે વિવાદ થયો, તે તેની જિંદગીની સૌથી ખરાબ રાત હતી.'




કોમેડિયન સુનીલ પાલે જ્યારે સમય રૈનાની ટીકા કરી હતી, ત્યારે તેને જવાબ આપતા સમય રૈનાએ કહ્યું કે, 'બધા જ મને નિશાન બનાવવા આવી ગયા હતા - નેતાઓ, સેલિબ્રિટીઝ અને સુનીલ પાલ પણ. સુનીલ પાલે મને કપિલ શર્મા પાસેથી શીખવાની સલાહ આપી હતી. પણ મજેદાર વાત એ છે કે, કપિલ શર્મા પોતે મારા શોના ફેન છે.'જેમાં યુટ્યુબર્સ અપૂર્વ માખીજા, આશિષ ચંચલાની, રણવીર અલ્લાહબાદિયા અને અન્ય ઘણા લોકોનો સમાવેશ થતો હતો. એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે, શોમાં ખુલ્લેઆમ અશ્લીલ વાતો કહેવામાં આવી હતી, જે જાહેર પ્લેટફોર્મ પર ન થવી જોઈતી હતી. રણવીરના નિવેદનથી સોશિયલ મીડિયા પર ભારે ગુસ્સો ભડકી ઉઠ્યો. મામલો એટલો વધી ગયો કે સમય રૈનાને ગુવાહાટી ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ હાજર થવું પડ્યું હતું. કપિલ શર્મા પોતે મને મેસેજ કરીને કહેતા હતા કે - 'લવ યોર શો, બિગ ફેન ઓફ યોર શો'. તે પોતે મારા આગામી એપિસોડમાં આવવાના હતા. ત્યારે સુનીલ પાલ મને તેની પાસેથી શીખવાની શિખામણ આપી રહ્યા હતા. શું ટાઈમિંગ છે! જ્યારે મુકેશ ખન્નાએ સમય રૈનાના કન્ટેન્ટની બાળકો પર પડતી અસર વિશે સવાલ ઉઠાવ્યા, ત્યારે સમયે અત્યંત આક્રમક અંદાજમાં જવાબ આપ્યો હતો. તેણે જૂની ઘટનાઓને યાદ અપાવતા કહ્યું:

'શક્તિમાન કહેતો હતો કે આવા શો જોઈને બાળકોનું શું થશે? પણ જ્યારે શક્તિમાન આવતો હતો, ત્યારે દર મહિને સમાચાર આવતા હતા કે કોઈ બાળક શક્તિમાન સમજીને ધાબા પરથી કૂદી ગયું.' સમયે સીધો પ્રહાર કરતા કહ્યું, 'ભાઈ, તેં તો બાળકોના જીવ લીધા છે, તું શું બોલી રહ્યો છે?'

બી પ્રાકને પૂછ્યું- 'તને બોલાવ્યો કોણે?'

આ વિવાદમાં સિંગર બી પ્રાકે પણ ઝંપલાવ્યું હતું અને કહ્યું હતું કે તે હવે ક્યારેય આવા પોડકાસ્ટમાં નહીં જાય. તેના પર મજા લેતા સમયે કહ્યું કે:વિવાદ શરૂ થયો એની બે મિનિટમાં જ બી પ્રાક આવી ગયો. મને તેના ગીતો ગમતા હતા, પણ તેણે કહ્યું કે હું હવે ક્યારેય પોડકાસ્ટ પર નહીં આવું. ભાઈ, તને બોલાવ્યો કોણે હતો?

શોના અંતે, સમય રૈનાએ કોમેન્ટ કરી, 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' વિશે લોકો મને પૂછતા રહે છે: 'શું આ શો ક્યારેય પાછો આવશે?' મેં આ વિશે ઘણો વિચાર કર્યો છે - હું ભગવાનના સમ ખાઈને કહું છું. મને પ્રામાણિકપણે નથી લાગતું કે મારો શો આનાથી વધુ સારી રીતે સમાપ્ત થઈ શક્યો હોત. હું ફરી કહું છું- મને નથી લાગતું કે મારા શોની સીઝન 1 કદાચ આનાથી હાઈ પોઈન્ટ પર સમાપ્ત થઈ શકી હોત. હું શો પાછો લાવીશ, મિત્રો - કારણ કે મને તે કરવામાં ખરેખર આનંદ આવ્યો. હું ફક્ત એટલું જ ઈચ્છું છું કે... જ્યાં સુધી હું આ દુનિયામાં છું, ત્યાં સુધી, હું ફક્ત સારો સમય પસાર કરવા માંગુ છું. હું કંઈક એકદમ વાઈલ્ડ બનાવવા માંગુ છું.' સમય રૈના અને અન્ય કન્ટેન્ટ ક્રિએટર્સ પર ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ શોમાં અશ્લીલતા ફેલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જેમાં યુટ્યુબર્સ અપૂર્વ માખીજા, આશિષ ચંચલાની, રણવીર અલ્લાહબાદિયા અને અન્ય ઘણા લોકોનો સમાવેશ થતો હતો. એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે, શોમાં ખુલ્લેઆમ અશ્લીલ વાતો કહેવામાં આવી હતી, જે જાહેર પ્લેટફોર્મ પર ન થવી જોઈતી હતી. રણવીરના નિવેદનથી સોશિયલ મીડિયા પર ભારે ગુસ્સો ભડકી ઉઠ્યો. મામલો એટલો વધી ગયો કે સમય રૈનાને ગુવાહાટી ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ હાજર થવું પડ્યું હતું.

મજેદાર જવાબ આપતા કહ્યું- વધારે ન વિચારો, મેં ફિલ્મ તમારા બધા પહેલા જોઈ છે


# 'ધુરંધર-2' પર રિએક્શન ન આપવા બદલ ટ્રોલ થઈ દીપિકા પાદુકોણ



ફિલ્મ 'ધુરંધર-2' અને તેની સફળતા પર રિએક્શન ન આપવા બદલ દીપિકા પાદુકોણ ટ્રોલર્સના નિશાના પર આવી છે. ટ્રોલર્સે તો ત્યાં સુધી કહ્યું કે દીપિકા એક સપોર્ટિવ પત્ની નથી, કારણ કે તે રણવીરની ફિલ્મને ન તો પ્રમોટ કરી રહી છે અને ન તો તેની પ્રશંસા કરી રહી છે. જોકે, લાંબા સમય સુધી ચૂપ રહ્યા પછી હવે દીપિકાએ આના પર મજેદાર જવાબ આપ્યો છે. સોશિયલ મીડિયા પર એક ટ્રોલરે રીલના કમેન્ટ સેક્શનમાં સવાલ ઉઠાવ્યો છે કે "શું દીપિકાનું મૌન કોઈ મેસેજ છે કે પછી લોકો જરૂરિયાત કરતાં વધારે વિચારી રહ્યા છે?" આ કમેન્ટના જવાબમાં દીપિકા પાદુકોણે મજાક કરતા કહ્યું, "બીજો ઓપ્શન, માય ફ્રેન્ડ. P.S. મેં આ તમારા બધા પહેલા જ જોઈ લીધી હતી. હવે મજાક કોના પર છે?" જ્યાં કેટલાક લોકો દીપિકાને ટ્રોલ કરી રહ્યા છે, ત્યાં કેટલાક યુઝર્સ એવા પણ છે, જે એક્ટ્રેસના સપોર્ટમાં ઉતર્યા છે. એક યુઝરે ટ્રોલરને લખ્યું, શું તમે ભૂલી ગયા કે તે સાથે રહે છે. 'ધુરંધર 2' પહેલા ડિસેમ્બર 2025માં રિલીઝ થયેલી ધુરંધર માટે પણ દીપિકાને સવાલોના ઘેરામાં મૂકી દેવામાં આવી હતી. જોકે, ફિલ્મની સફળતા પછી એક્ટ્રેસે એક પબ્લિક ઈવેન્ટમાં માત્ર ફિલ્મની પ્રશંસા જ નહીં, પરંતુ આખી ટીમને અભિનંદન પણ આપ્યા હતા. લાંબા સમય પછી સુપરહિટ થયેલી આ ફિલ્મને આખી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો સપોર્ટ મળી રહ્યો છે. બધા કલાકારો ફિલ્મની પ્રશંસા કરી રહ્યા છે. તાજેતરમાં અનુષ્કા શર્મા, વિરાટ કોહલી, વિકી કૌશલ જેવા ઘણા સેલેબ્સે ફિલ્મ અને ડિરેક્ટર આદિત્ય ધરની પ્રશંસા કરી છે.19 માર્ચે રિલીઝ થયેલી ફિલ્મ ધુરંધર 2 એ અત્યાર સુધીમાં 1622 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે. આ બોલિવૂડની બીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. જ્યારે ભારતીય ફિલ્મોની વાત કરીએ તો તે ચોથા નંબર પર છે. ફિલ્મ 'ધુરંધર-2' અને તેની સફળતા પર રિએક્શન ન આપવા બદલ દીપિકા પાદુકોણ ટ્રોલર્સના નિશાના પર આવી છે. ટ્રોલર્સે તો ત્યાં સુધી કહ્યું કે દીપિકા એક સપોર્ટિવ પત્ની નથી, કારણ કે તે રણવીરની ફિલ્મને ન તો પ્રમોટ કરી રહી છે અને ન તો તેની પ્રશંસા કરી રહી છે. જોકે, લાંબા સમય સુધી ચૂપ રહ્યા પછી હવે દીપિકાએ આના પર મજેદાર જવાબ આપ્યો છે. સોશિયલ મીડિયા પર એક ટ્રોલરે રીલના કમેન્ટ સેક્શનમાં સવાલ ઉઠાવ્યો છે કે "શું દીપિકાનું મૌન કોઈ મેસેજ છે કે પછી લોકો જરૂરિયાત કરતાં વધારે વિચારી રહ્યા છે?" આ કમેન્ટના જવાબમાં દીપિકા પાદુકોણે મજાક કરતા કહ્યું, "બીજો ઓપ્શન, માય ફ્રેન્ડ. P.S. મેં આ તમારા બધા પહેલા જ જોઈ લીધી હતી. હવે મજાક કોના પર છે?" જ્યાં કેટલાક લોકો દીપિકાને ટ્રોલ કરી રહ્યા છે, ત્યાં કેટલાક યુઝર્સ એવા પણ છે, જે એક્ટ્રેસના સપોર્ટમાં ઉતર્યા છે. એક યુઝરે ટ્રોલરને લખ્યું, શું તમે ભૂલી ગયા કે તે સાથે રહે છે. 'ધુરંધર 2' પહેલા ડિસેમ્બર 2025માં રિલીઝ થયેલી ધુરંધર માટે પણ દીપિકાને સવાલોના ઘેરામાં મૂકી દેવામાં આવી હતી. જોકે, ફિલ્મની સફળતા પછી એક્ટ્રેસે એક પબ્લિક ઈવેન્ટમાં માત્ર ફિલ્મની પ્રશંસા જ નહીં, પરંતુ આખી ટીમને અભિનંદન પણ આપ્યા હતા. લાંબા સમય પછી સુપરહિટ થયેલી આ ફિલ્મને આખી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો સપોર્ટ મળી રહ્યો છે. બધા કલાકારો ફિલ્મની પ્રશંસા કરી રહ્યા છે. તાજેતરમાં અનુષ્કા શર્મા, વિરાટ કોહલી, વિકી કૌશલ જેવા ઘણા સેલેબ્સે ફિલ્મ અને ડિરેક્ટર આદિત્ય ધરની પ્રશંસા કરી છે.19 માર્ચે રિલીઝ થયેલી ફિલ્મ ધુરંધર 2 એ અત્યાર સુધીમાં 1622 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે. આ બોલિવૂડની બીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. જ્યારે ભારતીય ફિલ્મોની વાત કરીએ તો તે ચોથા નંબર પર છે.

ઉચ્ચ અપેક્ષાઓ સાથે શૂટિંગ શરૂ થયું

# 'તુમ્બાડ 2'નું મોશન પોસ્ટર રિવીલ:અંધકાર ભરેલી દુનિયામાં પ્રલય આવશે, મેકર્સે શૂટિંગના શ્રીગણેશ કર્યા





કલ્ટ હોરર ફિલ્મ 'તુમ્બાડ'ની બહુપ્રતિક્ષિત સિક્વલ આખરે ગતિ પકડી રહી છે. 'તુમ્બાડ 2'ના મેકર્સે એક રસપ્રદ મોશન પોસ્ટર રિવીલ કર્યું છે અને ફિલ્મનું શૂટિંગ શરૂ થવાની સત્તાવાર જાહેરાત કરી છે. આ જાહેરાતે ચાહકોમાં તરત જ ઉત્સાહ જગાવ્યો છે, જેઓ ભયાનક અને વિઝ્યુઅલ્સથી સમૃદ્ધ મૂળ ફિલ્મની સિક્વલની રાહ જોઈ રહ્યા હતા.

નવું રિલીઝ થયેલું મોશન પોસ્ટર 'તુમ્બાડ 2'ની ભયાનક દુનિયાની ઝલક આપે છે. પૂર્તિ કી દેવીની મૂર્તિ દર્શાવતું, તે પ્રથમ ફિલ્મનો અંધકારમય અને પૌરાણિક સ્વર આગળ ધપાવે છે. જે બાબત ધ્યાન ખેંચે છે, તે છે ભયાનક પંક્તિ 'પ્રલય આયેગા' (પ્રલય આવશે), જે આ વખતે વધુ મોટા અને તીવ્ર કથાનું સૂચન કરે છે.

વિઝ્યુઅલ્સ વધુ પડતું જાહેર કરવાને બદલે જિજ્ઞાસા જગાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે, જે ફ્રેન્ચાઈઝની રહસ્યમય વાર્તા કહેવાની શૈલીને વફાદાર રહે છે. પોસ્ટરે દર્શકોને આગળ શું છે તે વિશે પહેલેથી જ ઉત્સુક કરી દીધા છે. પોસ્ટર લોન્ચની સાથે, પ્રોડ્યુસર્સે મુહૂર્ત સમારોહ સાથે શૂટ શરૂ કર્યું છે. આ સિક્વલનું ડિરેક્શન આદેશ પ્રસાદ કરી રહ્યા છે અને એક્ટર-પ્રોડ્યુસર સોહમ શાહ તેમના બેનર હેઠળ તેનું નેતૃત્વ કરી રહ્યા છે. પેન સ્ટુડિયો દ્વારા સમર્થિત, આ ફિલ્મ મૂળ કરતાં ઘણા મોટા પાયે બનાવવામાં આવે તેવી અપેક્ષા છે. અહેવાલો એક વ્યાપક શૂટ શેડ્યૂલ સૂચવે છે, જે દર્શાવે છે કે નિર્માતાઓ એક ભવ્ય સિનેમેટિક અનુભવનું લક્ષ્ય રાખી રહ્યા છે. સોહમ શાહ, જેમણે પ્રથમ ભાગમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, તેઓ વાર્તાને આગળ વધારવા પાછા ફર્યા છે. નવાઝુદ્દીન સિદ્દીકી પ્રોજેક્ટમાં જોડાવાના અહેવાલો સાથે સિક્વલે પણ ચર્ચા જગાવી છે, જે કથામાં વધુ ઊંડાણ અને રહસ્ય ઉમેરે છે. મૂળ 'તુમ્બાડ'એ લોકકથા, હોરર અને લોભ-આધારિત વાર્તા કહેવાના તેના અનન્ય મિશ્રણ માટે વર્ષોથી કલ્ટ સ્ટેટસ મેળવ્યું છે. સિક્વલ સાથે, અપેક્ષાઓ સ્વાભાવિક રીતે ઘણી વધારે છે. ભૂતિયા પોસ્ટરથી લઈને મહત્વાકાંક્ષી સ્કેલ સુધી, 'તુમ્બાડ 2' મૂળના ભયાનક બ્રહ્માંડને વિસ્તૃત કરવાનું વચન આપે છે. મેકર્સની દૃષ્ટિની સમૃદ્ધ અને ભાવનાત્મક રીતે તીવ્ર વાર્તા રજૂ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરતા જણાય છે, જે ફક્ત હોરરથી આગળ વધે છે. જો મોશન પોસ્ટર પરથી કંઈપણ અનુમાન લગાવી શકાય, તો સિક્વલ પૌરાણિક કથા અને માનવીય લોભમાં ઊંડા ઉતરવા માટે તૈયાર છે, જે તેને હોરર શૈલીની સૌથી અપેક્ષિત ફિલ્મોમાંની એક બનાવે છે.

50 દીકરીઓના શિક્ષણની જવાબદારી ઉઠાવી

# 'ટટીરી' ગીત વિવાદમાં બાદશાહે માફી માંગી:મહિલા આયોગ સમક્ષ હાજર થયો



બોલિવૂડ સિંગર અને રેપર બાદશાહે 'ટટીરી' ગીત પર ચાલી રહેલા વિવાદમાં રાષ્ટ્રીય મહિલા આયોગ સમક્ષ હાજર થઈને માફી માંગી લીધી છે. મંગળવારે દિલ્હીમાં આયોગ સમક્ષ સિંગર ઉપરાંત ડિરેક્ટર જોબન સંધુ, મહાવીર સિંહની સાથે પ્રોડ્યુસર હિતેન હાજર થયા.સુનાવણીની અધ્યક્ષતા આયોગના અધ્યક્ષા વિજયા રહાટકર દ્વારા કરવામાં આવી. આયોગે ગીતના શબ્દો અને પ્રસ્તુતિને મહિલાઓની ગરિમા વિરુદ્ધ ગણાવીને નારાજગી વ્યક્ત કરી. સુનાવણી દરમિયાન તમામ પક્ષોએ બિનશરતી માફી માંગી અને ભવિષ્યમાં આવી ભૂલ ન પુનરાવર્તિત કરવાનું આશ્વાસન આપ્યું. બાદશાહે મહિલા સશક્તિકરણ માટે કામ કરવા, 4 મહિનાની અંદર એક પોઝિટિવ ગીત બનાવવાનું અને આર્થિક રીતે નબળી 50 બાળકીઓના શિક્ષણનો ખર્ચ ઉઠાવવાનું વચન આપ્યું.એક માર્ચના રોજ રિલીઝ થયું, 3 FIR નોંધાઈ : બાદશાહનું 'ટટીરી' ગીત 1 માર્ચના રોજ રિલીઝ થયું હતું. ગીત રિલીઝ થતાં જ બાદશાહના લિરિક્સ અને વિદ્યાર્થિનીઓના સીનને લઈને ઘણા સામાજિક સંગઠનોએ વાંધો ઉઠાવ્યો હતો. ત્યારબાદ પંચકુલા પોલીસે આ ગીતને યુટ્યુબ પરથી હટાવી દીધું હતું. જીંદમાં 2 અને પંચકુલામાં એક FIR નોંધાઈ હતી. મહિલાઓનું અપમાન, પરવાનગી વગર શૂટિંગનો લાગ્યો હતો આરોપ: ગીતમાં અશ્લીલ શબ્દોનો ઉપયોગ કરવા બદલ ઘણા સામાજિક સંગઠનોએ તેનો વિરોધ કર્યો હતો. આ ઉપરાંત, ગીતમાં જીંદ રોડવેઝની બસ અને નરવાનાના સચ્ચા ખેડા ગામની સરકારી શાળાનો સીન બતાવવામાં આવ્યો હતો. વિભાગનો આરોપ હતો કે આ માટે કોઈ સત્તાવાર પરવાનગી લેવામાં આવી ન હતી. વીડિયોમાં સ્કૂલ ડ્રેસ પહેરેલી વિદ્યાર્થિનીઓ સ્કૂલ બેગ ફેંકતી બતાવવામાં આવી હતી.આયોગ સમક્ષ હાજર ન થવા પર ધરપકડના આદેશ : આ પછી હરિયાણા મહિલા આયોગે આ મામલાની સ્વતઃ સંજ્ઞાન લીધી હતી. 13 માર્ચે હરિયાણા મહિલા આયોગના અધ્યક્ષે સિંગરને પાણીપતમાં પોતાનો પક્ષ રજૂ કરવા માટે બોલાવ્યા હતા. તેમના વકીલોએ દલીલ કરી હતી કે બાદશાહ સુરક્ષા કારણો અને પ્રોફેશનલ પ્રતિબદ્ધતાને કારણે હાજર રહી શક્યા ન હતા. આ પછી ચેરપર્સન રેણુ ભાટિયાએ પંચકુલા અને પાણીપત SPને બાદશાહની ધરપકડ અને પાસપોર્ટ જપ્ત કરવાના નિર્દેશ આપ્યા હતા.સિંગરે પંચકુલા પોલીસ સ્ટેશનમાં હાજર થઈને પોતાનો પક્ષ રજૂ કર્યો હતો.

સિને એસોસિએશને કટાક્ષને અપમાન ગણાવ્યું

# સલમાન બાદ મીકા સિંહ પણ રાજપાલના સમર્થનમાં ઉતર્યો:કહ્યું- 'કોઈના ખરાબ સમયની મજાક ઉડાવવી ખોટું છે'



એક્ટર રાજપાલ યાદવનો 'સ્ક્રીન એવોર્ડ્સ 2026' દરમિયાન મજાક ઉડાવવાનો મામલો હવે ઝડપથી ગરમાઈ રહ્યો છે. સલમાન ખાન પછી હવે સિંગર મીકા સિંહે પણ રાજપાલ યાદવને ખુલ્લો ટેકો આપ્યો છે.તેણે એવોર્ડ શોના મંચ પર રાજપાલના દેવા અને તેના અંગત જીવન વિશે કરવામાં આવેલી ટિપ્પણી પર નારાજગી વ્યક્ત કરી છે. સલમાન ખાને પણ અગાઉ કહ્યું હતું કે, રાજપાલ 30 વર્ષથી કામ કરી રહ્યા છે અને તે ઈન્ડસ્ટ્રી માટે એક 'મૂલ્ય' લાવે છે.ખરેખર, એવોર્ડ સેરેમનીમાં રાજપાલ યાદવે ડોલરના ભાવ વધવા પર વાત કરી હતી, તે સમયે એવોર્ડ હોસ્ટ કરી રહેલા પત્રકાર સૌરભ દ્વિવેદીએ રાજપાલ યાદવના ચેક બાઉન્સ કેસ પર કટાક્ષ કર્યો અને કહ્યું કે ડોલરના ભાવ વધે કે ઘટે, તેમણે જેટલી ઉધાર લીધી છે, તેટલી ચૂકવવી જ પડશે. સિંગર મીકા સિંહે કહ્યું કે, 'સ્ક્રીન એવોર્ડ્સ એક સન્માનિત મંચ છે અને ત્યાં કોઈના અંગત જીવનનું અપમાન ન થવું જોઈએ. હું રાજપાલ યાદવજીની સાથે છું. જ્યારે પણ આપણા મનપસંદ કલાકારો મુશ્કેલ સમયનો સામનો કરે છે, હું તેમની સાથે રહીશ. કોઈપણ મંચ પર સન્માન અને ગરિમા સૌથી પહેલા આવવી જોઈએ.'વળી, ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશન (AICWA) એ પણ એક સત્તાવાર નિવેદન જાહેર કરીને આ ઘટનાની નિંદા કરી છે. એસોસિએશને કહ્યું કે, રાજપાલ યાદવ એક સન્માનિત કલાકાર છે અને સાર્વજનિક મંચ પર તેમની સાથે આવું વર્તન અસ્વીકાર્ય છે.નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, 'એવોર્ડ શોમાં એમ કહેવું કે 'ડોલર-રૂપિયામાં ભલે ઉતાર-ચઢાવ આવે, તમારે દેવું તો ચૂકવવું જ પડશે' એ કોમેડી નહીં પણ અપમાન છે. દરેક વ્યક્તિનું પોતાનું ગૌરવ હોય છે.' AICWA એ પોતાના નિવેદનમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીના દિગ્ગજોનું ઉદાહરણ આપતા કહ્યું કે, દરેક કલાકારના જીવનમાં ઉતાર-ચઢાવ આવે છે. એસોસિએશને કહ્યું, 'સદીના મહાનાયક અમિતાભ બચ્ચન સહિત ઘણા મોટા સિતારાઓએ મુશ્કેલ સમય જોયો છે, પરંતુ તેમનું સન્માન ક્યારેય ઓછું થયું નથી.' 'રાજપાલ યાદવે પોતાની એક્ટિંગથી વર્ષો સુધી દેશને હસાવ્યો છે. આજે જો તેઓ મુશ્કેલીમાં છે, તો તેમનો સાથ આપવાને બદલે મજાક ઉડાવવી ખોટું છે.'સૌરભના કટાક્ષ પર રાજપાલ યાદવ અસ્વસ્થ દેખાયા.5 એપ્રિલે મુંબઈમાં સ્ક્રીન એવોર્ડ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. પત્રકાર સૌરભ દ્વિવેદી અને કોમેડિયન ઝાકિર ખાને એવોર્ડનો એક ભાગ હોસ્ટ કર્યો હતો. આ દરમિયાન રાજપાલ યાદવ સાથે વાત કરતી વખતે સૌરભ દ્વિવેદીએ તેમના ચેક બાઉન્સ કેસની મજાક ઉડાવી હતી. રાજપાલ યાદવ માઈક પર ડોલરના ભાવ વધવા-ઘટવા અને યુવાનો પર નિવેદન આપી રહ્યા હતા.